MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૧૦-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 હોટસ્પોટ વિસ્તારોમાં જાતે જ સાજા થઈ ગયા હજારો સંક્રમિત લોકોઃ સર્વે

5 આર્થિક સહાય-પેકેજની અનેક જાહેરાતો છતાં દેશમાં આંધળા પાટાપાટાની સ્થિતિ કેમ....?

8 કોરોના કેસો ઘટાડવા તંત્રએ ટેસ્ટિંગ ઓછા કરી લોકો સાથે રમી ગંદી રમતઃ ચાવડા

12 દેડીયાપાડા બેન્ક ઓફ બરોડા બહાર ગ્રાહકો માટે બાંધેલો મંડપ કાઢી નંખાતા ગરમીમાં ગ્રાહકોની દયનીય હાલત

હવે ખતરો વધ્યોઃ છેલ્લાં ૨૪ કલાકમાં પ્રતિ કલાકે ૪૧૬ કેસો નોંધાયા

દેશમાં કોરોના કેસ ૨.૬૭ લાખને પારઃ એક દિવસમાં સૌથી વધુ ૩૩૧ના મોત

રાજધાની દિલ્હીમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરનાક તબક્કો શરૂ થયાનો સ્વાસ્થ્ય મંત્રીનો દાવો

કુલ મૃત્યઆંક ૭,૪૬૬ પર પહોંચ્યો, ૧,૨૯,૨૧૪થી વધારે લોકો સાજા થયા, ભારતમાં સતત સાતમા દિવસે ૧૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસ એટલે કે કોવિડ-૧૯ મામલે ભારત વિશ્વના સૌથી વધુ સંક્રમિત દેશોની યાદીમાં ૫માં ક્રમે પહોંચી ગયું છે. અનલોક-૧ના બીજા તબક્કામાં લગભગ તમામ વાણિજયિક એકમો ખુલી ગયા છે ત્યારે તેની સાથે કેસોની સંખ્યા પણ ઘટવાને બદલે વધી રહી હોય તેમ સતત છઠ્ઠા દિવસે પણ કેસોની સંખ્યા ૯ હજારની ઉપર આવ્યાં છે. આજે મંગળવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯,૯૮૭ કોરોના કેસ બહાર આવ્યાં તો આ જ સમયગાળામાં વધુ ૩૩૧ દર્દીઓના મોત નિજ્યા છે. મૃત્યઆંકનો છેલ્લાં ૨૪ કલાકનો આ આંકડો અત્યારસુધીનો સૌથી ઉંચો આંકડો છે.. દેશમાં પ્રથમ વખત એક જ દિવસમાં ૩૦૦થી વધારે મોત અને સતત છઠ્ઠા દિવસે ૧૦,૦૦૦ની આસપાસ કેસ આવ્યા છે.

તે સાથે જ ભારતમાં કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૬૬,૫૯૮ પર અને કુલ મૃત્યઆંક ૭,૪૬૬ પર પહોંચી ગયો છે.. તેની સાથે અત્યારસુધીમાં ૧,૨૯,૨૧૪ લોકો સાજા થયા અને હજુ ૧,૨૯,૯૧૭ કેસ સક્રિય છે. રોજેરોજ ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે. જેમાં પણ દિલ્હીની આપ સરકારે તો દિલ્હીમાં આવનાર સમયમાં હજારોની સંખ્યામાં કેસો વધવાની ભીતિ દર્શાવી છે. ત્યારે પરિસ્થિતિ હજુ ગંભીર બનવાની શક્યતા જોવામાં આવી રહી છે.

સૂત્રોએ વધુ વિગતો આપતાં કહ્યું કે, દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા મંગળવારે સવારે ૨ લાખ ૬૫ હજારને પાર થઈ ગઈ છે. વીતેલા ૨૪ કલાકમાં ૯,૯૮૭ નવા કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બહાર પડાયેલા આંકડા મુજબ, દેશમાં અત્યારે ૨,૬૬,૫૯૫ કોરોનગ્રસ્ત દર્દીઓ છે. આ ઉપરાંત ૭૪૬૬ દર્દીઓના કોરોનાને કારણે મોત થઈ ગયા છે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૬૭ હજાર ૨૩૮ થઈ ગઈ છે.

આ સાથે જ બીજી તરફ મંગળવાર સવારે દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને જણાવ્યું કે, રાજધાની દિલ્હીમાં કોરોના સંક્રમણનો સૌથી ખતરનાક તબક્કો કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયુ છે. અડધાથી વધારે કેસ આ પ્રકારના સામે આવ્યા છે. કોમ્યુનિટી ટ્રાન્સમિશન ત્યારે થાય છે જ્યારે સંક્રમણના સોર્સ અંગે ખબર ન પડે. તેમણે એમ પણ કહ્યું કે, આપણે આવું ત્યારે જ કહી શકીએ, જ્યારે કેન્દ્ર આ અંગેની જાહેરાત કરે.હવે મહારાષ્ટ્રમાં પણ કોરોના દર્દીઓનો આંકડો ૮૮ હજારની પાર પહોંચી ગયો છે. અને ૩,૧૬૯ લોકોના મોત થયા છે. તો બીજી તરફ ૩૩,૨૨૯ દર્દીઓ સાથે તમિલનાડુ બીજા ક્રમે છે જ્યાં ૨૮૯ લોકોના મોત થયા છે.

તો બીજી બાજું મુંબઈમાં સંક્રમિતોનો આંકડો ૫૦ હજારને પાર પહોંચી ગયો છે, શહેરમાં ૧૭૦૨ લોકોના મોત થયા છે. જ્યારે રાજ્યમાં ૮૮ હજાર ૫૨૮ સંક્રમિત મળ્યા છે, જેમાંથી ૪૦ હજારથી વધુ સાજા થઈ ચુક્યા છે. મુંબઈમાં દરરોજ જેટલા લોકો પોઝિટિવ મળી રહ્યા છે, તેમની સરખામણીમાં સાજા થનારા લોકોની ટકાવારી વધી રહી

અનુસંધાન પાના નં. ૬

ગૃહમંત્રીએ બંગાળમાં વર્ચ્યુઅલ રેલી યોજી મમતા સરકાર પર પ્રહાર કર્યા

તમે રેલી, રોડ રોકી શકો છો, પરંતુ રાજ્યમાં પરિવર્તનને નહીં રોકી શકોઃ અમિત શાહ

● 'કોરોના એક્સપ્રેસ' મમતા બેનરજીને બંગાળમાંથી બહાર કરી નાખશે,આતંકવાદ પ્રત્યે મોદી સરકાર ઝીરો ટોલરન્સની નીતિ પર સફળ થઈ,ભાજપ બંગાળને સોનાર બાંગ્લા બનાવવા માંગે છે,૬ વર્ષમાં ગરીબોના બેંકમાં ખાતા ખોલ્યા છે

● રાજ્યમાં પરિવર્તન લાવવા માટે પાંચ વર્ષમાં ૧૦૦થી વધુ કાર્યકર્તાઓએ પ્રાણની આહુતિ આપી છે, તેમનું બલિદાન એળે નહિ જાય

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે બંગાળમાં પહેલી વર્ચ્યુઅલ રેલીની શરૂઆતમાં બંગાળની પવિત્ર ભૂમિને પ્રણામ કરતા કહ્યું કે કોરોનાથી જીવ ગુમાવનારાઓના આત્માને શાંતિ મળે. તેમણે કહ્યું કે કોરોનાકાળમાં જનસંવાદનો રસ્તો શોધ્યો છે. બંગાળમાં ભાજપ કાર્યકરોનું બલિદાન ભાજપના નિર્માણમાં મહત્વનું છે. રાજકારણમાં હિંસાને કોઈ સ્થાન નથી. આ રેલી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી દિલ્હીથી જ કરવામાં આવી રહી છે. રાજકીય રીતે જોવા જઈએ તો પશ્ચિમ બંગાળ ભાજપ માટે ખુબ મહત્વનું છે. પાર્ટી એ લોકસભા ચૂંટણીમાં જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ હવે નજર આગામી વિધાનસભા ચૂંટણી પર છે. અમિત શાહે કહ્યું કે બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં ૪૨ બેઠકોમાંથી ૧૮ બેઠકો ભાજપે જીતી હતી. તે તેમના માટે સૌથી વધુ મહત્વપૂર્ણ છે. પોતાના સંબોધનમાં શાહે કહ્યું કે ભાજપ બંગાળને સોનાર બાંગ્લા બનાવવા માંગે છે. ભાજપ સંસ્કારી બંગાળ બનાવવા માંગે છે. બંગાળની જનતાને પીએમ મોદીનું સમર્થન છે. ૬ વર્ષમાં ગરીબોના બેંકમાં ખાતા

અનુસંધાન પાના નં. ૬

લદાખમાં ભારત અને ચીન વચ્ચે તણાવની સ્થિતિ જારી

ચીની સૈનિકોએ ત્રણ વિસ્તારમાંથી બેથી અઢી કિમી પીછેહઠ કરી

બન્ને દેશોની વચ્ચે આ મુદ્દે વાતચીત પહેલાં ચીનના પગલાં બાદ ભારતે પણ તેના લશ્કરને ખસેડી લીધુ : ચાલુ સપ્તાહે વાતચીત પહેલા સારા એંધાણ

નવી દિલ્હી

લદ્દાખમાં ચીન સાથે ચાલી રહેલી મડાગાંઠની વચ્ચે વાસ્તવિક અંકુશ રેખા (એલએસી) બાજુથી આવતા સારા સમાચાર સાથે રાજકીય ગતિવિધિએ વેગ પકડ્યો છે. ભારત અને ચીનના સૈનિકો પૂર્વ લદ્દાખના ત્રણ જુદા જુદા પ્રદેશોમાંથી પોતપોતાના ક્ષેત્રમાં પાછા વળ્યા છે. આ અઠવાડિયે યોજાનારી સૈન્યની વાતચીત પહેલા બંને દેશોની આ પહેલથી એક મહિના કરતા વધુ સમયથી ચાલુ રહેલા તણાવને સમાપ્ત કરવાની આશાઓ ઊભી થઈ છે. ભારતીય અને ચીન સૈન્યની બેઠક આ અઠવાડિયે લદ્દાખના કેટલાક જુદા જુદા સ્થળોએ મળવાની છે, જેમાં પેટ્રોલિંગ પોઈન્ટ ૧૪ (ગાલવાન વિસ્તાર), પેટ્રોલ પોઈન્ટ ૧૫ અને હોટ સ્પ્રિંગ્સ ક્ષેત્રનો સમાવેશ થાય છે. સરકારના ટોચના સૂત્રોએ આ માહિતી આપી છે. તેમણે કહ્યું હતું કે ચીનની સેનાએ ગાલવાન વેલી, પેટ્રોલિંગ પોઈન્ટ -૧૫ અને હોટ સ્પ્રિંગ્સ એરિયાથી ૨-૨.૫ કિ.મી. પીછે હઠ કરી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ૬ જૂને લેફ્ટનન્ટ જનરલ કક્ષાની વાટાઘાટો અને આગામી બેઠકોની આ અસર છે. સૂત્રોએ જણાવ્યું કે ચીન લશ્કરે પહેલાં પોતાના પગલા પાછા ખેંચ્યા હતા, ત્યારે ભારતીય સેનાએ પણ તે વિસ્તારોમાંથી તેના કેટલાક સૈનિકો અને વાહનો પાછો ખેંચી લીધાં હતાં. તેમના કહેવા મુજબ, તણાવના આ મુદ્દા પર બટાલિયન કમાન્ડર-સ્તરની વાટાઘાટો બંને તરફથી થઈ રહી છે. વરિષ્ઠ અધિકારીઓને મદદ કરી રહેલા ચીન સાથે વાતચીત કરવા ભારતીય સૈનિકો પહેલાથી જ ચુસુલમાં હાજર

અનુસંધાન પાના નં. ૬

દિલ્હીના ડે.મુખ્યમંત્રી સિસોદિયાની ડરામણી ભવિષ્યવાણી

દિલ્હીમાં જુલાઈના અંત સુધી કોરોનાના કેસો ૫ લાખની પાર જશે

બેડ પડશે ઓછા, ઉપરાજ્યપાલે નિર્ણય પર ફરી વિચાર કરવાની પાડી દીધી ના, કેન્દ્ર સરકારે કહ્યું કમ્યુનિટી સ્પ્રેડ નથીઃ સિસોદિયા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની ઝપટમાં બહુ ખરાબ રીતે ફસાયેલા દિલ્હીની ભવિષ્યની તસવીર વધુ ભયાનક થવાની છે. દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના મતે દિલ્હીમાં ૩૧ જુલાઈ સુધીમાં સાડા પાંચ લાખ કેસ થઈ શકે છે.

સિસોદિયાએ એમ પણ કહ્યું કે કેન્દ્ર સરકાર માને છે કે હાલ દિલ્હીમાં કમ્યુનિટી સ્પ્રેડ થઈ રહ્યું નથી. જ્યારે દિલ્હી સરકારને લાગે છે કે તે શરૂ થઈ ગયું છે. સિસોદિયાએ આ વાત એસડીએમએ (સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી)ની બેઠક બાદ કહી. તેમાં રાજ્યપાલ અનિલ બૈજલ પણ સામેલ હતા.

મનીષ સિસોદિયાએ કહ્યું કે ૧૫મી જૂન સુધીમાં દિલ્હીમાં કોરોનાના કુલ કેસ ૪૪૦૦૦ સુધી પહોંચી શકે છે. આંકડા ૩૦ જૂન સુધી એક લાખ સુધી પહોંચી શકે છે. તો ૧૫મી જુલાઈ સુધીમાં કોરોનાના કેસ સવા લાખ થશે. જુલાઈ સુધીમાં દર્દીઓની સંખ્યા સાડા પાંચ લાખ સુધી પહોંચી શકે છે.

મનીષ સોસોદિયાએ કહ્યું કે દિલ્હી સરકારે જે દિલ્હીમાં માત્ર દિલ્હીના લોકોની સારવારનો નિર્ણય લીધો હતો તેને પલ્ટયો તે યોગ્ય નથી. તેનાથી દિલ્હીવાળાઓ માટે સંકટ પેદા થઈ ગયું છે. સિસોદિયાએ કહ્યું કે મીટિંગમાં

અનુસંધાન પાના નં. ૬

કોરોના વાયરસની દુનિયાની અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડશે

બીજા વિશ્વ યુદ્ધ પછીની સૌથી ભયંકર મંદી, કરોડો લોકો ગરીબીમાં ધકેલાશેઃ વર્લ્ડ બેંક

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની અસર દુનિયાની અર્થવ્યવસ્થા પર ખૂબ ખરાબ પડવાની છે. વર્લ્ડ બેંકએ પોતાના નવા રિપોર્ટ ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટમાં તેને લઈને ચિંતા વ્યક્ત કરી છે. વર્લ્ડ બેંકના પ્રેસિડન્ટ ડેવિડ મલપાસ અનુસાર ૧૮૭૦ બાદ આ પહેલો પ્રસંગ હશે, જ્યારે મહામારીના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મંદી આવશે. આ વાત તેમણે તેમની ભૂમિકામાં કહી છે. નોંધનીય છે કે, વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ૧૮૭૦ બાદ અત્યાર સુધી ૧૪ વાર મંદી આવી છે. આ મંદી ૧૮૭૬, ૧૮૮૫, ૧૯૪૩, ૧૯૦૮, ૧૯૧૪, ૧૯૧૭-૨૧, ૧૯૩૦-૩૨, ૧૯૩૮, ૧૯૪૫-૪૬, ૧૯૭૫, ૧૯૮૨, ૧૯૯૧, ૨૦૦૯ અને ૨૦૨૦માં આવી છે.

વર્લ્ડ બેંક ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રતિ વ્યક્તિ આવકમાં ૩.૬ ટકા ઘટાડો થવાની આશંકા છે. તેના કારણે આ વર્ષે કરોડો લોકો ભીષણ ગરીબીમાં ફસાઈ જશે. જે દેશોમાં મહામારીનો સૌથી વધુ પ્રસાર થશે અને ત્યાંની અર્થવ્યવસ્થા વૈશ્વિક વેપાર,

અનુસંધાન પાના નં. ૬

૧૫ દિવસમાં તમામ પ્રવાસી શ્રમિકોને ઘરે મોકલવામાં આવેઃ સુપ્રિમનો આદેશ

પ્રવાસી શ્રમિકો સામે નોંધવામાં આવેલા લૉકડાઉન ઉલ્લંઘનના કેસ પરત લેવામાં આવેઃ કોર્ટ

ન્યુ દિલ્હી

પ્રવાસી મજૂરના મામલે સુપ્રીમ કોર્ટે મંગળવારે પોતાનો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યુ કે તમામ મજૂરોનુ રજિસ્ટ્રેશન કરવામાં આવે અને આજથી ૧૫ દિવસની અંદર મજૂરોને તેમના ઘરે મોકલવામાં આવે. કોર્ટે કહ્યુ કે ટ્રેનની માગના ૨૪ કલાકની અંદર કેન્દ્ર સરકાર તરફથી વધારે ટ્રેન આપવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે રાજય સરકારોને કહ્યુ કે પ્રવાસી મજૂરો માટે કાઉન્સલિંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવે. તેમનો ડેટા એકત્ર કરવામાં આવે, જે ગામ સ્તરે અને બ્લોક સ્તરે થાય. આ સાથે જ તેમની સ્કિલની મેપિંગ કરવામાં આવે. જેનાથી રોજગાર આપવામાં મદદ મળે. જે મજૂર પાછા કામ પર પાછા આવવા ઈચ્છે છે તેમને રાજય સરકાર મદદ કરે.

પોતાના આદેશમાં સુપ્રીમ કોર્ટે કહ્યુ કે માઈગ્રેશન દરમિયાન મજૂરો પર નોંધાયેલા લોકડાઉન ઉલ્લંઘનના કેસ પાછા લેવામાં આવે. તમામ મજૂરોનુ રજિસ્ટ્રેશન કરવામાં આવે અને જે મજૂર ઘરે જવા ઈચ્છે છે તેમને ૧૫ દિવસની અંદર ઘરે મોકલવામાં આવે. જો રાજય સરકાર વધારે ટ્રેનની માગ કરે છે તો કેન્દ્ર સરકાર ૨૪ કલાકની અંદર માગ પૂરી કરે.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે રાજય અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે મજૂરોને રોજગાર આપવા માટે સ્કીમ બનાવવાનો આદેશ આપ્યો છે. આ વિશે પ્રદેશોને સુપ્રીમ કોર્ટને જાણકારી આપવી પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે મજૂરોને તમામ સ્કીમનો લાભ આપવામાં આવે અને સ્કીમ વિશે જણાવવામાં પણ આવે.

જુલાઈમાં ડિલિવરી થવાની હતી પરંતુ કોરોનાના કારણે વિલંબ થયો

વડાપ્રધાન અને અન્ય મહાનુભવો માટે બનેલા વિશેષ વિમાનો સપ્ટેમ્બરમાં મળશે

ન્યુ દિલ્હી

વડા પ્રધાન મોદી અને અન્ય મહાનુભવોની મુસાફરી માટે ઉપયોગમાં લેનારા કસ્ટમ મેડ બે બોઈંગ ૭૭૭ વિમાનો એર ઈન્ડિયાને સપ્ટેમ્બર સુધીમાં મળી જશે, એમ એર ઈન્ડિયાના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું. ગયા વર્ષે ઓકટોબરમાં સરકારી અધિકારીઓએ કહ્યું હતું કે માત્ર મહાનુભવો માટે ના જ ખાસ બે વિમાનોની ડીલીવરી જુલાઇ સુધીમાં કરી દેવાશે.

'ડીલીવરીમાં થોડો વિલંબ થયો છે, ખાસ તો કોવિડ-૧૯ના કારણે. પરંતુ હવે સપ્ટેમ્બરના અંત સુધીમાં આપણને બે વિમાનો મળી જશે'એમ આજે એક અધિકારીએ કહ્યું હતું.બી-૭૭૭ વિમાનોને એર ઈન્ડિયાના પાયલોટ નહીં પણ એરફોર્સના પાયલોટ ઉડાડશે. જો કે તેની જાળવણી તો એર ઈન્ડિયા એન્જીનીયરિંગ સર્વિસીસ લિ. દ્વારા જ કરાશે જે સરકારી વિમાન કંપનીના પેટા કંપની છે.

હાલમાં વડા પ્રધાન, રાષ્ટ્રપતિ અને ઉપ-રાષ્ટ્રપતિ એર ઈન્ડિયા વન તરીકે ઓળખાતા વિમાનમાં જ ઉડે છે. મહાનુભવો માટે એર ઈન્ડિયાના પાયલોટ બી ૭૪૭ વિમાનો ઉડાડે છે અને તેની મરામત પણ એર ઈન્ડિયાના એક વિભાગ દ્વારા જ કરાય છે. જયારે આ વિમાનો કોઈ મહાનુભવોને લઈને નથી જતા ત્યારે સામાન્ય મુસાફરો માટે આ વિમાનો વપરાય છે.

નવા ખાસ વિમાનો માત્ર વીઆઈપી માટે જ ઉપયોગમાં લેવાશે. એર ઈન્ડિયાએ ૨૦૧૮માં ખરીદેવા કોમર્શિયલ એર કાફ્ટમાં આ બે વિમાનોનો પણ સમાવેશ થતો હતો, પરંતુ ત્યાર પછી તેમને ખાસ મહાનુભવો માટે જ બનાવવા અને રિફિટિંગ માટે પાછા મોકલવામાં આવ્યા હતા.

કોરોના વાયરસથી વૈશ્વિક સ્તરે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છેઃ ડબલ્યુએચઓ

જિનિવા

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ના પ્રમુખે ફરી ચેતવણી આપી છે કે કોરોના વાયરસ મહામારીની સ્થિતિ વૈશ્વિક સ્તરે વધુ બગડી રહી છે. બીજી બાજુ યુરોપમાં સ્થિતિમાં સુધારો આવી રહ્યો છે.

એક પત્રકાર પરિષદ દરમિયાન પ્રમુખ ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે જણાવ્યું કે રવિવારે આવેલા ૭૫ ટકા કેસ અમેરિકા અને દક્ષિણી એશિયાના ૧૦ દેશોમાંથી આવ્યા હતા. પાછલા દસ દિવસોમાં નવ દેશોમાંથી એક લાખથી વધુ કેસ સામે આવી ચૂકયા છે. રવિવારે ૧,૩,૫,૦૦૦ કેસ સામે આવ્યા છે અત્યાર સુધીના સૌથી વધુ છે. ટ્રેડ્રોસે કહ્યું કે આફ્રિકાના અનેક દેશોમાં વાયરસના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ત્યાં સુધી કે અનેક દેશોમાં કેસ એક હજારથી ઓછા છે આમ છતાં ત્યાં સંખ્યા વધતી જઈ રહી છે.

ડબલ્યુએચઓએ કહ્યું કે આ દરમિયાન દુનિયાના અનેક દેશોમાં કોરોના વાયરસના કેસમાં સકારાત્મક સંકેતો પણ જોવા મળ્યા છે.

વિશ્વ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક મોટા નિષ્ણાતે કહ્યું કે ભારતમાં હજુ કોરોના વિસ્ફોટ થયો નથી પરંતુ આવું થવાનો ખતરો જરૂર તોળાઈ રહ્યો છે. માર્ચમાં લાગુ કરાયેલા લોકડાઉનને ખતમ કરવામાં આવી રહ્યું છે તેથી કોરોનાના કેસો ઝડપથી વધી શકે છે.

એક બેગમાં સંદિગ્ધ વિસ્ફોટ સામગ્રી મળી આવી

બારામૂલા-હંદવાડા હાઈવે પર વિસ્ફોટક પદાર્થ મળ્યો, મોટી દુર્ઘટના ટળી

જમ્મૂ

જમ્મુ-કાશ્મીરમાં મંગળવારના રોજ સવારે સુરક્ષાકર્મીઓએ એક મોટા આતંકવાદી ષડયંત્રને નિષ્ફળ બનાવી દીધું છે. આજે સવારે જમ્મુ અને કાશ્મીરના બારામૂલા-હંદવાડા હાઈવે પર રોડ ઓપનિંગ પાર્ટીના કર્મચારીઓને રસ્તા કિનારે એક બેગમાં સંદિગ્ધ વિસ્ફોટક સામગ્રી મળી આવી છે. ઘટનાની જાણ થતા જ સેનાના બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડના અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા. હાલમાં વિસ્ફોટકને નિષ્ક્રિય કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લામાં આવલ નિયંત્રણ રેખા પર પાકિસ્તાને મંગળવારના રોજ કોઈ કારણ વગર મોર્ટાર ફેંકીને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. ભારતીય સેનાના જણાવ્યા અનુસાર પાકિસ્તાન તરફથી ૧૨ કલાકથી પણ ઓછા સમયમાં આ બીજી વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. સોમવારે સાંજે લગભગ ૭.૪૫ વાગ્યે પાકિસ્તાને પુંછ જિલ્લાના ખારી કરમારા સેક્ટરમાં યુદ્ધ વિરામનો ભંગ કરવા માટે મોર્ટાર ફેંક્યા હતા તેમજ ગોળીઓ પણ વરસાવી હતી.

નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં છેલ્લા બે દિવસમાં સુરક્ષાકર્મીઓએ નવ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. આ આતંકીઓને બે જુદી જુદી અથડામણમાં મોતને ઘાટ ઉતારી દેવાયા છે.

સેન્સેક્સ ૪૧૩ અંક ગગડી ૩૩,૯૫૬ની સપાટીએ

મુંબઇ

મંગળવારે ફ્લેટ શરૂઆત અને દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં ઉપલા મથાળેથી વેચવાલી થતા ઘરેલુ શેરબજાર ગગડીને સેટલ થયા છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૧૩ અંક અથવા ૧.૨૦ ટકા ગગડી ૩૩,૯૫૬ નજીક જયારે નિફ્ટી ૫૦ આંક ૧૨૦ અંક અથવા ૧.૧૯ ટકા પટકાઈને ૧૦,૦૪૬ નજીક બંધ આવ્યા છે.

જયારે બેંક નિફ્ટીની વાત કરીએ તો ઈન્ડેક્સ ૪૬૨ પોઈન્ટ પટકાઈને ૨૦,૭૨૪ નજીક બંધ આવ્યો છે. જ્યારે બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૨૧ ટકા અને ૧ ટકા ગગડીને સેટલ થાય છે. જયારે વિવિધ સેક્ટર્સની વાત કરીએ તો આજે રિયાલિટી ઈન્ડેક્સને છોડી લગભગ તમામ સેક્ટર્સમાં મંદી જોવા મળી છે.

મીડિયા રિપોર્ટ મુજબ આજે ૧,૧૦૪ શેર્સમાં તેજી, ૧,૪૩૨ શેર્સમાં મંદી જોવા મળી છે. જ્યારે ૧૬૨ શેર્સ ફેરફાર વગર રહ્યા છે. ચલણની વાત કરીએ તો આજે ભારતીય ચલણ અમેરિકી ડોલર સામે ૯ પૈસા ગગડીને ૭૫.૬૧ પર બંધ આવ્યો છે. આ પહેલા સોમવારના બંધ ૭૫.૫૪ની સામે આજે ૭૫.૫૨ પર ખુલ્યો હતો. સનફાર્મા ૨.૩૭ ટકા વધીને ૫૦૦.૫૫ પર બંધ રહ્યો હતો. જોકે આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, બજાજ ફાઈનાન્સ અને કોટક મહિન્દ્રા સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. આઈસીઆઈસીઆઈ બેંક ૩.૧૫ ટકા ઘટીને ૩૪૮.૭૫ પર બંધ રહ્યો હતો. ભારતી એરટેલ ૨.૯૩ ટકા ઘટીને ૫૬૭.૬૦ પર બંધ રહ્યો હતો.

૧૯૯૨ બાબરી મસ્જિદ વિધ્વંસ કેસ

નિવેદન નોંધાવવા આડવાણી, જોશી અને ઉમા ભારતીને વ્યક્તિગત રીતે હાજર રહેવા કોર્ટનો આદેશ

ન્યુ દિલ્હી

વર્ષ ૧૯૯૨ના બાબરી મસ્જિદ વિધ્વંસ પ્રકરણની સુનાવણી કરી રહેલ સીબીઆઈની વિશેષ કોર્ટે કેસના આરોપીઓ પૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ આડવાણી, ભાજપ નેતા મુરલી મનોહર જોશી અને ઉમા ભારતીને કહ્યું કે, નિવેદન નોધાવવા માટે કોર્ટના બોલાવવા પર વ્યક્તિગત રીતે હાજર રહેવું પડશે. જોકે, કોર્ટે તેમને ક્યારે હાજર રહેવાનું તેને લઈને કોઈ તારીખ નક્કી કરી નથી.

પોતાના આદેશમાં વિશેષ જજ સુરેન્દ્ર કુમાર યાદવે કહ્યું કે, જર્નલના અવલોકથી સ્પષ્ટ છે કે આરોપીઓ આડવાણી, જોશી અને ઉમા ભારતીને આગામી આદેશ સુધી હાજર રહેવાથી છૂટ સંબંધિત વિનંતી પત્ર સ્વીકાર કરતા સમયે એ આદેશ આપવામાં આવ્યો હતો કે તેમની વિનંતી શરતોને આધિન સ્વીકારવામાં આવે છે અનો કોર્ટના બોલાવવા પર હાજર રહેવું પડશે. કોર્ટે કહ્યું કે, હાલમાં આરોપીઓનાં સીઆરપીસીની કલમ ૧૩૧ અંતર્ગત નિવેધન નોંધવામાં આવી રહ્યા છે. માટે ત્રણેયને આદેશ આપવામાં આવે છે કે નક્કી તારીખ પર બોલાવવા પર કોર્ટમાં હાજર રહે. સુપ્રીમ કોર્ટે ૧૯ એપ્રિલ ૨૦૧૭ના રોજ વિશેષ કોર્ટને આદેશ આપ્યો હતો કે તે આ મામલો રોજ સુનાવણી કરે અને સુનાવણી બે વર્ષમાં પૂરી કરે. સુપ્રીમ કોર્ટે આ વર્ષે આઠ મેના રોજ વિશેષ જજ માટેનવી સમય મર્યાદા નક્કી કરતાં ૩૧ ઓગસ્ટ સુધી નિર્ણય આપવા કહ્યું હતું.

મણિપુર હાઈકોર્ટે આપ્યો મહત્વનો આદેશ

કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયેલા ૭ ધારાસભ્યોના વિધાનસભા પ્રવેશ પર રોક

ઈમ્ફાલ

મધ્ય પ્રદેશ બાદ જયાં કોંગ્રેસ ગુજરાતમાં પોતાના ધારાસભ્યોને તૂટતા બચાવવા મથી રહી છે, ત્યારે વર્ષ ૨૦૧૭માં મણિપુર કોંગ્રેસના ૭ ધારાસભ્યોના ભાજપમાં સામેલ થવાના મામલે મણિપુર હાઈકોર્ટે તેમના વિધાનસભા જવા પર રોક લગાવી દીધી છે. આ રોક ત્યાં સુધી યથાવત રહેશે, જયાં સુધી વિધાનસભા અધ્યક્ષની ટ્રિબ્યુનલ તેમની અયોગ્યતા મામલે સુનાવણી પૂર્ણ ના કરી લે.

કોરોના મહામારી વચ્ચે રાજયમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીની સરકારનું સમર્થન કરનારા ૭ ધારાસભ્યોની અયોગ્યતાને લઈને છેલ્લા ૩ વર્ષથી ચાલતી ખેંચતાણ હાઈકોર્ટ સુધી પહોંચી ગઈ, જયારે સ્પીકરની ટ્રિબ્યૂનલ આ મુદ્દો સંભાળી રહી હતી.

બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ન્યાયધીશ કે.એચ નોબિન સિંહે પોતાના ૬ પેજના આદેશમાં સાતેય ધારાસભ્યોને વિધાનસભામાં પ્રવેશ પર રોક લગાવી દીધી છે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, "જયાં સુધી વિધાનસભા અધ્યક્ષની ટ્રિબ્યૂનલમાં તેમના વિરૂદ્ધ સુનાવણી ચાલી રહી છે, ત્યાં સુધી તેઓ વિધાનસભામાં નહીં જઈ શકે."

જણાવી દઈએ કે, આ ૭ બળવાખોર ધારાસભ્યોની મદદથી ભાજપે મણિપુરમાં સરકાર બનાવી હતી.

આ ૭ ધારાસભ્યોમાં ઓનિમ લોખોઈ સિંહ, કેબી સિંહ, પીબી સિંહ, સંસામ બીરા સિંહ, નગ્મથંગ હાઉકિપ, ગિન્સૂનાઉ અને વાયએસ સિંહ સામેલ છે. કોંગ્રેસે તે સમયે સુપ્રીમ કોર્ટમાં અપીલ પણ કરી હતી, કારણ કે આ ધારાસભ્યોએ પાર્ટીના સભ્યપદ પરથી રાજીનામું નહતું આપ્યુ અને ટેક્નીકલી તેઓ કોંગ્રેસના જ ધારાસભ્ય હતા.

સપ્ટેમ્બરથી ડિસેમ્બરની વચ્ચે આવશે વેક્સીન

ચીન સપ્ટેમ્બર સુધી કોરોનાની વેક્સીન લોન્ચ કરે તેવી શક્યતા

બેઇજિંગ

કોરોના વાયરસ વેક્સીનને લઇ ચીનના એક ટોચના વૈજ્ઞાનિકે દાવો કર્યો છે કે સંક્રમિતોની સારવાર માટે સપ્ટેમ્બર બાદ ગમે ત્યારે બજારમાં ઉતારી શકે છે. તેમણે કહ્યું કે વૈશ્વિક મહામારીને ઉકેલવા માટે હર્ડ ઈમ્યુનિટી નહીં પરંતુ વેક્સીનેશન જ મુખ્ય સમાધાન હશે. તેમણે કહ્યું કે આ વેક્સીનનું ટ્રાયલ અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં જ અમે તેને લઇ મોટી જાહેરાત કરી શકીએ છીએ.

ચીનના મુખ્ય ચિકિત્સા સલાહકાર ઝોંગ નાનશાને કહ્યું કે અમે કોરોના વાયરસની કેટલીય વેક્સીન પર કામ કરી રહ્યા છીએ. તેમાંથી કેટલીક રસી સપ્ટેમ્બરથી લઇ ડિસેમ્બરની વચ્ચે હોસ્પિટલોમાં સારવાર માટે ઉપલબ્ધ કરાવાશે. આપને જણાવી દઈએ કે આવી જ જાહેરાત ચીનના સેન્ટર ફોર ડિસીસ પ્રિવેનશ્ન એન્ડ કંટ્રોલના મહાનિર્દેશક ડૉ.ગાઓ ફૂ એ પહેલાં પણ કરી હતી.

ડૉ.ઝોંગ નાનશાને બ્રિટિશ સરકારની હર્ડ ઈમ્યુનિટી થિયોરી પર ચિંતા વ્યકત કરી. તેમણે કહ્યું કે આનાથી લાખો લોકોના જીવનને ખતરો થઇ શકે છે. તેનાથી બચવા માટી રસી સિવાય બીજો કોઇ ઉપયા જ નથી. કોરોના વાયરસની વિરૂદ્ધ ચીનની લડાઇનું નેતૃત્વ કરવા માટે નિમણૂક કરાયેલા ડૉકટર ઝોંગ એ કહ્યું કે હર્ડ ઈમ્યુનિટી એ સ્થિતિને જણાવે છે જયાં લોકો એ એક બીમારીના પ્રત્યે રક્ષા પ્રાપ્ત કરી લીધી છે.

ટેક્સ-જીડીપીનો રેશિયો ઘટીને ૯.૮૮ ટકા પર પહોંચ્યો

ભારતનો ટેક્સ-જીડીપી રેશિયો ઘટીને ૧૦ વર્ષના નીચા સ્તરે

ન્યુ દિલ્હી

ભારતના ટેક્સ અને જીડીપીનો રેશિયો કોવિડ અગાઉના વર્ષમાં ફરી એક વખત ઘટીને દશકના તળિયે ૯.૮૮ ટકા પર આવી ગયો છે. આ ઘટાડાનું મુખ્ય કારણ કસ્ટમ ડ્યુટી અને કોર્પોરેશન ટેક્સ કલેક્શનમાં ઘટાડો છે, જયારે એક્સાઈઝ ડ્યુટીમાં સામાન્ય વધારો થયો છે.

આ અગાઉના વર્ષમાં ટેક્સ અને જીડીપીનો ગુણોત્તર ૧૦.૯૭ ટકા હતો અને ૨૦૧૭-૧૮માં ૧૧.૨૨ ટકા હતો. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર દરમિયાન આવક ઘટાડાની સંભાવના છે કેમ કે કોરોના વાયરસને કારણે કરવામાં આવેલ લોકડાઉનને કારણે આર્થિક પ્રવુતિઓ ઠપ્પ થઈ ગઈ હતી.

આ રેશિયાથી જાણવા મળે છે કે સરકાર તેના ખર્ચ માટે નાણાં પૂરા પાડવામાં સક્ષમ છે અને આ સાથે જ દેશમાં ટેક્સ રેશિયાનો પણ સંકેત છે.વિકસિત દેશોમાં તેમની જીડીપી અને ટેક્સ રેશિયો વધારે હોય છે. નાણાંકીય વર્ષના સુધારેલા બજેટ લક્ષ્યાંકની તુલનામાં ૨૦૧૯-૨૦માં કુલ કરની આવક ૩.૩૯ ટકા ઘટી છે અને સંગ્રહમાં ૧.૫ લાખ કરોડનો ઘટાડો થયો છે.

૨૦૨૦-૨૧માં વર્ષના બજેટ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે કુલ કરની આવકમાં ૨૦.૫ ટકાનો વધારો જરૂરી છે. ૨૦૧૯-૨૦માં જીડીપી ગ્રોથ ૧૧ વર્ષના તળિયે ૪.૨ ટકાની સપાટીએ પહોંચી ગયો છે. ૨૦૧૯-૨૦માં કોર્પોરેશન ટેક્સમાં ૧૬ ટકાનો ઘટાડો, કસ્ટમ્સ ડ્યુટીમાં ૭ ટકાનો ઘટાડો થયો છે, જયારે એક્સાઈઝ ડ્યુટીમાં ૩ ટકાનો વધારો થયો છે. ટેક્સ-જીડીપી રેશિયોના સંદર્ભમાં ભારત ઓઈસીડી દેશો કરતા ઘણા પાછળ છે, જે સરેરાશ૩૪ ટકા છે.

ઈકરાના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયરે જણાવ્યું હતું કે કોર્પોરેટ ટેક્સ કટ અને આર્થિક મંદીના સંયુક્ત પ્રભાવથી ટોટલ ટેક્સ કલેક્શન પર અસર પડી છે, જ્યારે સોનાના ભાવ અને ઘટતી માંગને કારણે કસ્ટમ ડ્યુટીની ઓછી આવક નોંધાઈ છે. નાયરે કહ્યું અમારું અનુમાન છે કે નાણાકીય વર્ષ ૨ માં બજેટના અંદાજની તુલનામાં કેન્દ્રીય કરમાં ૩૦ ટકાનો ઘટાડો થશે.

ગુડ ન્યૂઝ! ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સર્વેમાં ખુલાસો

હોટસ્પોટ વિસ્તારોમાં જાતે જ સાજા થઈ ગયા હજારો સંક્રમિત લોકોઃ સર્વે

ન્યુ દિલ્હી

દેશની વસ્તીનો એક મોટો ભાગ કોરોના વાયરસના ઈન્ફેક્શન બાદ આપમેળે સાજો થઈ ચૂક્યો છે. આ વાત સામે આવી છે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના હાલના સર્વેમાં. વસ્તીમાં કોરોના પહોંચવા અને અસરની ખબર માટે આ સીરોલોજિકલ સર્વે કરાયો હતો. રિપોર્ટ્સ મુજબ, શરૂઆતના પરિણામ મુજબ હોટસ્પોટ શહેરોની એક-તૃતિયાંશ વસ્તીમાં સંક્રમણ ફેલાયું હતું. આ દર્દી આપમેળે જ રિકવર થઈ ગયા. તેમના શરીરમાં એન્ટીબોડી મળ્યા છે. સર્વેની શરૂઆત રિપોર્ટ કેબિનેટ સચિવ અને પ્રધાનમંત્રી કાર્યાલય સાથે શેર કરાઈ છે.

આઈસીએમઆરની સીરોલોજિકલ સર્વેમાં દેશના ૭૦ જિલ્લાથી લગભગ ૨૪ હજાર લોકોના સેમ્પલ લેવાયા. સીરોસર્વેમાં ખાસ એન્ટાબોડીની ઓળખ માટે બ્લડ સેમ્પલ લેવાય છે. આ વખતે ટેસ્ટ એલજીજી એન્ટીબોડીની તપાસ કરવા માટે કરાયા હતા, જે જીછઈજી-ઝ્રફ-૨ સામે લડે છે. આ ઈન્ફેક્શનના ૧૪ દિવસ બાદ શરીરમાંથી મળવા લાગે છે અને મહિનાઓ સુધી બ્લડ સીરમમાં રહે છે. આઈસીએમઆર આઈસીએમઆરએ જાણ્યું કે, હાઈ કેસલોડ વાળા જિલ્લામાં ઘણા કન્ટેનમેન્ટ વિસ્તારમાં ૧૫થી ૩૦ ટકા વસ્તીને ઈન્ફેક્શન થઈ ચૂક્યું છે.

આઈસીએમઆરને હજુ ૮ જિલ્લાના ડેટાને કમ્પાઈલ કરવાના છે. બાકી જિલ્લાનો ડેટા બતાવે છે કે ઘણા કન્ટેનમેન્ટ વિસ્તારોમાં ઈન્ફેક્શન સાઈઝ ત્યાં મળેલા કેસના ૧૦૦ ગણાથી ૨૦૦ ગણા વધારે છે. તેમાં મુંબઈ, દિલ્હી, અમદાવાદ અને ઈન્દોર જેવા શહેર છે. એટલે કે જે કેસ રિપોર્ટ થઈ રહ્યા છે, હકીકતમાં ત્યાં વધારે વસ્તીમાં તે ફેલાયા છે. આઈસીએમઆરની રિપોર્ટ કહે છે કે ટિયર ૨ અને ટિયર ૩ શહેરોમાં વાયરસનો પ્રસાર ઓછો રહ્યો છે.

બ્લડ સેમ્પલનો એન્ટીબોડી ટેસ્ટ ખૂબ મહત્વપૂર્ણ જાણકારી આપે છે. તેનાથી શરીરમાં એન્ટીબોડીની જાણકારી મળે છે, જે જણાવે છે કે તમે વાયરસના શિકાર થયા છો કે નહીં. એન્ટીબોડી હકીકતમાં તે પ્રોટીન્સ છે જે ઈન્ફેક્શન સામે લડવામાં મદદ કરે છે. સીરો સર્વે માટે પુણે નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજીની બનાવેલી કોવિડ કવચ એલિસા કિટ્સનો ઉપયોગ કરાયો હતો.

સ્ટાર ક્રિકેટર મેથ્યૂ સિંક્લેયરની આર્થિક સ્થિતિ કથળતા પત્ની કોફી શોપમાં કામ કરવા મજબૂર

નવી દિલ્હી

ક્રિકેટ એક એવી રમત છે જે કોઈ પણ ખેલાડીનું જીવન બદલી નાંખે છે. આજના સમયમાં ક્રિકેટના ઘણા ફોર્મેટ્સ છે. જેમાં રમીને યુવા ખેલાડીઓ પણ કરોડોની કમાણી કરે છે. ભારતમાં પણ ઘણા એવા ખેલાડીઓ છે જે માત્ર IPL રમીને કરોડપતિ બન્યા છે. પરંતુ પહેલા એવું નહોતું. પહેલા ક્રિકેટમાં ટેસ્ટ અને વન ડે ફોર્મેટ્સ હતા. જેથી તે સમયના ઘણા ખેલાડીઓ એવા પણ છે જેમના જીવનમાં ક્રિકેટથી રૂપિયાનો વરસાદ ના થયો. મીડિયા રિપોર્ટ મુજબ એવો જ એક ખેલાડી છે ન્યુઝીલેન્ડનો, જેને ડેબ્યૂ મેચમાં બેવડી સદી ફટકારી હતી. પરંતુ આજે તેની પાસે કાયમી નોકરી પણ નથી અને ભારે આર્થિક તંગીનો સામનો કરી રહ્યો છે.

આ બેટ્સમેનનું નામ છે મેથ્યૂ સિંક્લેયર જેને ન્યુઝીલેન્ડ માટે ૩૩ ટેસ્ટ મેચ અને ૫૪ વન ડે મેચ રમી છે. ઉપરાંત તેને ૨ ટી૨૦ મેચ પણ રમી છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની વાત કરીએ તો મેથ્યૂ સિંક્લેયરે ૧૮૮ મેચોમાં ૩૬ સદી ફટકારી અને લિસ્ટ એમાં આ ખેલાડીએ ૭ સદી અને ૪૮ અડધી સદી ફટકારી હતી. આપણે જણાવી દઈએ કે ૧૯૯૯માં વેસ્ટઈન્ડિઝ વિરુદ્ધ ડેબ્યૂ કર્યું હતું અને પહેલી જ મેચમાં વિસ્ફોટક બેટિંગ કરી બેવડી સદી (૨૧૪) ફટકારી હતી. ઉપરાંત કરિયરમાં સાઉથ આફ્રિકા વિરુદ્ધ ૧૫૦ અને પાકિસ્તાન વિરુદ્ધ પણ બેવડી સદી ફટકારી હતી. તે સમય મેથ્યૂ ન્યુઝીલેન્ડનો સ્ટાર બેટ્સમેન બન્યો હતો. પરંતુ થોડા સમય પછી પ્રદર્શન સારું ન રહ્યું અને ટીમમાં તેની અવર જવર થવા લાગી. રિપોર્ટ પ્રમાણે જુલાઈ ૨૦૧૩માં મેથ્યૂ સિંક્લેયરે ક્રિકેટને અલવિદા કહ્યું હતું. ત્યાર બાદ તેનું જીવન સંપૂર્ણ પણે બદલાઈ ગયું. સિંક્લેયર પાસે કોઈ ડિગ્રી નહોતી તેથી તેને કોઈ નોકરી પર રાખતું નથી. હાલ તે સરકારના બેરોજગારી ફંડ પર નિર્ભર કરે છે. આર્થિક સ્થિતિ કફોડી થતા પત્ની સાથે પણ ઝગડો થયો. માહિતી મુજબ પત્નીને પરિવારના ગુજરાન માટે એક કોફી શોપમાં કામ કરવું પડ્યું. રિપોર્ટ પ્રમાણે હાલ સિંક્લેયરે એક રિયલ એસ્ટેટ કંપની સાથે જોડાયો છે જ્યાં કમિશનના આધારે પૈસા મળે છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો



MARUTI ALTO

HONDA ACTIVA

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સુપર પાવરની પોલ ખુલી

કોરોના સામે લડાઈમાં સુપરપાવર અમેરિકાની પોલ ખુલી રહી છે. અમેરિકાના વૈજ્ઞાનિકોએ ચેતવણી આપતા કહ્યુ હતુ કે અમેરિકા કોરોના વાયરસના કેન્દ્ર તરીકે ઉભરી શકે છે. જો કે એ વખતે તેની અવગણના કરવામાં આવી હતી. હવે અમેરિકામાં હાલત સૌથી ખરાબ છે. દુનિયાની ત્રીજી સૌથી વધારે વસ્તી ધરાવતા અમેરિકામાં હવે હાલત ખરાબ થઈ રહી છે. એમ માનવામાં આવે છે કે ૩૩ કરોડની વસ્તી ધરાવતા અમેરિકામાં હજુ કોરોનાના કેસો વધી શકે છે. કોરોનાના વધતા કેસોના કારણે મહાશક્તિ અમેરિકાની પોલ ખુલી રહી છે. ન્યુયોર્કમાં તો સ્થિતી એ થઈ છે કે હવે બેડ કે મેડિકલ સ્ટાફની સુવિધા નથી. ન્યુયોર્કમાં તો સ્થિતી વણસી ગઈ છે. રિટાયર થઈ ચુકેલા લોકોને સારવાર માટે ફરી બોલાવવામાં આવ્યા છે. ન્યુયોર્કમાં ૩૦૦૦૦ વેન્ટીલેટર્સની જરૂર છે જેની સામે માત્ર ૪૦૦ મોકલી દેવામાં આવ્યા છે. અમેરિકામાં ઝડપથી હાલત ખરાબ થઈ રહી છે. વેન્ટીલેટરની સંખ્યા સતત વધી રહી છે. સ્થિતી ખુબ ઝડપથી ખરાબ થઈ રહી છે. અમેરિકામાં કેસોની સંખ્યા અને મોતની સંખ્યા રોકેટગતિથી વધી રહી છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી.અમેરિકાની નિષ્ફળતા માટે લાપરવાહી મુખ્ય રીતે જવાબદારી છે. દુનિયાના જે દેશોમાં હાલત ખરાબ થઈ છે તેના માટે લાપરવાહી જવાબદાર છે. જો કે હવે પગલા લઈ રહ્યા છે પરંતુ સ્થિતી વણસી ચુકી છે. અમેરિકા જેવા અમેરિકાને કોરોનાને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. ચીન, ઈટાલી અને સ્પેન કરતા આંકડો અમેરિકામાં વધારે છે. હવે તબીબી સ્ટાફ કરતા દર્દીની સંખ્યા વધી રહી છે. આવી સ્થિતીમાં અમેરિકાના કેટલાક વિસ્તારોમાં તો હાલત હાલતમાં છે. અમેરિકામાં મોટા ભાગના લોકો હજુ આ બાબતને સમજી રહ્યા નથી કે સ્થિતી બેકાબુ બની રહી છે છતાં અમેરિકામાં લોકડાઉની સ્થિતી કેમ કરવામાં આવી રહી નથી. હજુ અમેરિકાને વધારે કઠોર પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. ટ્રમ્પની મુશ્કેલી કોરોનાના કારણે વધી ગઈ છે. કારણ કે તેને યોગ્ય રીતે કેસોને હાથ ન ધરવાના તેમના પર આરોપ થઈ રહ્યા છે. તમામ પ્રકારના આધુનિક સંશાધન હોવા છતાં અમેરિકાને કોરોના વાયરસના કેસો અને મોતના આંકડાને રોકવામાં સંપૂર્ણપણે સફળતા મળી નથી. હવે અમેરિકામાં લોકો ટ્રમ્પની કોરોનાને લઈને નીતિની ટિકા કરી રહ્યા છે. અમેરકાની અને ટ્રપ્પની પોલ ખુલી ગઈ છે. અમેરિકાની આરોગ્ય વ્યવસ્થાને લઈને પણ જાણકા નિષ્ણાંત લોકો તો હવે પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. કારણ કે કેસોમાં અવિરત રીતે વધારો થઈ રહ્યો છે. અમેરિકી વૈજ્ઞાનિકોને પણ હજુ સુધી કેસોને રોકવા માટે સફળતા હાથ લાગી રહી નથી. ચીન પર અમેરિકાના આરોપ વધારે દમવાળા દેખાઈ રહ્યા નથી. કારણ કે હવે કોરોના પર રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની અને આરોપો કરવાથી બચવાની અમેરિકાને જરૂર દેખાઈ રહી છે.

અમેરિકી વૈજ્ઞાનિકોએ પહેલાથી ચેતવણી આપી હતી પરંતુ અવગણના કરાઈ હતી

આશા કાર્યકરોના પ્રેરણાદાયી કામથી કોરોનાકાળમાં તમામ પ્રભાવિત

કોવિડ-૧૯માં આશાએ આશા જગાવી

૧૫ વર્ષ પહેલા વર્ષ ૨૦૦૫માં જ્યારે ભારતની આરોગ્ય સેવા પ્રણાલીમાં રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનના એક અંગ તરીકે આશા કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારે આ એક પ્રયોગની શરૂઆત થઈ હતી. માત્ર અધિકાર પ્રાપ્ત કાર્યવાહી જુથમાં આવનાર રાજ્ય જેમને હવે હાઈ ફોક્સ સ્ટેટસ કહેવામાં આવે છે જેમ કે બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓરિસ્સાઆમાં સામેલ રહ્યા છે. પહાડી રાજ્યો ઉત્તરાખંડ , હિમાચલ પ્રદેશ તેમજ જમ્મુ કાશ્મીરતેમજ અન્ય રાજ્યોના જનજાતિ ક્ષેત્ર જ તેના પાત્ર તરીકે છે. માત્ર ચાર વર્ષ બાદ ૨૦૦૯માં મોટા ભાગના બચી ગયેલા રાજ્યોએ પણ આશાની પસંદગીનો વિકલ્પ પસંદ કર્યો હતો. જેમાં કેરળ પણ સામેલ છે. છેલ્લા દિવસોમાં કોવિડ-૧૯ના કાળમાં આશા કાર્યકરોએ એવુ પ્રેરણાદાયી કામ કર્યુ છે કે તમામ લોકો પ્રભાવિત છે. તેમના વિશ્વાસની જોરદાર રીતે નોંધ લેવામાં આવી રહી છે. તેમના દાખલા આજે તમામ જગ્યાએ આપવામાં આવી રહ્યા છે. ખુબ ઓછા લોકો જાણે છે કે આશરે ૧૦ લાખ સાથી મહિવાઓના એક ગ્રુપ તરીકે આશા છે. જે હાલના સમયમાં દેશના તમામ ગામોમાં અને શહેરી વિસ્તારોમાં સેવામાં સક્રિય છે. આ મહિલાઓ એક સામાજિક કાર્યકરો સામુદાયિક દેખરેખમાં અને લિંક વર્કર તરીકેની ભૂમિકામાં સક્રિય રહે છે. આશા એક મહત્વપૂર્ણ સામુદાયિક સંપર્કનુ પ્રતિનિધીત્વ કરે છે. સમુદાયના સંબંધમાં તેમની ભરપુર માહિતી જ તેમને આખરે છેડા પર લઇ જવામાં ભૂમિકા અદા કરે છે. આના કારણે માનવીના છેલ્લા તબક્કા સુધી તે આરોગ્ય સુવિધા પહોંચાડી દેવામાં સફળ રહે છે. આરોગ્ય સુવિધા પહોંચાડી દેવામાં તેમજ કોવિડ અને અન્ય સંબંધિત સેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરવામાં સક્ષમ છે. આશા કાર્યક્રમની કેન્દ્રિય અને મુખ્ય વિશેષતા તેની પરિપક્વતા



સરકાર આશા સહિત તમામ આરોગ્ય કર્મચારીઓની સામે હિંસાને રોકવા માટે કાનુની કાર્યવાહી હાથ ધરી છે : હિમ્મતપૂર્વક ફરજ જારી

છે. જેને નીતિ નિર્ધારણ તેમજ કાર્યક્રમ સંબંધી કાર્યવાહીમાં ઉપયોગમાં લાગુ કરવામાં આવી છે. આશા દ્વારા સંચાલિત કાર્યક્રમની સફળતાના આધાર તરીકે જે બાબતો રહેલી છે તે તમામને ધ્યાન દોરે છે. આશા કાર્યકરોની લોકોની વચ્ચે સંબંધોમાં એક નેટવર્ક તરીકે છે. આ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી કે આરોગ્ય સુવિધાના વ્યાપક નેટવર્કના લીધે તે દરેક ગામમાં એક આશા જ છે. જેના કારણે તમામ સુધી પહોંચવા માટેની બાબત શક્ય બની છે. કોવિડ-૧૯ની સામે સંઘર્ષના સમયમાં તેની ભૂમિકા નિહાળી ચુક્યા છે. રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન્ના એક અંગ તરીકે શહેરી આશાની શરૂઆત ૨૦૧૩માં કરવામાં આવી હતી. સાથે સાથે એવી બાબત ફરજિયાત કરવામાં આવી હતી કે ઝુપડપટ્ટી અને એવી જ વસ્તીમાંથી આશાની પસંદગી કરવામાં આવે જે શહેરી ગરીબોની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે. હવે આ બાબત ગ્રામીણ આશા કાર્યક્રમના સ્તર સુધી વિકસિત કરવાની કામગીરી ચાલી રહી છે. ઉત્તરાખંડમાં ભૂકંપ અને ઓરિસ્સામાં તોફાન જેવી કુદરતી હોનારત વેળા પણ તેની ભૂમિકા નિર્ણાયક રહી હતી. તેમની કામગીરીની ઉલ્લેખનીય રીતે નોંધ લેવામાં આવી ચુકીછે. જો કે દેશભરમાં ફેલાયેલી આટલી મોટી મહામારીના રૂપમાં પ્રથમ વખત બન્યુ છે જ્યારે તમમ આશાનુ સન્માન કરવાની ફરજ પડી છે. કોવિડ-૧૯થી બચાવની તૈયારી અને ફેલાવાને રોકવા માટે શરૂઆતી તબક્કામાં છે. કોરોનાના ફેલાવાને રોકવા માટે આશા કાર્યકરોએ આંગણવાડી કાર્યકરો અને એએનએમની સાથે મળીને મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. સામાન્ય રીતે તો અગ્રીમ મોરચા પર રહેલા લોકોની પણ પ્રશંસા કરવામાં આવે તે જરૂરી છે. પરંતુ વર્તમાનમાં આશા એકમાત્ર કાર્યકર છે જે ગામમાં રહે છે અને મહત્વપૂર્ણ પેટાગ્રુપો અને નવજાતથી લઈને વરિષ્ઠ લોકોની આરોગ્ય જરૂરિયાતોને પૂર્ણ કરે છે. તેમની આરોગ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેમના ઘર પર નિયમિત રીતે જાય છે. ઘરે ઘરેથી સર્વેક્ષણથી લઈને હાથ ધોવાના તરીકા, માસ્ક પહેરવાના તરીકા સહિતની બાબતો અંગે તેઓ માહિતી આપે છે. મસ્ક વિતરણની કામગીરીમાં તે પણ તે સામેલ છે. હવે સામુદાયિક નજર રાખવાની સાથે સાથેઆશા ફિલ્ડ ટીંમોની સાથે સાથે કેસની ઓળખ કરવામાં આગળ છે. પોતાના સમુદાયમાં કોવિડ-૧૯ની પ્રતિક્રિયામાં સૌથી આગળ છે. સંભિવત ખતરા અને પોતાના પરિવારની ચિંતા કર્યા વગર તે પોતાની ભૂમિકા અદા કરે છે. .

કોરોની અસર થઈ જશે તેની ચિંતા વગર સેવા

જાનમાં જોખમમાં મુકીને સેવા

કોરોના વાયરસના ફેલાવાની ચિંતા કર્યા વગર અને પોતાના પરિવારની ચિંતા કર્યા વગર પોતાની જાને જોખમમાં મુકીને કોવિડ-૧૯ની સામે જોરદાર લડત ચલાવવામાં આવી રહી છે. આશા વર્કરોની ભૂમિકા નિર્ણાયક રહેલી છે. પોતાના અથાક પ્રયાસ જેમ કે મેંઘાલયના ગામમાં ઘરમાં ક્વારન્ટાઈન લોકો માટે પીવાના પાણી પહોંચાડવાની બાબત, રાજસ્થાનમાં ઘર પર જ નવજાત શિશુની દેખરેખ અને આસામમાં જુદી જુદી સેવામાં આ ટીમો સક્રિય રહેલી છે. આસામમાં જુની કોનિક બિમારી માટે દવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ તમામ કામગીરમાં આશાની ચાવીરૂપ ભૂમિકા રહેલી છે. આશા વર્કરોની સાહસી ભૂમિકાની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. આશા વર્કરોની સુરક્ષા પર વધારે ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. સામાન્ય રીતે જ ભયના કારણે આશા અને અન્ય વર્કરોની સામે હિંસાની ઘટના બનતી રહે છે. પરંતુ સામાન્ય રીતે રાજ્યો દ્વારા પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સરકારે એપ્રિલ ૨૦૨૦માં આખરે મહામારી રોગ અધિનિયમ ૧૮૯૭ હેઠળ એક વટહુકમ લાગુ કરીને આશા સહિત તમામ આરોગ્ય કર્મચારીઓની સામે હિંસાને રોકવા માટે પહેલ કરી હતી. જે હેઠળ દોષિત જાહેર થનારને કઠોર સજા કરવાની જોગવાઇ કરવામાં આવી હતી. આ ઉપરાંત આશા વર્કરોના પ્રોત્સાહન માટે વિવિધ પગલા લેવામાં આવ્યા હતા. દોષિત જાહેર થવાની સ્થિતીમાં આર્થિક દંડની સાથે સાથે કારાવાસ પણ થઇ શકે છે. આ ઉપરાંત અગ્રીમ હરોળમાં કામ કરી રહેલા યોદ્ધાની સુરક્ષા માટે રાજ્યોને વારંવાર રિમાઇન્ડર મોકલીને કહેવામાં આવી રહ્યુ છે. આ બાબતની ગેરંટી રાખવા માટેની વાત પણ કરવામાંઆવી રહી છે. શરૂઆતી તબક્કામાં તેમની સુરક્ષા માટે પણ ખાતરી કરવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટીની સ્થિતી બદલાય તેવી શક્યતા નથી....

રાજ્યસભા : ક્ષેત્રીય દળ મજબુત થશે

રાજ્યસભા ચૂંટણીને લઈને દેશના ઉત્તરથી લઈને દક્ષિણ અને પૂર્વથી લઈને પશ્ચિમ સુધી રાજકીય ગરમી વધી રહી છે. જુન સુધી ૬૧ સીટો માટે ચૂંટણી યોજાઈ જનાર છે. લોકસભા બાદ કોંગ્રેસનુ નેટવર્ક કમજોર થઈ રહ્યુ છે. લોકસભા બાદ હવે રાજ્યસભામાં પણ કોંગ્રેસ પાર્ટી કદ ઘટે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીની ઘટતી જતી સ્થિતી વચ્ચે ક્ષેત્રીય તેમની તાકાત વધારી રહ્યા છે. જો કે સત્તાધારી પાર્ટી ભારતીય જનતા પાર્ટીની સ્થિતીમાં આંશિક સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એનડીએ પોતાની તાકાત પર બહુમતિને લઈને હાલમાં દુર છે. અલબત્ત નિર્ણાયક સ્થિતીમાં એનડીએનો સાથ આપનાર રાજકીય પાર્ટીની સ્થિતી મજબુત બની રહી છે. કોરોના વાયરસના કારણે લોકડાઉનના લીધે રાજ્યસભા ચૂંટણીમાં આ વખતે વિલંબની સ્થિતી દેખાઈ રહી છે. આવી સ્થિતીમાં હવે સ્થગિત કરવામાં આવેલી ૧૮ સીટોની સાથે જન અને જુલાઈમાં ખાલી થનાર છ સીટો માટે ૧૯મી જુનના દિવસે ચૂંટણી યોજનાર છે. જ્યારે ૩૭ રાજ્યસભા સાંસદ બિનહરિફ ચૂંટાઈ ચુક્યા છે. સામાન્ય રીતે એમ કહી શકાય છે કે કેન્દ્રમાં સત્તામાં આવ્યા બાદ છ વર્ષના લાંબા ગાળા બાદ કેટલાક રાજ્યોમાં સરકારો હોવા છતાં ભાજપ માટે રાજ્યસભા માટે સારી સ્થિતી નથી. રાજ્યસભામાં ભારતીય જનતા પાર્ટી હાલમાં બહુમતિ સુધી પહોચી શકે તેવી શક્યતાઓછી છે. ભારતીય જનતા પાર્ટી માટે રાહતની બાબત એ છે કે તેને રાજ્યસભા ચૂંટણીથી કેટલીક રાહત મળી શકે છે. બીજી બાજુ કોંગ્રેસ માટે લોકસભા બાદ રાજ્યસભાની ચૂંટણી પણ મુશ્કેલી



ટીઆરએસ, વાયએસઆર, બીજુ જનતા દળની તાકાત વધવાના કારણે તેમના મનોબળમાં ચોક્કસ વધારો થયો છે : સમીકરણ બદલાશે

હોઈ શકે છે. કેટલાક રાજ્યોમાં સારી સંખ્યામાં ધારાસભ્યો જીત્યા હોવા છતાં રાજ્યસભા ચૂંટણીથી પહેલા રાજીનામાની રાજનીતિ ચાલી રહી છે. રાજીનામાની રાજનીતિના કારણે કોંગ્રેસ પાર્ટીની બનેલી બાજી બગડી ગઈ છે. આ જ કારણસર છે કે સંખ્યાબળની દ્રષ્ટિએ કોંગ્રેસ પાર્ટી રાજ્યસભામાં પણ પીછેહટ કરી રહીછે. વાયએસઆર કોંગ્રેસના હાલમાં બે રાજ્યસભા સાંસદ છે. આ ચૂંટણી બાદ રાજ્યસભામાં આ પાર્ટીના સભ્યો વધીને પાંચથી છ સુધી પહોંચી શકે છે આવી જ રીતે હાલમાં બિનહરિફ ચૂંટાઈ આવેલા ચાર સાંસદોની સાથે રાજ્યસભામાં બીજેડીના નવ સાંસદ થઈ ગયા છે. આ ની સંખ્યાની દ્રષ્ટિએ જોવામાં આવે તો સરકારની સાથે રહેલી પાર્ટીમાં જનતા દળ યુ, શિરોમણી અકાળી દળ, લોકજનશક્તિ પાર્ટી, બોડોલેન્ડ પીપલ્સ પાર્ટી, આરપીઆઈ, આસામ ગણ પરિષદ, પીએમકે, તમિળ મનીલા કોંગ્રેસનો સમાવેશ થાય છે. જનતા દળ યુના પાંચ સભ્યો છે. શિરોમણી અકાળી દળના ત્રણ સભ્યો છે. સરકારને જે પક્ષો સાથ આપી શકે છે તેમાં વાયએસઆર , ટીઆરએસ તેમજ બીજેડીનો સમાવેશ થાય છે. કેટલીક પાર્ટી તક જોઈને નિર્ણય કરે છે તેમાં બહુજન સમાજ પાર્ટી, સમાજવાદી પાર્ટી તેમજ શિવસેનાનો સમાવેશ થાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દેશની રાજ્યસભા માટે એપ્રિલ સુધી ૫૫ સીટ માટે ચૂંટણી યોજનાર હતી. જો કે તેમાંથી ૩૭ સીટ માટે બિનહરિફ ચૂંટણી થઈ હતી.જ્યારે ૧૮ સીટો માટે ચૂંટણી યોજનાર હતી. જો કે કોરોના મહામારીના કારણે ચૂંટણી સ્થગિત કરવામાં આવી હતી. આ દરમિયાન જુન જુલાઈમાં નિવૃત થઈ રહેલા છ સાંસદોની સીટ માટે ચૂંટણી યોજાનાર છે. જેના કારણે ૨૪ સીટો માટે ચૂંટણી યોજાનાર છે. ક્ષેત્રીય દળોની તાકાત રાજ્યસભામાં વધી જવાના કારણે ભારતીય જનતા પાર્ટીને વધારે ફાયદો થઈ રહ્યો છે. કેટલીક પાર્ટી ભલે ભાજપને સીધી રીતે સાથ આપતી નથી. પંરતુ મહત્વપૂર્ણ સમયમાં અને મુદ્દા પર તે પાર્ટી ગૃહમાં ગેરહાજર રહીને ભાજપને લાભ કરાવે છે. આ ઉપરાંત કેટલાક પક્ષ પરિસ્થિતીનો લાભ ઉઠાવે છે. સમાજવાદી પાર્ટી અને બસપના લોકો પણ કેટલીક વખત ગૃહમાં ગેરહાજર રહ્યા છે. સરકારના વિરોધમાં જે પાર્ટી રહેલી છે તે કોંગ્રેસ પાર્ટી પાસે ૩૯ સભ્યો છે.

ગુજરાત, કર્ણાટક, આંધ્ર, ઝારખંડમાં ટક્કર રહેશે

રોમાંચક મુકાબલા ક્યાં રહેશે

રાજ્યસભાની ચૂંટણી કેટલાક રાજ્યોમાં રોમાંચક બનનાર છે. જેમાં ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ઝારખંડનો સમાવેશ થાય છે. ગુજરાતની વાત કરવામાં આવે તો ગુજરાતમાં ચાર સીટ પર ચૂંટણી યોજનાર છે. જેમાંથી ત્રણ પર ભાજપનો અને એક પર કોંગ્રેસનો કબજો છે. છેલ્લા સપ્તાહમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોના રાજીનામા બાદ કોંગ્રેસની ગણતરી બગડી રહી છે. અહીં ભારતીય જનતા પાર્ટીની સ્થિતી મજબુત દેખાઈ રહી છે. અહીં ભારતીય જનતા પાર્ટીની બે અને કોંગ્રેસની એક સીટ પર જીત તો પાકી છે. કોંગ્રેસની પાસે ચોથી સીટ જીતવા માટે સખ્યાબળ હતુ. જો કે તેના સમીકરણ બદલાઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટી હવે પોતાની ત્રીજી સીટ બચાવવા માટે સક્રિય છે. કર્ણાટકમાં પણ ગુજરાતની જેમ ચાર સીટ પર ચૂંટણી યોજાનાર છે. આમાંથી કોંગ્રેસ બેઅને ભારતીય જનતા પાર્ટી તેમજ જનતા દળ સેક્યુલર એક એક સીટ પર લીડ ધરાવે છે. એક રાજ્યસભા સીટ જીતવા માટે ૪૪ ધારાસભ્યોની જરૂર હોય છે. આવી સ્થિતીમાં ભારતીય જનતા પાર્ટી બે અને કોંગ્રેસ એક સીટ સરળતાથી જીતી શકે છે. જનતા જળ સેક્યુલરની પાસે ૩૪ ધારાસભ્યો છે. જો કે કોંગ્રેસે તેને સમર્થન આપવાની જાહેરાત હજુ કરી નથી. આંધ્રપ્રદેશમાં પણ ચાર સીટ પર મતદાન થનાર છે. ૧૭૫ વિધાનસભા સભ્યોમાંથી ૧૫૧ વાયએસઆર કોંગ્રેસના છે. જ્યારે ૨૩ તેલુગુદેશમ પાર્ટીના છે. આવી સ્થિતીમાં ત્રણ સીટ શાસક પક્ષ વાયએસઆર આરામથી જીતતી દેખાઈ રહી છે. ઝારખંડમાં બે સીટ પર ચૂંટણી યોજાનાર છે. જેએમએમ સુપ્રીમો શિબુ સોરેનની જીત નક્કી દેખાઈ રહી છે. બીજી સીટ માટે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ટક્કર રહેલી છે. બાબુલાલ મારન્ડી ભાજપમાં સામેલ થયા બાદ સ્થિતી ભાજપની મજબુત દેખાઈ રહી છે.

અમીષા પટેલે એક વાર પોતાના પિતા પર લગાવ્યો પૈસા પડાવી લેવાનો આરોપ

મુંબઈ

એક એવી અભિનેત્રી જેની પહેલી ફિલ્મે રાતોરાત તેને સુપરસ્ટાર બનાવી દીધી. અમીષા પટેલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં છવાઈ ગઈ. કહોના પ્યાર હેમાં આ અભિનેત્રીની ચારેકોર પ્રશંસા થવા લાગી. અમીષાએ બીજી ફિલ્મ ગદર કરી જે ફરી એકવાર બોક્સ ઓફિસ પર ધુમ મચાવવા લાગી. ત્યાર પછી કેટલાયે પ્રયાસો પછી ફરી આવો કમાલ ન કરી શકી. એક સમય તો એવો આવ્યો કે અમીષાએ સહાયક કલાકારની નાનકડી ભૂમિકા નિભાવી. ફિલ્મો કરતા અમીષા વિવાદોમાં વધુ છવાયેલી રહી. ચળકતી સફળતાની સાથે તેની સાથે કેટલાયે વિવાદ જોડાયા.

ત્યાં સુધી કે અમીષાએ તેના પરિવાર પર ગંભીર આરોપ લગાવ્યા. આજે આ ખુબસુરત અભિનેત્રીનો જન્મદિવસ છે ત્યારે તેના જીવનના કેટલાક આવા જ કિસ્સાઓને યાદ કરીએ. અમીષાનું નામ એક સમયે નિર્માતા-નિર્દેશક વિક્રમ ભટ્ટ સાથે જોડાયુ. અમીષાએ જાહેરમાં પણ કબૂલ્યુ હતુ કે તે વિક્રમ ભટ્ટને પ્રેમ કરે છે. જે કે સમયને આ વાત મંજૂર ન હતી અને અમીષા અને વિક્રમ અલગ થઈ ગયા. અમીષાએ ત્યારે સૌને વિચારતા કરી દીધા જ્યારે તેણે પોતાના પિતા વિરૂદ્ધ નોટિસ મોકલી. અમીષાએ તેના પિતા પર આરોપ લગાવ્યા હતા કે તેના ૧૨ કરોડ રૂપિયા તેના પિતાએ પડાવી લીધા છે.

સંબંધોમાં જ્યારે પૈસા આવે ત્યારે તેનો કરૂણ અંજામ જ આવે. આવા આરોપ પછી અમીષાના તેના પરિવાર સાથેના સંબંધો ખરાબ થાય તે સ્વાભાવિક છે. ૨૦૦૯માં રક્ષાબંધન પર અમીષા ફરી એકવાર તેના ભાઈ સાથે દેખાઈ ત્યાર પછી ધીરે ધીરે તેના સંબંધો સુધરવા લાગ્યા. ૨૦૦૨માં આવેલી ફિલ્મ હમરાઝ બાદ અમીષા પાસે ફિલ્મો ન હતી. ત્યારબાદ અમીષાએ તમિલ તેલુગુ ફિલ્મોમાં કામ કર્યુ જો કે સફળતા તેનાથી હાથ વેત દૂર જ રહી.

ભારતે હુમલાની ભૂલ કરી તો અમે જડબાતોડ જવાબ આપીશુઃ પાકિસ્તાન

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશીએ જુબાની જંગમાં ભારતના વિરૂદ્ધ પલટવાર કર્યો છે. કુરૈશીએ ભારતના ગૃહમંત્રી અમિત શાહને પ્રશ્ન કર્યો કે તેઓ લદ્દાખ અંગે શું વિચારે છે? ભારત લદ્દાખ પર સર્જીકલ સ્ટ્રાઇક કેમ કરતું નથી? આપને જણાવી દઈએ કે થોડાંક દિવસ પહેલાં જ ભારત-ચીન સરહદ પર તણાવની સ્થઈતિ પેદા થઈ હતી.

પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશીએ કહ્યું કે હું અમિત શાહને એ સ્પષ્ટતા કરવા માંગીશ કે જો ભારતે હુમલાની ભૂલ કરી તો અમે જડબાતોડ જવાબ આપીશું. જો ભારત હુમલો કરે છે તો તરત જવાબી કાર્યવાહી થશે.

ઉલ્લેખનીય છે કે અમિત શાહે સર્જીકલ સ્ટ્રાઇકને લઇ ગઇકાલે નિવેદન આપ્યું કે સરહદમાં કોઇપણ ઘૂસશે તો જડબાતોડ જવાબ આપશે. ભારતના ગૃહમંત્રી અમિત શાહના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કુરૈશીએ કહ્યું કે ભારતે ખાલી ધમકી આપવાનું બંધ કરી દેવું જોઇએ. તેમણે એમ પણ કહ્યું કે અમિત શાહનું નિવેદન બિનજવાબદાર છે અને દુનિયાએ આ જોવું જોઇએ.

રિપોર્ટ પ્રમાણે કુરૈશીએ એમ પણ કહ્યું કે ભારતે પાકિસ્તાન પર એરસ્ટ્રાઇકની ભૂલ કરવી જોઇએ નહીં કારણ કે ઇસ્લામાબાદને ખબર છે તેની રક્ષા તેને કેવી રીતે કરવાની છે.

મહાત્મા ગાંધીની પ્રતિમાને નુકસાન પહોંચાડવું શરમજનકઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ અશ્વેત અમેરિકન નાગરિક જ્યોર્જ ફ્લોયડના મોત બાદ પ્રદર્શન કરી રહેલા લોકો પર નિશાન સાધતા કહ્યું છે કે મહાત્મા ગાંધીની પ્રતિમાને નુકસાન પહોંચાડનારા લોકોને શરમ આવવી જોઈએ, આ અપમાનજનક છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન મહાત્મા ગાંધીની પ્રતિમા પર સ્પ્રે છાંટવામાં આવ્યો હતો અને તેને નુકસાન પહોંચાવામાં આવ્યું હતું. ભારતીય એમ્બસીની સામેવાળા રસ્તા પર ગાંધીજીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે જેમાં ૨ અને ૩ જૂન દરમિયાનની રાત્રે તોડફોડ કરવામાં આવી. ભારતીય એમ્બસીએ કાયદો લાગુ કરનારી સ્થાનિક એજન્સીઓ સમક્ષ તેની ફરિયાદ નોંધાવી છે. આ ઘટના વિશે પૂછાતાં ટ્રમ્પે સોમવારે વ્હાઇટ હાઉસમાં કહ્યું કે, આ અપમાનજનક છે. ભારતીય એમ્બસીએ મામલાની તાત્કાલિક તપાસ માટે તેને વિદેશ મંત્રાલયની સમક્ષ ઉઠાવ્યો છે. સાથસાથ મેટ્રોપોલિટન પોલીસ અને નેશનલ પાર્ક સર્વિસને પણ તેની જાણકારી આપી છે.

ભાજપ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમની માતા કોરોના પોઝિટિવ

ભોપાલ

મધ્યપ્રદેશ ગુનાના સાંસદ અને ભાજપાના વરિષ્ઠ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમની માતાને કોરોના પોઝીટીવ આવ્યો છે. તેઓને ઈલાજ માટે મૈક્સ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. હોસ્પિટલે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યાની પુષ્ટિ કરાઈ છે. ભાજપ તરફથી રાજ્યસભા ચૂંટણી માટે નામાંકન ભર્યા બાદ જ્યોતિરાદિત્ય સિંધિયા ભોપાલથી દિલ્હી આવી ગયા હતા. તે પછી લોકડાઉન દરમિયાન દિલ્હીમાં જ હતા. લોકડાઉનમાં છૂટ મળતા તેઓ ગ્વાલિયર તેમના ક્ષેત્રમાં સમર્થકો તેમના આવવાની રાહ જોઈ રહ્યા હતા. ભાજપામાં સામેલ થયા પછી જ્યોતિરાદિત્ય સિંધિયા ગ્વાલિયર આવ્યા નથી. પેટા ચૂંટણીઓની લઈને તૈયારીઓમાં સમર્થકો તેમની રાહ જોઈ રહ્યા હતા. જાણકારી મુજબ તેમનું સ્વાસ્થ્ય બરાબર હતું. પરંતુ ગઈ કાલે અચાનક તબિયત બગડતા તેમને મેક્સ હોસ્પિટલમાં ભરતી કરાયા છે. જ્યાં તેમનો કોરોના પોઝીટીવ આવ્યો છે.

દ.કોરિયા સાથે તમામ સંપર્ક સમાપ્ત કરીશુ,હવે તે અમારો દુશ્મનઃ ઉ.કોરિયા

સિયોલ

ઉત્તર કોરિયાએ મંગળવારે દક્ષિણ કોરિયા સાથેના બધા પ્રકારના સંપર્કને કાપી નાખવાનો નિર્ણય કર્યો છે. ઉત્તર કોરિયાએ કહ્યું કે અમે દક્ષિણ કોરિયા સાથે જોડાયેલી હોટલાઈન સહિતની બધી કોમ્યુનિકેશન લાઈન બંધ કરી રહ્યા છીએ. હવે તે અમારો દુશ્મન દેશ છે. દક્ષિણ કોરિયા અમારી સામેના પ્રોપેગેંડા ચલાવનારને રોકી શક્યું નથી.

ખાસ વાત એ છે કે દક્ષિણ કોરિયાએ આ મુદ્દા ઉપર વાતચીત માટે ઉત્તર કોરિયાના અધિકારીઓને ફોન પણ કર્યો, પરંતુ કોઈએ ફોનને રિસીવ કર્યો નહીં. દક્ષિણ કોરિયાએ કહ્યું કે મંગળવારે ઉત્તર કોરિયા સાથે ફોન ઉપર વાતચીત કરવાની કોશિશ કરી, પરંતુ કોઈ જવાબ મળ્યો નથી. રક્ષા મંત્રાલયના જણાવ્ય મુજબ ઉત્તર કોરિયાએ મિલિટ્રી હોટલાઈન ઉપર કરવામાં આવેલા કોલનો પણ જવાબ આપ્યો નથી.

ઉત્તર કોરિયાએ કહ્યું કે અમે દક્ષિણ કોરિયાને દુશ્મન દેશ જ માનીશું. એ રીતે જ વ્યવહાર કરાશે. પ્યોંગયાંગની ન્યૂઝ એજન્સીએ કહ્યું કે દક્ષિણ કોરિયાના અધિકારીઓનું વર્તન બેજવાબદારીભર્યું છે. તેમની મીલીભગતનો લાભ ઉઠાવીને અમારા વિરોધીઓ સક્રીય છે. તેઓએ અમારી ટોચની લીડરશિપનું અપમાન કર્યું છે. તેઓને માફ ન કરી શકાય. તેની મોટી કિંમત ચૂકવવી પડશે.

ઈયાન ચેપલે કુલદીપ યાદવને ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો માટે ગણાવ્યો ખતરારૂપ

નવી દિલ્હી

કોરોના કાળ પુરો થયો બાદ હવે આ વર્ષના અંતે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સીરીઝમાં ટકરાવવાની છે. ટીમ ઈન્ડિયા માટે આ એક મોટો પ્રવાસ અને ટૂર્નામેન્ટ બની રહેશે. આ સીરીઝને લઈને ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન ઈયાન ચેપલે ભારતના કુલદીપ યાદવને ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો માટે ખતરરૂપ ગણાવી દીધો છે. ઓસ્ટ્રેલિયન પૂર્વ કેપ્ટન ઈયાન ચેપલના મતે ભારતનો આ કાંડાનો સ્પિનર કુલદીપ યાદવ ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો માટે ખતરનાક સાબિત થશે. બેટ્સમેનોને પરેશાન કરી દેશે. ઉલ્લેખનીય છે કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અહીં ચાર મેચોની ટેસ્ટ સીરીઝ રમાશે. ચેપલે ઈએસપીએન ક્રિકઈન્ફોમાં લખેલી પોતાની કૉલમમાં લખ્યું- કુલદીપ યાદવના કાંડા સ્પિન ઓસ્ટ્રેલિયન પીચો પર વિકેટો લેવામાં કારગર સાબિત થઈ શકે છે. પસંદગીકારો માટે આ નિર્ણય લેવો બહુ બહાદુરીનુ કામ હશે. કુલદીપ તે ટીમનો ભાગ હતો જેને ગઇ વખતે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કર્યો હતો અને પહેલીવાર ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સીરીઝ જીતી હતી. લેફ્ટ આર્મ કુલદીપ તે પ્રવાસમાં ચોથી અને અંતિમ ટેસ્ટમાં ભારતની પ્લેઈંગ ઈલેવનમાં પણ હતો, જે મેચ ડ્રૉ રહી હતી. કુલદીપે પહેલી ઈનિંગમાં ૯૯ રન આપીને પાંચ વિકેટ લીધી હતી.

સંસદમાં આ પ્રશ્નની વિસ્તારથી માહિતી આપીશઃ રાજનાથ

શું લદ્દાખની કેટલીક જમીન પર ચીને કબજો કર્યો છે?: રાહુલ ગાંધીનો રક્ષા પ્રધાનને સવાલ

ન્યુ દિલ્હી

લદ્દાખ સરહદે ભારત અને ચીન વચ્ચે ઉદભવેલો તણાવ દેશમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. જોકે, બંને દેશોએ કહ્યું છે કે, શાંતિપૂર્ણ સમાધાન બંને પક્ષના હિતમાં છે. ત્યારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રક્ષા પ્રધાન રાજનાથ સિંહને આ મુદ્દે સવાલ કર્યા છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રક્ષા પ્રધાન રાજનાથ સિંહને પૂછ્યું છે કે, શું લદ્દાખની કેટલીક જમીન પર ચીને કબજો કર્યો છે? રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું છે કે, રક્ષા પ્રધાન આ સવાલનો જવાબ આપશે કે નહીં? આ અંગે રક્ષા પ્રધાન રાજનાથસિંહે કહ્યું કે, 'કોંગ્રેસના ઘણા નેતાઓ આ સવાલ પૂછે છે કે, ભારત-ચીન સરહદ પર શું થઈ રહ્યું છે? હું દેશના લોકોને ખાતરી આપવા માગું છું કે, સંસદમાં આ પ્રશ્નની વિસ્તારથી માહિતી આપીશ.'

૫૦ ટકા કેસમાં ક્યાંથી સંક્રમણ થયું તેના વિશે કોઈ માહિતી નથી દિલ્હીમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન થયું છે : કેજરીવાલ સરકારે સ્વીકાર્યું

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના વધતા કેસ વચ્ચે દિલ્હી સરકારે સ્વીકાર્યું છે કે દિલ્હીમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન થઈ ચુક્યુ છે. મંગળવારે સ્વાસ્થ્ય મંત્રાલય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યુ કે દિલ્હીમાં લગભગ ૫૦ ટકા કેસ એવા આવી રહ્યા છે, જેમના સ્ત્રોત વિશે માહિતી નથી મળી રહી કે તેમને સંક્રમણ ક્યાંથી થયું. તેમણે કહ્યુ કે જ્યારે તમને કેટલાક લોકો એવા મળે કે જેમને સંક્રમણના સોર્સ વિશે માહિતી નથી મળી રહી હોય તો તેને કોમ્યુનિટી સ્પ્રેડ કહેવામાં આવે છે. હવે આ કંઈ નથી.

યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટના રિસર્ચએ દાવો કર્યો

અમેરિકામાં ઓગસ્ટ સુધી કોરાનાને કારણે ૧.૫ લાખ લોકોના મોત થઈ શકે છે

વોશિંગ્ટન

યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટના રિસર્ચર્સે દાવો કર્યો છે કે, ઓગસ્ટ સુધી અમેરિકામાં ૧ લાખ ૪૫ હજાર લોકોના મોત થઈ શકે છે. રિસર્ચની ટીમે શનિવારે નિવેદન જાહેર કરીને ૧,૪૦,૪૯૬ મોત થવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. જો કે ટીમે એ વાત જણાવી નહતી કે પૂર્વાનુમાનમાં ૫ હજાર લોકોના વધારો કેમ કરવામાં આવ્યો છે. અમેરિકામાં કોરોના વાયરસને કારણે અત્યાર સુધી ૧,૧૩,૦૫૫ લોકોના મોત થઈ ગયા છે.

જોન્ય હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ, અમેરિકામાં મિશિગન અને એરિઝોનામાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જ્યારે વર્જીનિયા, રોડ આઈલેન્ડ અને નબ્રાસ્કામાં કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે.

અમેરિકાના સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું છે કે, મિનિયાપોલિસમાં જોર્જ ફ્લોયડના મોત બાદ થયેલા પ્રદર્શનોને કારણે દેશમાં કોરોના વાયરસના સંક્રમણના ઝડપથી ફેલાઈ શકે છે. આગામી દિવસોમાં અમેરિકામાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા રેકોર્ડ સ્તર પર પહોંચી શકે છે. અમેરિકામાં કોરોના વાયરસના કેસની સંખ્યા ૨૦,૨૬,૪૯૩ થઈ ગઈ છે.

જમ્મુ-કાશ્મીરનાં પુંછમાં ભારતીય સેનાએ નષ્ટ કર્યા પાકિસ્તાની મોર્ટાર

પૂંછ

જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં જ ઉરી સેક્ટરનાં નવવા ગામમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા સંઘર્ષ વિરામ ઉલ્લંઘનને લઈને ભારતીય સેના દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેનો વીડિયો પણ હાલ વાયરલ થયો છે. જેમાં સ્પષ્ટ દેખાય છે કે ભારતીય આર્મી બાદ મેળવવામાં આવેલાં મોર્ટારને બ્લાસ્ટ કરીને નષ્ટ કરી નાખે છે.

તમને જણાવી દઈએ કે ઉરી સેક્ટરનાં નવવા ગામમાં પાકિસ્તાન દ્વારા સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. જ્યાર બાદ ત્યાંથી મોર્ટારનો સેલ મળી આવ્યો હતો. જેને ભારતીય સેના દ્વારા નષ્ટ કરી દેવાયો છે. ભારતીય સેનાની બોમ્બ ટુકડી દ્વારા આ મોર્ટારનાં સેલને બ્લાસ્ટ કરીને ઉડાવી દેવામાં આવેલ છે જેનો વીડિયો સામે આવ્યો છે.

આ વીડિયોમાં બોમ્બ ટુકડી તેને નષ્ટ કરતી જોવા મળી રહી છે. જમ્મુ-કાશ્મીરનાં પુંછ જિલ્લા સ્થિત એલઓસી પર પાકિસ્તાને મંગળવારનાં રોજ વગર કારણે ગોળીબારી કરીને મોર્ટારનો સેલ નાખ્યો હતો અને સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કર્યું હતું. જેની ભારતીય સેનાએ જાણકારી આપી હતી.

આ મામલે કર્નલ દેવેન્દ્ર આનંદે નિવેદન આપતા જણાવ્યું કે, "પાકિસ્તાને અકારણ સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન શરૂ કરીને પુંછ જિલ્લાનાં મનકોટ સેક્ટરમાં આજે સવારનાં અંદાજે ૬:૩૦ વાગ્યે નિયંત્રણ રેખાની પાસે નાના હથિયારોથી ગોળીબારી કરી અને મોર્ટારનાં સેલ ફેંક્યા હતાં. જો કે ભારતીય સેના પણ જડબાતોડ જવાબી કાર્યવાહી કરી રહી છે.

આર્થિક સહાય-પેકેજની અનેક જાહેરાતો છતાં દેશમાં આંધળા પાટાપાટાની સ્થિતિ કેમ....?

કોરોના મહામારીએ વિશ્વના દેશોને હચમચાવતી નાખ્યા છે. તો દરેક દેશ પોતપોતાના અર્થતંત્રને પાટે ચઢાવવા માટે ઉદ્યોગ, વેપાર, ધંધા,માર્કેટો સહિતનાને શરતોને આધીન છૂટછાટો આપી દીધી છે.... પરંતુ કોરોના દિન-બ-દિન આગળ વધતો જઈ રહ્યો છે જે અટકવાનું નામ જ લેતો નથી. જ્યારે કે વિશ્વની મહાસત્તાઓ સહિત કોઈ પણ દેશ કોરોના મારક દવા કે રસી શોધવામાં સફળ થયો નથી.....! આમ છતાં અમેરિકા, ઈરાન સહિતના છ જેટલા દેશોએ કોરોના દવા શોધી કાઢી હોવાના દાવા કર્યા છે... પરંતુ તેમાં સફળતા મળી હોવાનો દાવો થયો નથી. જોકે જે દવા શોધી છે તેના પ્રયોગો ચાલી રહ્યા છે. તેવા દાવા જે તે દેશ કરી રહ્યા છે... આ બધું છતાં કોરોના કંટ્રોલ થઈ શક્યો નથી તે એક દીવા જેવી સ્પષ્ટ હકીકત છે....! ટ્રમ્પની જીદ કે તૂડમિજાજ અમેરિકી પ્રજાને ભારે પડ્યો છે.... તો ભારતે પણ ભૂલ તો કરી છે.....! પરંતુ ૬૮ના ૬૨ના ના પગલાએ લોકોમાં આત્મવિશ્વાસ પેદા કર્યો હતો અને કોરોના સાકળ તૂટશેજ એવી શ્રદ્ધા દરેકને હતી.... પરંતુ ૬૮ના ૬૨ના દરમિયાન જે પણ જરૂરી મેડિકલ સુવિધા સહિતની વ્યવસ્થા કરવી જોઈએ તે થઈ શકી ન હતી.....! છતાં એક બાબત સ્વીકારવી રહી કે કોરોના માટે સ્પેશ્યલ ૧૦૦૦- ૧૨૦૦ બેડ ની હોસ્પિટલો ઊભી કરવામાં સફળતા મળી હતી. પરંતુ વસ્તીના પ્રમાણમાં રેપીડ ટેસ્ટ સહિતની સુવિધાઓમા ભારે કમી હતી તો માસ્ક- ૯૫ કે પીપીઈ કિટ પણ ઉપલબ્ધ કરવામાં ઢીલી નીતિ ચાલી હતી....! પરિણામે ડોક્ટરો-નર્સો- મેડિકલ કર્મચારીઓ પણ કોરોનાની ચપેટમાં આવી ગયા હતા. ભારતમાં પણ કોરોના કેસો વધવા લાગ્યા હતા. કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારોએ સહાય માટે અનેક જાહેરાતો કરી હતી. પરંતુ જેના થકી આમ બજારો ધમધમતા રહે છે તે ગરીબ, મજૂર, મધ્યમ વર્ગ, ખેડૂતોના ખીસ્સામાં સીધી આર્થિક સહાય મળે તેવા કોઈ પગલા સરકારે લીધા નહીં... તેમજ આર્થિક સહાય-પેકેજ લાભો વગેરે જાહેર કર્યા તેમાં ઉદ્યોગ, વેપાર, ધંધાને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું.... જેના કારણે આજની તારીખે અનલોક-૧ની મોટી છૂટછાટો છતાં બજારોએ જે ચમક ગુમાવી છે તે પરત આવી નથી.... અને તે આવતા પણ બે-પાંચ વર્ષ નીકળી જવાની શક્યતા છે એવું બજારોના જાણકારોનું કહેવું છે. તો આર્થિક નિષ્ણાતો પણ દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ક્યારે ચડશે તે કહેવામાં પણ થોથવાઈ જાય છે.....! તો સરકારના આર્થિક સલાહકારો ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને આમ પ્રજામાં તેમા પણ ગામડાઓ અને નાના શહેરોમાં જે સ્વનિર્ભરતા છે તેને પારખી શક્યા નથી....! તે પણ એક હકીકત છે પરિણામે દેશમાં આંધળા પાટાની સ્થિતી બની ગઈ છે.....!!

ભારતમાં અનલોક-૧ માટે છૂટછાટો આપી અનલોક ફેઝ-૨મા વધુ છૂટછાટો આપી.... પરંતુ તેના નીતિ નિયમોનુ પાલન પણ થતું નથી.... distance જળવાતું નથી અને અનેક લોકો માસ્કથી દૂર રહે છે....! તો હાથ ધોવાની વાત જ ક્યાં કરવી....? પરિણામે ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨,૫૮૦૦૦ પર પહોંચવાની તૈયારી છે....! તો મૃતાક ૭૨૧૯ પહોંચી ગયો છે. રોજેરોજ કોરોનાના નવા કેસો પણ વધી રહ્યા છે.તો મહામારીના સમયમાં પક્ષાપક્ષી નું રાજકારણ ભૂલીને દરેકે એક થઈને કોરોનાને લડત આપવી જરૂરી છે ત્યારે સત્તાના ખેલ ખેલવાનું રાજકારણીઓએ ચાલુ રહ્યું છે....! જેના કારણે આમ પ્રજા વધુ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે- પરેશાન થઈ રહી છે. કોરોનાનો સામનો કરવાના લાંબા સમયથી અનેક દાવા સરકાર કરી રહી છે. તો મેડીકલ સેવા સૉ શ્રુષાની વ્યવસ્થા આયોજનના અવારનવાર દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ તેનો અમલ કરવામાં કેટલી ગંભીરતા લેવામા આવે છે....?તેવા પ્રશ્નો ઉદભવ્યા પામ્યા છે... કારણ રોજેરોજ કોરોના કેસોનો વધારો થઈ રહ્યો છે... અનલોક-૧ ની છૂટછાટનો અર્થ એ ન હોવો જોઈએ કે લોકોને તેમના ભાગ્ય પર છોડી દેવામાં આવે.....! ગુજરાતમાં આરોગ્યતંત્ર અધિકારીઓની ભૂલો છે- અખતરા છે અને તેના કારણે અમદાવાદ વુહાન બનવા તરફ જઈ રહ્યું છે....! દેશભરમાં કોરોના સારવારને લઈને જુદા જુદા અર્થઘટન કરવામાં આવી રહ્યા છે.... તો જે તે રાજ્યો વચ્ચે, કેન્દ્ર વચ્ચે સંકલનનો અભાવ પણ અનુભવાઇ રહ્યો છે.....! રહેણાકથી લઈને હોસ્પિટલોની જરૂરી વ્યવસ્થા, લોકોનું આરોગ્ય જાળવતા કે દર્દીની સેવા કરતા ડોક્ટરોની ટીમનો સંવેદનશીલ વ્યવહાર-વર્તન તરફ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. કારણ હોસ્પિટલોના અને કોરોના દર્દી કે કેટલાક મૃત્યુ બાબતે એવા અહેવાલો આવ્યા છે કે લોકોમાં ડર વધવા લાગ્યો છે.....! ત્યારે હવે કોરોના દર્દી કે તેનો પરિવાર રામ ભરોસે છે તેવી અનુભૂતિ ન થાય તેવું નક્કર આયોજન સરકાર ખુદ કરે..... બાકી અધિકારીઓના ભરોસે સરકાર ચાલશે.... તો આમ પ્રજાને જ ભોગવવાનું રહેશે....! વંદે માતરમ્

'Penguin' નું ટીઝર રિલીઝ થતા જ સોશિયલ મીડિયામાં છવાયું

મુંબઈ

ફિલ્મ પેન્ગ્વિનનું ટીઝર રિલીઝ થતા જ સોશિયલ મીડિયા પર છવાઈ ગયું છે. અમેઝોન પ્રાઈમ વીડિયો પર ૧૯ જૂનના રોજ પોતાના વિશેષ વર્લ્ડ પ્રીમિયર માટે નિર્ધારિત આ મનોવૈજ્ઞાનિક થ્રિલર પેન્ગ્વિન એક માતા દ્વારા પોતાના બાળકને બચાવવાની કોશિશમાં શારીરિક અને ભાવનાત્મક સફર પર આધારિત છે. કાર્તિક સુબ્બારાજ, સ્ટોન બેન્ચ ફિલ્મ્સ અને પેશન સ્ટુડિયોઝ પ્રોડક્શનની આ ફિલ્મના પોસ્ટરે પહેલેથી જ દર્શકોમાં ખુબ ઉત્સુકતા પેદા કરી છે. ૨૪ કલાક પહેલા રિલીઝ કરાયેલા આ ટીઝરના વીડિયોને યુટ્યુબ પર ૩૩ લાખથી વધુ વાર જોવાયો છે. અમેઝોન પ્રાઈમ વીડિયોએ પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું કે એક માતાનું ખરાબ સપનું સાચુ પડી ગયું. ટ્રેલર ૧૧ જૂનના રોજ રિલીઝ થશે. હેશટેગ પેન્ગ્વિનઓનપ્રાઈમ ૧૯ જૂનના રોજ તામિલ, તેલુગુમાં અને મલયાલમમાં ડબ સાથે રિલીઝ થશે.

એક્ટર મુરલી શર્માની માતા પદ્માનું કાર્ડિયક અરેસ્ટને કારણે ૭૬ વર્ષની વયે નિધન

મુંબઈ

'ગોલમાલ' તથા 'મૈં હૂ ના' જેવી ફિલ્મમાં કામ કરી ચૂકેલા મુરલી શર્માની માતા પદ્મા શર્માનું સાત જૂનના રોજ કાર્ડિયક અરેસ્ટને કારણે નિધન થયું હતું. તેમની ઉંમર ૭૬ વર્ષની હતી.

પદ્મ શર્માએ પોતાના ઘરમાં જ અંતિમ શ્વાસ લીધા હતાં. ગયા વર્ષે જ મુરલીના પિતા બ્રજભૂષણ શર્માનું ૮૪ વર્ષની ઉંમરમાં નિધન થયું હતું. અંતિમ સંસ્કાર મહારાષ્ટ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે થયા હતાં. મુરલી શર્માએ એક્ટ્રેસ અશ્વિની કલેસ્કર સાથે લગ્ન કર્યા હતાં.

મુરલીએ મોટાભાગની ફિલ્મમાં પોલીસનો રોલ પ્લે કર્યો છે. તેણે શાહરુખ ખાનની ફિલ્મ 'મૈં હૂ ના', સલમાન ખાનની 'દબંગ' તથા પ્રભાસની 'સાહો'માં પણ કામ કર્યું છે. હાલમાં જ મુરલી શર્મા એક્ટર વરુણ ધવન તથા એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ટ્રીટ ડાન્સર ૩ડ'માં જોવા મળ્યો હતો. તેલુગુ ફિલ્મ 'અલાવૈકુંઠાપુરામુલૂ'માં મુરલીની એક્ટિંગના વખાણ થયા હતાં. મહેશ બાબુ તથા રશ્મિકા મંદાનાની ફિલ્મ 'સરિલેરુ નીકેવરૂ'માં પણ તેઓ જોવા મળ્યાં હતાં.

આગામી ૫ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગની આગાહી

આજે અને આવતીકાલે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

ગાંધીનગર

ગુજરાતમાં પણ પ્રિ મોન્સૂન અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર વર્તાવા લાગી છે. આજે ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. હવામાન વિભાગે પણ આગાહી કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં પ્રિ મોન્સૂન અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર શરૂ થઈ ગઈ છે. જેના કારણે ૧૦મી અને ૧૧ મી જૂને અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. હવામાન વિભાગની ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડી પર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર હવે રાજ્યમાં વર્તાવા લાગી છે. જેના કારણે આગામી ૫ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્રમાં આજે ભારે વરસાદ પડશે. ભાવનગર, અમરેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે, તેવી રીતે પોરબંદર, દ્વારકામાં પણ ભારે વરસાદ રહેશે. પરંતુ અમદાવાદ અને ગાંધીનગરમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, બંગાળની ખાડીમાં ૨૪ કલાક બાદ લો પ્રેશર બનશે, જે ધીમેધીમે આગળ વધી રહ્યું છે.

સમગ્ર ગુજરાતમાં હાલ ચોમાસાની સિઝનની શરૂઆત થઈ નથી પણ હાલ વરસાદી માહોલ જામ્યો છે ત્યારે હવામાન વિભાગે વરસાદને લઈને આગાહી કરી છે. આગામી પાંચ દિવસ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસ દરમિયાન દમણ, દાદરાનગર હવેલી, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છ, નવસારી, સુરત, બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદ પડે તેવી સંભાવના છે.

અમદાવાદમાં દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને સરેરાશ તાપમાન ઘટીને ૩૪.૨ ડિગ્રી પર પહોંચ્યું હતું. આગામી પાંચ દિવસ સુધી અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. જોકે હાલ છેલ્લા બે દિવસથી અમદાવાદમાં વરસાદી ઝાપટાં પડી રહ્યાં છે. હવામાન વિભાગના મતે, ૧૦મી અને ૧૧મી જૂને ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં હળવુ દબાણ સર્જાતા આગામી ૪૮ કલાકમાં વરસાદી સિસ્ટમ સક્રિય થશે. આ વરસાદી સિસ્ટમ આગામી દિવસોમાં અનેક વિસ્તારોમાં વરસાદ લાવી શકે છે. હાલ હવામાન વિભાગના અધિકારીઓ રાજ્યના વાતાવરણ સહિત બીજા અનેક પેરામીટર ઉપર મોનટરિંગ કરી રહ્યા છે. એટલું જ નહીં, હવામાન વિભાગે અમદાવાદ, ગાંધીનગરમાં પણ સામાન્ય વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં હજી પણ પ્રિ મોનસૂન એક્ટિવિટી સક્રિય છે.

અમદાવાદ DHS હોસ્પિટલે ૬ કલાકનું ૧.૧૨ લાખનું બિલ ફટકારતા પરિવારજનો હબકી ગયા

અમદાવાદ

ખાનગી હોસ્પિટલમાં સરકારી દરે સારવારના હાઈકોર્ટના આદેશ બૂમરેંગ સાબિત થઈ રહ્યાં છે. કોરોનાની સારવારને નામે ખાનગી હોસ્પિટલો દર્દીઓને લૂંટી રહી છે. અમદાવાદની ડીએચએસ હોસ્પિટલે ૬ કલાકની સારવારનું જ ૧.૧૨ લાખનું બિલ ફટકારતાં પરિવારજનો હબકી ગયા છે. અમદાવાદ શહેરની ખાનગી હોસ્પિટલની દાદાગીરી સામે આવી છે. મળતી માહીતી પ્રમાણે દર્દી સવિતા બેન પટેલને પહેલા સોલા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સોલા સિવિલમાં વેન્ટિલેટર ન મળતા ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યારે ખાનગી હોસ્પિટલે ઓક્સિજન- વેન્ટિલેટર અને ઈન્જેક્શનના નામે લાખો રૂપિયાનું બિલ પકડાવી દીધું. ખાનગી હોસ્પિટલની દાદાગીરી આવી સામે. ૧.૧૦ લાખ ખંખેરતા દર્દીના સ્વજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે મનપા દ્વારા ખાનગી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સારવાર મુદ્દે ફી નિયત કરવામાં આવી છે. તેમ છતાં મનપાના આદેશને ઘોળીને પી ગયેલી ખાનગી હોસ્પિટલો મનફાવે તેમ દર્દીઓને લૂંટી રહી છે. બીજી તરફ મહાનગરપાલિકા તંત્ર પણ આવી હોસ્પિટલો સામે કાર્યવાહી કરવાને બદલે મુક પ્રેક્ષક બની તમાશો જોઇ રહ્યું છે.

ખેડબ્રહ્મામાં ફરાર વેવાઈ-વેવાણ આપઘાત કરતા ચકચાર, પોલીસે હાથ ધરી કાર્યવાહી

સાબરકાંઠા

થોડાક મહિનાઓ પહેલા સુરતના વેવાઈ-વેવાણની પ્રેમકહાનીએ આખા દેશમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. ત્યારે ફરી એકવાર સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં વેવાઈ-વેવાણની કહાની સામે આવી છે. ખેડબ્રહ્માની આ ઘટનામાં વેવાઈ- વેવાણે સાથે આપઘાત કર્યો હોવાની વાત સામે આવી રહી છે. વડાલીના વેવાઈ વેવાણે દિધીયા ગામે જઈ આપઘાત કરતા વિસ્તારમાં હડકંપ મચી જવા પામ્યો છે. ચારેબાજુ હાલ આ ઘટનાની જોરદાર ચર્ચાઓ થઈ રહી છે.

ખેડબ્રહ્માના વડાલી ગામના વેવાઈ-વેવાણે દિધીયા ગામે જઈને ગામની સીમમાં ઝાડ સાથે ગળેફાંસો ખાઈને મોતને વ્હાલું કર્યું હતું. આ ઘટનાને પગલે આસપાસના ગ્રામજનો ભેગા થયા હતા અને તેમને પોલીસને સમગ્ર ઘટનાની માહિતી આપી હતી. ખેડબ્રહ્મા પોલીસે આ ઘટનામાં પ્રેમ પ્રકરણમાં આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ આપીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, ખેડબ્રહ્માના દિધીયા ગામે વેવાઈ અને વેવાણે ઝાડ પર ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનામાં એક જ દોરડાથી બન્ને જણાંએ સાથે ગળેફાંસો ખાધા હતા. ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, વડાલીના થેરાસણા ગામના બંને વેવાણ-વેવાઈ દિધીયા ગામમાં મજૂરી કામ સાથે કરતા હતા. ત્યારે કયા કારણોસર બન્ને જણાંએ ગામની સીમમાં લીમડાના ઝાડ સાથે આત્મહત્યા કરી તેને લઈને અટકળોનો દોર શરૂ થયો છે. ખેડબ્રહ્મા પોલીસ ઘટનાની માહિતી મળતા ઘટના સ્થળે પહોંચી હતી. અને તેમને ઘટનાની માહિતી મેળવીને વેવાઈ-વેવાણે પ્રેમ પ્રકરણમાં આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક કારણ આપ્યું છે. પરંતુ સાચું કારણ શું હોઈ શકે તેની જાણ થઈ નથી. હાલ ખેડબ્રહ્મા પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી રહી છે.

અમદાવાદમાં એક દિવસમાં ૧૦ ડોક્ટર કોરોના પોઝિટિવ આવતા તંત્રમાં ગભરાટ

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાનું સંકટ ઘેરાયુ છે ત્યારે ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સની એક પછી એક કોરોનાનો ભોગ બની રહ્યા છે અમદાવાદમાં કોરોનાએ કાળો કહેર વરતાવ્યો છે. અમદાવાદમાં ૧૦૩૯ લોકોનું કોરનાથી મોત થઈ ચુક્યુ છે ત્યારે હોસ્પિટલ સ્ટાફ અને નર્સ પણ કોરનાની ઝપેટમાં આવી રહ્યા છે પરંતુ ગઈ કાલે અમદાવાદના ૧૦ ડોક્ટરર્સ કોરનાનો શિકાર બન્યા છે. જે ખરેખર ચિંતાજનક છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪૭૭ પોઝિટિવ કેસ નોંધાયા. એક જ દિવસમાં વધુ ૩૧ દર્દીઓએ કોરોના વાયરસના કારણે દમ તોડ્યો. બીજી તરફ એક દિવસમાં ૩૨૧ દર્દીઓને સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ. ફ્રન્ટ લાઈન વોરિયર્સ કોરોનાનો ભોગ બની રહ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા ૪૭૭ કેસમાંથી અમદાવાદમાં જ ૩૪૬ કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત સુરતમાં ૫૭, વડોદરામાં ૩૫ અને ગાંધીનગરમાં ૪ કેસ નોંધાયા છે. આમ રાજ્યમાં હવે કુલ પોઝિટિવનો આંક ૨૦ હજાર ૫૭૪એ પહોંચી ગયો છે. જ્યારે કુલ ૧ હજાર ૨૮૦ લોકોના મોત થયા છે. તો કુલ ૧૩ હજાર ૯૬૪ લોકોને હોસ્પિટલમાંથી રજા પણ અપાઈ છે. છેલ્લા થોડા દિવસથી ગુજરાતનાં રિકવરી રેટમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

એક લાખ છાત્રો માતૃભાષાના વિષયમાં નાપાસ

ગુજરાતી માધ્યમના છાત્રો ગુજરાતીમાં જ કાચા પડયા

ગુજરાતી માધ્યમની સામે અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓનું ગુજરાતી વિષયનું પરિણામ પ્રભાવશાળી

અમદાવાદ

રાજ્યમાં આજે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં રાજ્યમાં ગત વર્ષ કરતાં સામાન્ય પરિણામ ઓછું આવ્યું છે. જોકે, આ બધાની વચ્ચે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ગુજરાતી વિષયનું પરિણામ ચિંતાજનક છે. રાજ્યમાંથી આ વર્ષે ૧,૦૦,૩૪૮ વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયમાં ડાંડી મારી છે. ડાંડી મારવી એટલે તળપદી ભાષામાં નાપાસ થયા છે. આ પરિણામ ચિંતાજનક અને વિશ્લેષણ કરવા યોગ્ય છે. રાજ્યમાં આ વર્ષે કુલ ૭,૦૨,૬૦૦ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. આ વિદ્યાર્થીઓ પૈકીના ૬,૯૧,૬૯૩ વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી. આજે બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામ મુજબ ધોરણ-૧૦માં ગુજરાતી પ્રથમ વિષયમાં ગુજરાતી માધ્યમના ૫,૯૧,૩૪૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ ગુજરાતી વિષયનું ધોરણ-૧૦નું પરિણામ ૮૫.૪૯ ટકા છે. જોકે, અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સારો દેખાવ કર્યો છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો દેખાવ સારો જોવા મળ્યો. અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી બીજી ભાષામાં પ્રભાવશાળી પરિણામ આવ્યું છે. અંગ્રેજી માધ્યમના ૧,૦૧, ૬૬૭ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. આ પૈકીના ૧,૦૧,૨૪૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી જ્યારે તેમાંથી ૯૨,૭૮૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આમ અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૧.% રહ્યું હતું. રાજ્યમાં ધો.૧૦ની પરીક્ષાનું આજે ૬૦.૬૪ ટકા પરિણામ જાહેર થયું છે. ૨૦૧૯માં ધોરણ ૧૦નું પરિણામ ૬૬.૯૭ ટકા જાહેર થયું હતુ, તે સંદર્ભે ગત વર્ષ કરતા લગભગ ૫ ટકા ઓછું પરિણામ આવ્યું છે. જેમાં અમદાવાદ શહેરનું ૬૫.૬૧ ટકા જ્યારે જિલ્લાનું ૬૬.૦૭ ટકા પરિણામ આવ્યું છે.

કોઈનું દિલ દુભાય તે કરતાં સમાધી લેવાનું પસંદ કરીશ

અમદાવાદ

રામકથાકાર મોરારીબાપુપર ભગવાન શ્રીકૃષ્ણ પર આપત્તિજનક ટિપ્પણી કરવાનો આરોપ થયો હતો. આજે બાપુએ વીડિયોના માધ્યમથી આપ્યો ખુલાસો જાણીતા કથાવાચક મોરારીબાપુની મુશ્કેલી વધી છે. કથાવાચક મોરારીબાપુ પર ભગવાન શ્રીકૃષ્ણ પર આપત્તિજનક ટિપ્પણી કરવાનો આરોપ સાથે રાજધાની જયપુરના કાલવાડ પોલીસ સ્ટેશનમાં એક પરિવારે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ સંત સૌરભ રાધવેન્દ્ર આચાર્ય મહારાજ નામના એક વ્યક્તિએ નોંધાવી હતી. આ મામલો મોરારીબાપુના ધ્યાનમાં આવ્યા બાદ આજે તેમણે પોતાના વીડિયોના પ્રવચનના માધ્યમથી ખુલાસો આપ્યો છે. બાપુએ કહ્યુ છેકે કૃષ્ણ મારા ઈષ્ટદેવ છે, કોઈનું દિલ દુભે તેના કરતાં હું સમાધી લેવાનું પસંદ કરીશ. મોરારીબાપુએ જણાવ્યું કે, 'તમે મને પોતાનો સમજો કે ન સમજો પરંતુ હું તમને બધાને પોતાનો સમજું છું. મારા માટે કોઈ પરાયું નથી. કોઈને કોઈ કારણવશ કોઈ દુખી છે. ચર્ચાઓ ચાલતી રહે છે. હું મારા ભજનમાં રહું છું, મારી જાણકારીમાં જ્યારે વાત લાવવામાં આવી છે. ત્યારે એક વાત એવી આવી કે ભગવાન કૃષ્ણ વિશે મોરારી બાપુએ કઈક અજુગતી વાત કરી છે. ભાઈ મારા કૃષ્ણ મારા ઈષ્ટદેવ છે. અમે નિમ્બાર્કી પરંપરામાંથી આવીએ છે. જગતગુરૂ પણ મારી વ્યાસપીઠને આદર આપે છે. હું કૃષ્ણ પરંપરાનો સાધુ છું. અમારી કુલદેવી રૂકમણી છે. અમારું ધામ મથુરા છે.' બાપુએ ઉમેર્યું કે, અમારું ધામ દ્વારકા છે - મથુરા છે. અમારી પરીક્રમા ગિરિરાજ છે. મારા ભાઈઓ બહેનો મારે કોઈ શાસ્ત્રાર્થ નથી કરવા. કઈક પ્રમાણ છે છતાં મારે શાસ્ત્રાર્થ નથી કરવા. હું વાદ વિવાદ માટે થોડો છું. મારા જવાબથી કોઈ સાધુનું દીલ દુઃખી જાય તો હું અપરાધી કેમ ઠરું, હું કોઈ શાસ્ત્ર પ્રમાણમાં નહી જાય. મેં મારા ઈષ્ટદેવ મારા પ્રાણેશ્વર ભગવવાનની વેદન વ્યક્ત કરી હતી. ઘણા ગ્રંથો, વિચારકોથી જે સાંભળ્યું તે તમને સારી ન લાગી હોય તો એનો જવાબદાર હું છું. આ જવાબદારી છે અને તે સ્વીકારતા.

દેશમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ, દિલ્હી અને ગુજરાત જેવા રાજ્યો કોરોના વાયરસથી સૌથી વધારે સંક્રમિત પ્રભાવિત રાજ્યો બની ગયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી ૮૮,૫૨૮ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથી ૪૪,૩૮૪ સક્રિય કેસ છે. દિલ્હીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨૯,૯૪૩ છે જેમાંથી ૮૭૪ લોકોના મોત થઈ ગયા છે.

મહારાષ્ટ્ર પોલીસે મંગળવારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ડિપાર્ટમેન્ટમાં એક પણ નવો કેસ આવ્યો નથી. રાજ્યમાં અત્યાર સુધી ૨,૫૬૨ પોલીસ અને અધિકારીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. સાથે જ ૩૪ જવાનોના મોત થયા છે. તમિલનાડુમાં કોરોના વાયરસના કેસ ૩૩,૨૨૯ થઈ ગયા છે. જેમાંથી ૧૫,૪૧૬ એક્ટિવ કેસ છે જ્યારે ૨૮૬ લોકોના મોત થઈ ગયા છે. રાજસ્થાનમાં ૧૦,૭૬૩ અને ઉત્તરપ્રદેશમાં ૧૦,૯૭૪ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે.

હિમાચલ પ્રદેશમાં આજે નવા ૮ કેસ નોંધાયા બાદ રાજ્યમાં કુલ કોરોના વાયરસ પોઝિટીવ કેસની સંખ્યા ૪૨૯ થઈ. જેમાં ૧૯૭ એક્ટિવ કેસ અને ૨૨૩ સાજા થયેલા દર્દી તથા ૫ મોતનો સમાવેશ થાય છે.

દરમ્યાનમાં આપ સરકારના જણાવ્યાં પ્રમાણે, રાજધાની દિલ્હીને આગામી જુલાઈ માસના અંત સુધીમાં ૮૦,૦૦૦ બેડની જરૂર પડશે. કેમ કે, દિલ્હીમાં ૩૧મી જુલાઈ સુધીમાં ૫.૫ લાખ કોવિડ કેસ થવાની સંભાવના છે.

આ સાથે જ સારી બાબત એ છે કે જેટલા એક્ટિવ કેસ છે, એટલા દર્દી સાજા થઈ રહ્યા છે. મંગળવાર સવાર સુધી ૧ લાખ ૨૯ હજાર ૩૪૫ દર્દી બિમાર છે. તો સામે ૧ લાખ ૨૯ હજાર ૯૫ સાજા થયા છે

લોકડાઉનના નિયમો હળવા બનતા દિવસો સધી ઘરમાં પૂરાયેલા લોકો હવે કામકાજે વળગતા રસ્તાઓ ટ્રાફિકથી ઉભરાયા છે.લોકડાઉનના ૭૫માં દિવસે ગુજરાત સહિત આજે ૨૫ રાજ્યોમાં મંદિરો બાદ ૧૭ રાજ્યોમાં મોલ, રેસ્ટોરન્ટ્સ ખૂલ્યા. દેશમાં શ્રદ્ધાળુઓ મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારા અને ચર્ચ પર જઈને પ્રભુ પ્રાર્થનામાં લીન થયા છે. અનેક રાજ્યોમાં અમ્ફાન-નિસર્ગની અસરથી વરસાદની સ્થિતિ છે. હવે ચક્રાવાત શમી ગયો છે પરંતુ ઉત્તરીય જમ્મુ-કાશ્મિર તથા દિલ્હીમાં ભૂકંપની સ્થિતિ છે.

અમિત શાહ પહેલા પાનાથી ચાલુ

ખોલ્યા છે.

તેમણે કહ્યું કે મમતા બેનરજીએ શ્રમિકોનું અપમાન કર્યું છે. શ્રમિક ટ્રેનને તમે કોરોના એક્સપ્રેસ કહી છે પરંતુ તે જ તમને રાજ્યમાંથી બહાર કરશે. તમે મજૂરોના ઘાવ પર મીઠું ભભરાવી રહ્યાં છો અને તેઓ આ અપમાન ક્યારેય ભૂલશે નહીં. શાહે કહ્યું કે જે બંગાળમાં રવિન્દ્ર સંગીતની ધુન સંભળાતી હતી તે બંગાળ આજે બોમ્બ ધડાકાથી હચમચી રહ્યું છે. ગોળીઓનો અવાજ, હત્યાઓ, અને લોકોની ચિત્કારથી સન્નાટો છવાયો છે. કોમી તોફાનોથી તેના આત્માને ખુબ મોટુ નુકસાન થયું છે.

મમતા બેનરજી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે મમતા સરકાર આયુષ્યમાન ભારત યોજનાને બંગાળમાં લાગુ થવા દેતા નથી. ગરીબોને મફત સારવારનો લાભ મળતો નથી. કેજરીવાલે આયુષ્યમાન ભારત યોજનાનો સ્વીકાર કર્યો પરંતુ મમતા બેનરજીએ નહીં. આયુષ્યમાન યોજનાથી દેશના ગરીબોની મફત સારવાર થઈ રહી છે. અમારી સરકાર ૬ વર્ષથી સમસ્યાઓનું સમાધાન કરી રહી છે.

મમતા બેનરજીને આડે હાથ લેતા તેમણે કહ્યું કે મમતાદીદી તમે હિસાબ માંગતા રહો, હું તો હિસાબ લઈને આવ્યો છું. પરંતુ તમે પણ કાલે પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાની સરકારનો હિસાબ આપો અને ક્યાંક બોમ્બ ધડાકા કે બંધ થયેલી ફેક્ટરીઓના નંબર ખોટા ન આપી દેતા. ભાજપના માર્યા ગયેલા કાર્યકરોની સંખ્યા જરૂરી બતાવજો.

સીએએ પર અમિત શાહ બોલ્યા કે મે તે દિવસે મમતા બેનરજીનો ચહેરો જોયો હતો. તેઓ ખુબ ગુસ્સામાં હતાં. યોગ્ય રીતે નામ લેવાની તમીઝ પણ રહી ન હતી. બાંગ્લાદેશથી જે બંગાળીઓ આવ્યાં હતાં તેમણે તમારું શું બગાડ્યું. તેમને નાગરિકતા મળે તેનાથી તમને શું તકલીફ હતી. તમે સીએએનો વિરોધ કરી રહ્યા છો. બંગાળની જનતા તમને રાજકીય શરણાર્થી બનાવવાની છે.

પીએમ મોદી પર અમિત શાહે કહ્યું કે નાગરિકતા સંશોધન બિલ ખુબ જરૂરી હતું. બહારથી આવેલા શરણાર્થીઓ અનેક વર્ષો સુધી ઓળખ વગર રહત. તેમની સરકારે પણ વાત ન સાંભળી કારણ કે તૃષ્ટીકરણનું રાજકારણ કરવાનું હતું. પરંતુ મોદી સરકાર સીએએ લાવી અને તેમણે ૧૯૪૭નું વચન પૂરું કર્યું.

કાશ્મીરથી કલમ ૩૭૦ હટાવવા પર અમિત શાહે કહ્યું કે બંગાળના જ શ્યામા પ્રસાદ મુખરજીએ કાશ્મીર માટે કાશ્મીરની ધરતી પર જીવ આપ્યો. મોદીએ ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી અને ૩૫એ હટાવવાનો પ્રસ્તાવ સંસદમાંથી પાસ કરાવ્યો અને તેને જડથી ઉખાડીને ફેંકી દીધી. મોદી સરકારે સર્જિકલ અને એર સ્ટ્રાઈક દ્વારા કડક સંદેશ આપ્યો કે આતંકવાદ સામે ભારત ઝીરો ટોલરન્સની નીતિ ધરાવે છે.

ચીની સૈનિકો પહેલા પાનાથી ચાલુ

છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેટલાક લોકો લદાખમાં ચીની સેના હાજર હોવાનો દાવો કરી રહ્યા છે. ત્યારબાદ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) એચ.એસ. પનાગએ એક લેખ લખ્યો હતો કે ચીની સેનાએ લદાખમાં ભારતીય ક્ષેત્રની અંદર ૪૦ થી ૬૦ ચોરસ કિલોમીટર જમીન પર કબજો કર્યો છે. જો આ વાત સાચી હોય, તો પછી ૨ થી ૨.૫ કિમી ચીની સેનાની પીછેહઠને શાંતિપૂર્ણ રીતે આ મુદ્દાને હલ કરવાના સંકેત તરીકે ગણી શકાય. જો કે, લદ્દાખમાં ચીન સાથે ચાલી રહેલી અડચણ પણ દેશમાં વેગ પકડવાનું શરૂ કર્યું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદન પર કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કરેલી ટિપ્પણ પર સૌ પ્રથમ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે પ્રતિક્રિયા આપી હતી અને એ પછી રાહુલે ગંભીર પ્રશ્ન ઉઠાવ્યો હતો. એ જ સમયે રમત પ્રધાન કિરણ રિજિજુએ તેમના પર દેશની સૈન્ય શક્તિ પર શંકા કરવાનો આરોપ લગાવ્યો હતો.

દિલ્હીમાં જુલાઇ પહેલા પાનાથી ચાલુ

ઉપરાજ્યપાલ અનિલ બૈજલને તેના પર ફરીથી વિચાર કરવાનું કહ્યું છે. પરંતુ તેમણે ના પાડી દીધી છે.

દિલ્હીમાં જે સ્પીડથી કેસ વધી રહ્યા છે તેનાથી કમ્યુનિટી સ્પ્રેડનો ખતરો વધી રહ્યો છે. દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને સ્પષ્ટપણ કહ્યું કે દિલ્હીમાં કોમ્યુનિટી સ્પ્રેડ શરૂ થઇ ગયું છે. પરંતુ હાલ કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ આજની બેઠકમાં તેને માનવાની ના પાડી દીધી. મીટિંગ બાદ પણ જૈને કહ્યું કે દિલ્હી સરકાર સ્પષ્ટ કહી રહી છે કે કમ્યુનિટી સ્પ્રેડ છે પરંતુ તેને જાહેર કરવાનો અધિકાર કેન્દ્ર સરકારની જ પાસે છે.

બીજા વિશ્વયુદ્ધ પહેલા પાનાથી ચાલુ

પર્યટન, કમોડિટી નિકાસ અને એક્સટર્નલ ફાઈનાન્સિંગ પર વધુ નિર્ભર હેશ, ત્યાં ગરીબી સૌથી વધુ વધશે.

કોરોના વાયરસના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં બીજા વિશ્વ યુદ્ધ બાદ સૌથી વધુ મંદી આવશે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ વર્ષે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ૫.૨ ટકાનો ઘટાડો આવી જશે.

ભારત સહિત દુનિયાભરની અર્થવ્યવસ્થા પર શું થશે અસર? વિશ્વ બેંકે એ વાતની આશંકા વ્યક્ત કરી છે કે આ વર્ષે ભારતીય અર્થવ્યવસ્થામાં ૩.૨ ટકાનો ઘટાડો આવશે.

નોંધનીય છે કે, આ દર ૨૦૧૭માં ૭ ટકા હતો, જે ૨૦૧૮માં ઘટીને ૬.૧ ટકા રહી ગઈ. ૨૦૧૯-૨૦માં તે વધુ ઘટી અને ૪.૨ ટકા પર પહોંચી ગયો. કોરોના વાયરસ અને લૉકડાઉનની અસલી અસર આ નાણાકીય વર્ષમાં જોવા મળશે.

રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આ વર્ષે વિકસિત દેશોની અર્થવ્યવસ્થા ૭ ટકા થઈ જશે અને વિકાસશીલ દેશોની ઈકોનોમીમાં પણ ૨.૫ ટકાનો ઘટાડો આવી શકે છે.

BTPના ૨ ધારાસભ્યો હુકમનો એક્કો, કોંગ્રેસના ૩ MLAના ક્રોસ વોટિંગ માટે ભાજપ સક્રિય

અમદાવાદ

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી માટે જંગ ચાલી રહ્યો છે. તે સંજોગોમાં BTPના ૨ મત પર સંપૂર્ણ મદાર છે, જેથી ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા આ ૨ મત મેળવવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ ભાજપને શંકા છે કે BTPના મત તો કોંગ્રેસને જ મળશે. જ્યારે ૧ અપક્ષ, ૧ NCPના પણ કોંગ્રેસને મળે તો પણ ભાજપે તેની ત્રણેય બેઠકો જીતવા કોંગ્રેસમાંથી ૩ ધારાસભ્યોનું ક્રોસવોટિંગ કરાવી દેવાનો ખેલ પાડી રહ્યો છે.

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપે એક તરફ કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોને રાજીનામા અપાવીને બાજી પોતાની તરફેણમાં કરી લીધી હતી. ત્યાં જ એનસીપીનાં ધારાસભ્યને પક્ષ દ્વારા કોંગ્રેસની તરફેણમાં મત આપવાનો આદેશ અપાતા ફરી એકવખત ચૂંટણી રસપ્રદ બની ગઇ છે. હાલમાં વિધાનસભાની સંખ્યા ૧૭૨ છે અને તેમાં ભાજપ પાસે ૧૦૩ અને કોંગ્રેસ પાસે ૬૫ ધારાસભ્યો છે. જ્યારે એનસીપી તથા અપક્ષ ૧-૧ અને BTPના બે સભ્યો વસાવા ફેમીલીના છે. હાલની સ્થિતિ મુજબ બંને પક્ષો માટે હવે એક બેઠક જીતવા ૩૪.૬ મતોની જરુર રહેશે. અને તે ૩૫ મત ગણાશે. એનસીપીના ધારાસભ્યને પક્ષની વ્હીપનું પાલન કરવું પડે તો સમગ્ર ખેલ એકડા-બગડા ઉપર ચાલ્યો જાય તેવા સંકેત છે. કોંગ્રેસને પક્ષ બે બેઠકો જીતવામાં સીધા ૩૦ મતની જરુર પડે જેની પાસે હાલ ૬૫ મત ઉપરાંત અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી અને એનસીપીના ધારાસભ્યના મત મળે તો પણ કુલ ૬૭ મત થાય છે અને ફરી એક વખત ભારતીય ટ્રાયબલ પાર્ટીનાં બે મતો મહત્વના બની જશે.

એનસીપીના ધારાસભ્યને જે વ્હીપ અપાયો તે માટે જ એનસીપી ગુજરાત એકમના પ્રમુખપદેથી શંકરસિંહ વાઘેલાને ખસેડાયા હતાં તે નિશ્ચિત બની ગયું છે. વાઘેલાએ ભાજપ સાથે ફિક્સીંગ કરીને કોઇ વ્હીપનહીં આપે તેવું નિશ્ચિત બનતાં તેમને ખસેડવામાં આવ્યા હોવાનું એનસીપીના સુત્રોએ જણાવ્યું છે. હવે જો આ ધારાસભ્ય પોતે વ્હીપનો ભંગ કરે તો તે પોતાનું સભ્યપદ ગુમાવી શકે છે. સુત્રોનાં જણાવ્યા મુજબ અંતે તો વિધાનસભાના અધ્યક્ષ નક્કી કરે. પરંતુ ભાજપે હાલ તેનાં પ્રથમ ઉમેદવારને મત ફિક્સ કર્યા બાદ તે જ ધારાસભ્ય બીજીપસંદગીના મતો આપે અને કોંગ્રેસ પક્ષ માટે પણ તેવી સ્થિતિ બને તેવા સંકેત છે.

રૂપાણીના ચક્રવ્યૂહને ભેદવા ગુજરાતમાં અહેમદ પટેલની એન્ટ્રીથી બદલાશે સમીકરણો

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના ગઢમાં ગાબડું પડ્યું છે ત્યારે કોંગ્રેસને જીતાડવા પક્ષના દિગ્ગજ નેતા અહમદ પટેલ મેદાનમાં આવ્યાં છે. એનસીપીનો સાથ મળતા હવે બીટીપીને મનાવવા કોંગ્રેસે પ્રયાસ શરૂ કર્યા છે. ત્યારે બીટીપીના નેતાઓને મનાવવા માટે કોંગ્રેસના ટોચના નેતા અહમદ પટેલ સક્રિય થયા છે. બીટીપીના નેતા છોટુ વસાવા અહમદ પટેલના સંપર્કમાં છે. બીટીપીના બંને મત કોંગ્રેસને મળે તેને લઈને વાટાઘાટ શરૂ કરવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસને તેના ધારાસભ્યોના રાજીનામા રૂપે એક પછી એક મોટા આંચકા મળી રહ્યા છે. પરંતુ તેમ છતાં કોંગ્રેસ પાર્ટીના જુસ્સાને ઓછો નથી થયો. ગુજરાત કોંગ્રેસનો દાવો છે કે રાજ્યસભાની ચૂંટણીમાં તેમને બે બેઠકો મળશે અને તે માટે તેમને ફક્ત એક મતની જરૂર છે. જોકે પાર્ટીએ આ કેવી રીતે શક્ય બનશે તે અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. ગુજરાતના કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે કહ્યું કે, બીજી બેઠક જીતવા માટે અમારે માત્ર એક મતની જરૂર છે. અમે સંખ્યા પર ચર્ચા કરીશું નહીં કારણ કે તે અમારી વ્યૂહરચનાનો એક ભાગ છે. તેમણે ૨૦૧૭ રાજ્યસભા માટેઅહેમદ પટેલ કેસનું ઉદાહરણ આપ્યું અને એમ પણ કહ્યું કે અમે હાલ સંખ્યાબળ પર કામ કરી રહ્યા છીએ, નિષ્ક્રિય બેઠા નથી.

વર્ષ ૨૦૧૮ માં ગુજરાત વિધાનસભાની ૭૭ બેઠકો કોંગ્રેસે જીતી હતી પરંતુ હવે પાર્ટીનું સંખ્યા બળ ઘટીને ૬૫ થઈ ગયું છે. માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં ૮ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે. રાજ્યસભાની ચૂંટણી સુધી કોંગ્રેસે તેના બાકીના ધારાસભ્યોને અંબાજી, વડોદરા અને રાજકોટ મોકલી દીધા છે. કોંગ્રેસે રાજ્યસભાની ચૂંટણી માટે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને ઉમેદવાર બનાવ્યા છે. ગોહિલને પ્રથમ પસંદગીના આધારે મત મળશે પરંતુ બીજી બેઠક માટે કોંગ્રેસનો રસ્તો મુશ્કેલ બન્યો છે કારણ કે બીજેપીએ નરહરિ અમીનને મેદાનમાં ઉતાર્યા છે.

છેલ્લા અઢી મહિના જેટલા સમયથી આરોગ્ય સચિવ જયંતિ રવિ સાથે આરોગ્ય વિભાગમાં ફરજ બજાવનાર

સિનિયર IAS અધિકારી હરિત શુક્લા કોરોના સંક્રમિત થતા ભારે ખળભળાટ

ગાંધીનગર

સમગ્ર ગુજરાતના માથે કોરોના વાયરસ તાંડવ કરી રહ્યો છે. હવે તો ફ્રન્ટ લાઈન વોરિયર્સ કોરોનાનો ભોગ બની રહ્યા છે. અમદાવાદની જીકૃ હોસ્પિટલમાં વધુ ૮ ડૉક્ટર કોરોના સંક્રમિત બન્યા છે. ત્યારબાદ આજે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતના સિનિયર ૈઁછજી અધિકારીને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. જયંતિ રવિની ટીમના આઈ.એ.એસ હરિત શુક્લાને કોરોના વાયરસથી સંક્રમિત થયા છે.

રાજ્યના સિનિયર આઈએએસ હારિત શુક્લા કોરોના સંક્રમિત થયા છે. તેઓ સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સેક્રેટરી છે અને તેમને કોરોના પોઝિટિવ આવતા ભારે ખળભળાટ મચ્યો છે. મહત્વપૂર્ણ છે કે તેઓ છેલ્લા અઢી મહિના જેટલા સમયથી આરોગ્ય સચિવ જયંતિ રવિ સાથે આરોગ્ય વિભાગમાં ફરજ બજાવી રહ્યા હતા.

અઢી માસથી શુક્લા આરોગ્ય વિભાગમાં સેવા આપી રહ્યા હતા. છેલ્લા એક સપ્તાહથી શુક્લા રજા પર હતા. ત્યારબાદ તેમનો રિપોર્ટવ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. હાલ ૈઁછજી હારીત શુક્લા પ્રાઇવેટ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. પરંતુ તેમની તબિયત સારી છે હાલ તેમને કોઈ મુશ્કેલી નથી થઈ રહી. સારવારથી ઝડપથી રિકવરી આવી રહી છે.

આરોગ્ય વિભાગમાં કાર્યરત હોવાના કારણે તેઓ છેલ્લા અઢી મહિના જેટલા સમયથી રાજ્યમાં કોરોનાના સંક્રમણને લઈ થતી આરોગ્ય વિભાગની મિટીંગોમાં તે સતત હાજર રહેતા, કોવિડ-૧૯ હોસ્પિટલોની મુલાકાત પણ લેતા હતા.

અમરેલી જીલ્લામાં કોરોનાના વધુ ૩ કેસ નોંધાતા મચ્યો ખળભળાટ

અમરેલી

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે, ત્યારે અમરેલી જિલ્લાની મુશ્કેલીમાં વધારો થયો છે. આજે વધુ ત્રણ કેસ નોંધાયા છે. અમરેલી શહેરના લાઠી રોડ વિસ્તારના ૭૧ વર્ષીય વૃદ્ધ , લીલીયા તાલુકાના સલડી ગામના ૨૯ વર્ષીય યુવક અને સાવરકુંડલાના નાની વડાળ ગામના ૭૦ વર્ષીય વૃદ્ધને કોરોના પોઝિટિવ આવ્યો છે.

આમ, જિલ્લામાંકોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૮ થઈ ગઈ છે. ની સામે ૯ લોકો સ્વસ્થ થયા છે. તેમજ કુલ બે લોકોના મોત થયા છે. તેમજ હાલ ૭ લોકો સારવાર હેઠળ છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૪૭૭ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૩૧ દર્દીઓના મોત થયા છે. ગઈ કાલે ૩૨૧ દર્દીઓને સારવાર ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨૦,૫૭૪ થઈ છે અને મૃત્યુઆંક ૧૨૮૦ પર પહોંચ્યો છે.

અમદાવાદ શહેરનું ધો. ૧૦નું ૬૫.૬૧% જ્યારે જિલ્લાનું ૬૬.૦૭% પરિણામ જાહેર

અમદાવાદ

રાજ્યમાં ધો.૧૦ની પરીક્ષાનું આજે ૬૦.૬૪ ટકા પરિણામ જાહેર થયું છે. જેમાં અમદાવાદ શહેરનું ૬૫.૬૧ ટકા જ્યારે જિલ્લાનું ૬૬.૦૭ ટકા પરિણામ આવ્યું છે. અમદાવાદમાં ૫૦,૯૪૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૩૩,૩૭૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે જિલ્લામાં ૩૯,૦૪૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૨૫,૭૯૮ નાપાસ થયા છે. અમદાવાદ શહેરમાં A1 ગ્રેડમાં- ૧૧૩, A2 ગ્રેડમાં- ૨૦૩૪, B1 ગ્રેડમાં- ૪૭૬૮, B2 ગ્રેડમાં-૭૬૧૭, C1 ગ્રેડમાં- ૧૦૦૬૯, C2 ગ્રેડમાં- ૭૮૧૧, D ગ્રેડમાં- ૯૬૩, E1 ગ્રેડમાં ૯૧૫૯, E2 ગ્રેડમાં ૮૪૦૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જિલ્લામાં A1 ગ્રેડમાં- ૧૦૪, A2 ગ્રેડમાં- ૧૫૩૮, B1 ગ્રેડમાં- ૩૫૧૩, B2 ગ્રેડમાં- ૫૭૬૯, C1 ગ્રેડમાં- ૮૦૮૫, C2 ગ્રેડમાં- ૬૦૫૬, D ગ્રેડમાં- ૭૩૩, E1 ગ્રેડમાં ૭૪૨૪, E2 ગ્રેડમાં ૫૮૨૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

રાજકોટમાં ૭૭ જેટલા પોલીસ કર્મીઓની આંતરિક અલગ અલગ શાખામાં બદલી

રાજકોટ

પોલીસબેડામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ દ્વારા શહેરના વિવિધ પોલીસ મથકમાં અને ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા અલગ અલગ છજીં, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ અને લોકરક્ષકના જવાનોની આંતરિક બદલી કરી છે. રાજકોટમાં ૭૭ જેટલા પોલીસ કર્મીઓની અલગ અલગ શાખામાં બદલી કરવામાં આવી છે.

જેમાં શહેરનું આખું પોલીસ માળખું બદલાઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, વહીવટી પ્રક્રિયા મુજબ એક જ જગ્યાએ લાંબો સમય ફરજ બજાવી રહેલા પોલીસ કર્મીઓની બદલી કરવામાં આવી છે. જેમાં ઘણા નવી ભરતીના પણ પોલીસ કર્મીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એકીસાથે ૭૭ જેટલા પોલીસ કર્મીઓની બદલીઓ ઓર્ડર નીકળતા પોલીસ બેડામાં પણ દોડાદોડી જોવા મળી રહી છે.

વડોદરા શહેર અને જિલ્લાનું ધોરણ ૧૦નું પરિણામ ૬૦.૧૯ ટકા જાહેર

૮૩ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવ્યો, જ્યારે ૧૪૪૪ વિદ્યાર્થીઓએ A-2 ગ્રેડ મેળવ્યો

વડોદરા

રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો-૧૦ની પરીક્ષાનું પરિણામ આજે બોર્ડની વેબસાઈટ પર જાહેર થયું છે. જેમાં વડોદરા શહેર અને જિલ્લાનું પરિણામ ૬૦.૧૯ ટકા આવ્યું છે. વડોદરા શહેર અને જિલ્લામાં ગત વર્ષે ૬૭.૦૪ ટકા પરિણામ આવ્યું હતું. આમ ગત વર્ષની સરખામણીમાં ૬.૮૪ ટકા ઓછુ છે. રાજ્યમાં દાહોદ જિલ્લાનું સૌથી ઓછુ ૪૭.૪૭ ટકા પરિણામ આવ્યું છે.

વડોદર શહેર અને જિલ્લામાં આ વર્ષે ૩૮,૧૩૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વડોદરામાં ૮૩ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવ્યો છે. જ્યારે ૧૪૪૪ વિદ્યાર્થીઓએ A-2 ગ્રેડ મેળવ્યો છે. પરિણામ જાહેર થતાં જ વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્કૂલમાં ભેગા થયા હતા. પરિણામને લઈને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં ખુશી જોવા મળી હતી. જોકે પરિણામ નીચુ હોવાથી ઘણા વિદ્યાર્થીઓ નિરાશ થયા હતા.

મધ્ય ગુજરાતના કયા જિલ્લામાં કેટલુ પરિણામ

વડોદરા- ૬૦.૧૯ ટકા
છોટાઉદેપુર- ૪૭.૯૨ ટકા
પંચમહાલ- ૫૧.૨૫ ટકા
દાહોદ- ૪૭.૪૭ ટકા
ભરૂચ- ૫૪.૧૩ ટકા
નર્મદા- ૬૧.૦૧ ટકા
મહીસાગર- ૫૫.૬૫ ટકા

અરવલ્લી જિલ્લામાં કોરોનાથી ૨ લોકોનાં મોત થતા કુલ મોતનો આંકડો ૧૦ થયો

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે અને દિવસે ને દિવસે પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં એક જ દિવસમાં કોરોનાથી બે લોકોનાં મોત નિપજ્યાં છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૧૦ લોકોનાં મોત નિપજ્યાં છે. અરવલ્લી જિલ્લામાં એક જ દિવસમાં કોરોનાથી બે લોકોનાં મોત નિપજ્યાં છે. ધનસુરાના વ્રજપુરાકંપામાં ૩૮ વર્ષિય યુવાનનું કોરોનાથી મોત નિપજ્યું હતુ. યુવકના મોત બાદ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. અરવલ્લી જિલ્લામાં કુલ ૧૦ લોકોના કોરોનાથી મોત નિપજ્યાં છે. જ્યારે જિલ્લામાં કુલ ૧૩૫ કોરોનાને કેસ છે જ્યારે ૧૧૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

રાજકોટ મનપાની ગંભીર બેદરકારીઃ લાખો રૂપિયાનો માલ-સામાન સડતો જોવા મળ્યો

રાજકોટ મહાપાલિકાની ગંભીર બેદરકારી આવી સામે. સોલીડ વેસ્ટ વિભાગના સ્ટોરરૂમમાં લાખો રૂપિયાનો માલ-સામાન સડતો જોવા મળ્યો હતો. મોટા પ્રમાણમાં કચરા પેટી સહિતની વસ્તુઓ વરસાદમાં સડી રહી છે. આ સમગ્ર બાબતે મહાપાલિકાના ઉચ્ચ અધિકારીઓ જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા હોવાનો આક્ષેપ થયા છે. ત્યારે જીએસટીવીએ દર્શાવિલા અહેવાલ બાદ વિપક્ષ સક્રિય બન્યુ અને આ અંગે મહાપાલિકાના કમિશનર સાથે મુલાકાત કરવાનો દાવો કર્યો.

મહેસાણામાં રણતીડના આક્રમણની સંભાવના જોતા ખેડૂતો માટે શરૂ કરાયો કન્ટ્રોલરૂમ

મહેસાણા

સતત વિવિધ કુદરતી આફતોનો સામનો કરી રહેલા ખેડૂતો પણ વધુ એક આફત તીડરૂપે ત્રાટકી રહી છે, પાટણના સાંતલપુર પંથક સુધી તીડ દેખાયા છે ત્યારે મહેસાણા જિલ્લામાં પણ તીડના આક્રમણની સંભાવના હોઈ મહેસાણાના કલેકટર એચ.કે.પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાની રણતીડ મોનિટરીંગની સોમવારે યોજાયેલી બેઠકમાં તીડ નિયંત્રણની કામગીરી અંગે વિસ્તૃત આયોજન કરાયું હતું તેમજ ખેડૂતોને તીડ અંગે વિશેષ માહિતી અને માર્ગદર્શન મળી રહે તે માટે કન્ટ્રોલરૂમ શરૂ કરાયો હતો.

ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તારના રણકાંઠા જિલ્લાઓમાં તીડ બ્રિડીંગને અનુકુળ વાતાવરણ સર્જવાની શક્યતા હોવાથી આફ્રિકાના દેશો, ઈરાન, બલુચીસ્તાન, પાકિસ્તાન અને રાજસ્થાન તરફથી રણતીડનાં ટોળાં આવી શકે તેવી સંભાવાના હોઈ કલેકટરે તીડ નિયંત્રણની કામગીરી માટે તમામ કક્ષાએ માઈક્રોપ્લાનિંગ કરવા સૂચન કર્યું હતું. જેમાં જિલ્લા કક્ષાએ તલાટી, ગ્રામસેવકો સહિત સંબધિત કર્મચારીઓને તીડ નિયંત્રણની તાલીમ, પશુપાલન વિભાગ સહિત આરોગ્ય વિભાગને જરૂરી એન્ટીડોઝનો જથ્થો ઉપલબ્ધ રાખવો વગેરે સૂચન કરાયાં હતાં. ખેડૂતોને વિશેષ માહિતી અને માર્ગદર્શન માટે સવારે ૯થી સાંજે ૬ કલાક સુધી ખેતીવાડી શાખાના કંટ્રોલરૂમ મહેસાણામાં ૦૨૭૬૨-૨૨૩૧૭ અથવા તીડ નિયંત્રણ કચેરી પાલનપુર કંટ્રોલ રૂમનં-૦૨૭૪૨-૨૪૫૧૪૨ (મો-૭૭૩૮૩૩૮૫૪૬)નો સંપર્ક કરવા જણાવાયું છે.

ઉપરાંત તીડ નિયંત્રણ બાબતે ટ્રેકટર માઉન્ટેડ પંપ ધરાવતા ખેડૂતોને તૈયાર રાખવા અને રાત્રિ રોકાણ સંભવિત ગામોના ગૌચર, પડતર વિસ્તારનો રસ્તા સાથેનો રફ નકશો ગામના આગેવાનો સાથે ચર્ચા કરી તૈયાર કરવા અને તીડ નિયંત્રણ ટીમની રચના કરવા સૂચના આપી હતી. તીડ નિયંત્રણની કામગીરી કરાઈ હોય તેવા વિસ્તારોમાં ૧૦થી ૧૫ દિવસ સુધી પશુઓ કે વ્યક્તિઓની અવરજવર પર પ્રતિબંધ કરતી નોટિસ આપવા તેમજ પ્રવેશ નિષેધનું બેનર લગાવવા સહિતની સરપંચ-તલાટીઓને સૂચના આપવી, તીડ નિયંત્રણ કામગીરી માટે જરૂરી વાહન, પાણી, લાઈટ, માસ્ક સહિતની વ્યવસ્થા અને માર્ગદર્શન બાબતે પણ ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારી વિશાલ ભટ્ટ, નાયબ વનસંરક્ષક રેણુકાબેન દેસાઈ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

પેટલાદમાં ૬ વર્ષના બાળકનું અપહરણ કરનાર શખ્સ કપડવંજથી ઝડપાયો

પેટલાદ

પેટલાદમાંથી સાળાના નાનકડા દિકરાને મોબાઈલ રમાડવાની લાલચ આપી તેનું અપહરણ કરી જઈ તેના બદલામાં તારી બેનને મૂકી જા તેમ કહી ફરાર થનાર શખ્સને પેટલાદ ટાઉન, રૂરલ, આણંદ એસઓજી, એલસીબી અને કપડવંજ પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ગોપાલપુરા વિસ્તારમાંથી આજે વહેલી સવારે ઝડપી પાડ્યો હતો અને બાળકને છોડાવ્યો હતો. મુનીરોદ્દીનના ઘરે આવેલા ટીનાએ સાળાના બહાર રમતા છ વર્ષના દિકરા સમીરને મોબાઈલ રમવાની લાલચ આપી બાઈક ઉપર બેસાડી ફરાર થઈ ગયો હતો. મોડે સુધી ટીનો બાળકને લઈને પરત આવ્યો નહોતો. થોડીવાર બાદ મુનીરોદ્દીને ટીનાભાઈને મોબાઈલ ઉપર કહ્યું હતું 'તારા દિકરા સમીરને હું ઉપાડી ગયો છું, તારી બેન મીનાને મારા ઘરે મૂકી જા અને સમીરને લઈ જા' તેમ કહી તેને ફોન કટ કરી દીધો હતો.

પોતાના પુત્રને સાળા દ્વારા અપહરણ થયું હોય તરત જ આ પરિવારે પેટલાદ ઈન્ચાર્જ પીઆઈ ટી. આર. ગઢવીને મળી બધી વાત કરી હતી. એટલે તેમણે સાંજે સાત વાગે ફરિયાદ દાખલ કરી હતી. બનાવ અપહરણનો હોય અને મોડું થાય તો ગંભીર પરીણામ આવવાની શક્યતા હતી. તરત જ પેટલાદ ટાઉન, રૂરલ પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીની ટીમને તૈયાર કરવામાં આવી હતી. પેટલાદ શહેર પોલીસને જાણ કરી દેવામાં આવી હતી અને અહીયાથી ટીમો ગોપાલપુરા રવાના થઈ હતી.

તેઓ કપડવંજ પહોંચ્યા ત્યારે સ્થાનિક પોલીસ પણ તૈયાર હતી. અપહરણકાર કપડવંજના ગોપાલપુરા ખાતે છુપાયો હોવાની માહિતી મળી હતી જેથી પોલીસે છાપો મારીને ટીના દેવીપૂજકને ઝડપી પાડ્યો હતો અને સમીરને હેમખેમ છોડાવી લીધો હતો. ટીનો હિસ્ટ્રીશીટર છે અને પત્ની મીનાબેન સાથે ઝઘડો થતાં તેણી તેને છોડીને જતી રહી હતી જેની રીસ રાખીને ભત્રીજા સમીરનું અપહરણ કર્યું હોવાની કબૂલાત કરી હતી.

ગાંધીનગરમાં સેક્ટર-૨૫ સિવાય આખા પાટનગરમાં પ્રસર્યો કોરોના વાયરસ

ગાંધીનગર

લોકડાઉન ખુલ્યા બાદ ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ રાજ્યના મોટા શહેરો જેટલું જ વધી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરની વાત કરીએ તો અહીં સે-૨૫ સિવાય તમામ સેકટરોમાં કોરોના પ્રવેશી ચુક્યો છે. પાડોશી એવા સે-૨૪માં ૨૬ જેટલા કેસ છતાં સે-૨૫માં હજુ સુધી એકપણ કોરોનાનો દર્દી નોંધાયો નથી, જે સારી બાબત છે. જ્યારે સે-૩માં ૧૪, સે-૨માં ૧૧ અને સે-૨૯માં દસ કેસ જોવા મળ્યા છે. કોરોનાના વધતાં સંક્રમણના કારણે હજુ પણ લોકોમાં ડરનો માહોલ યથાવત રહેવા પામ્યો છે.સૌથી વધારે સે-૨૪માં ૨૬ કેસ છતાં સે-૨૫ હજુ પણ સલામત છે. સેકટર-૩માં ૧૪, સે-૨માં ૧૧ તો સે-૨૯માં ૧૦ કેસ નોંધાયા છે.

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ સામે ભારત હાલ લડી રહ્યું છે. ત્યારે પાટનગર ગાંધીનગર શહેરમાં ગત તા.૧૯ માર્ચે કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો. ત્યારબાદ લોકડાઉનની સ્થિતિના કારણે કોરોનાના કેસો ઉપર નિયંત્રણ લાવી શકાયું હતું. પરંતુ ગત તા.૧ જુનથી લોકડાઉનમાં છુટછાટ આપીને વેપાર ધંધા અન રોજગારી શરૂ કરી દેવામાં આવ્યા છે, ત્યારે તેના કારણે કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે. ગાંધીનગર જિલ્લો હાલ ૪૦૦ ઉપર ચાલી રહયો છે, ત્યારે પાટનગર ગાંધીનગર શહેરની જ વાત કરીએ તો અહીં અત્યાર સુધી ૧૪૩ કેસ નોંધાઈ ચુકયા છે. જેમાં શહેરના સેકટર-૨૫ સિવાય તમામ સેકટરોમાં કોરોનાનો ચેપ પ્રસરી ચુકયો છે.

સૌથી વધારે સે-૨૪માં ૨૬ જેટલા કોરોનાના દર્દીઓ નોંધાઈ ચુકયા છે, તેમ છતાં પાડોશી એવું સે-૨૫ કોરોનાના સંક્રમણથી બચી ગયું છે. તો સે-૩માં ૧૪ કેસ, સે-૨માં ૧૧ અને સે-૨૯માં દસ કેસ નોંધાયા છે. જ્યારે સે-૧૩, સે-૨૨, સે-૩/ન્યુમાં પાંચ-પાંચ કેસ, સે-૨૩માં સાત, સે-૨૧માં ૬, સે-૧૨માં ૪ કેસ નોંધાઈ ચુકયા છે. કોર્પોરેશન વિસ્તારના સેકટરો સિવાય કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામોમાં પણ કોરોનાનો પગપેસારો થઈ ચુકયો છે. ગોકુળપુરા છાપરામાં બે, ધોળાકુવામાં એક, બોરીજમાં એક, ચરેડી છાપરામાં એક અને જીઈબી છાપરામાં એક કેસ નોંધાયો છે. સેકટરો કરતાં છાપરા વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધતાં કોર્પોરેશન તંત્ર માટે પણ તે ચિંતાનો વિષય છે. હાલ તો ગાંધીનગરમાં સેકટરો કરતાં કન્ટેન્મેન્ટ ઝોન વધી ગયા છે, ત્યારે આગામી દિવસોમાં સાવચેતી જ મહત્વની છે, નહીંતર ઘર સુધી કોરોનાને પહોંચતા વાર નહીં લાગે.

કોરોના કામગીરી પર સવાલો ઉઠાવતા કોંગ્રેસ પ્રમુખ બોલ્યા

કોરોના કેસો ઘટાડવા તંત્રએ ટેસ્ટિંગ ઓછા કરી લોકો સાથે રમી ગંદી રમતઃ ચાવડા

ગુજરાતમાં કુલ કેસ અને ડિસ્ચાર્જ એમ બંને તરફથી ભારતમાં સૌથી ઊંચો મૃત્યુદર છે, આ એક હકીકત

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો રાફડો ફાડ્યો છે ત્યારે બે સપ્તાહથી રાજ્યમાં ફટાફટ ડિસ્ચાર્જ દ્વારા ભારતમાં સૌથી ઊંચા રિકવરી રેટના દાવાઓ થઈ રહ્યા છે. પરંતુ ગુજરાતમાં કુલ કેસ અને ડિસ્ચાર્જ એમ બંને તરફથી ભારતમાં સૌથી ઊંચો મૃત્યુદર છે, આ એક હકીકત છે. સોમવારે ૧૪ જિલ્લાઓમાંથી ૩૨૧ દર્દીઓને સાજા થઈને ઘરે જતા ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૩,૯૬૪ને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. ત્યારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પણ ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ગુજરાત સરકારની કોરોના વાયરસ સામે લડવાની રણનીતિની કડક શબ્દોમાં નિંદા કરી છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે સરકાર પર પ્રહાર કરીને કોરોના મહામારીમાં સરકારની કામગીરી અંગે અનેક સવાલો ઉભા કર્યા છે.

અમિત ચાવડાએ જણાવ્યું કે, રાજ્યમાં કોરોના વાયરસનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. અત્યાર સુધી ગુજરાતમાં ૧૨૮૦ કરતા વધુ લોકોના મોત થયા છે, તેમ છતાં સરકારના પેટનું પાણી હલતું નથી. ગુજરાતમાં તંત્ર વચ્ચે સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે કોરોનામાં વર્તમાન સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાત સરકાર પણ લોકોના જીવ બચાવવામાં તંત્રમાં ઉદાસીનતા જોવા મળી રહી છે. અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, ઉર્ઝ્ઞએ જાન્યુઆરીમાં જ ચેતવણી આપી હતી. તેમ છતાં ગુજરાત સરકારે ચેતવણીને ગંભીરતાથી લીધી નહોતી. રાજ્યમાં દિવસેને દિવસે સંક્રમણ વધ્યું તેમ ટેસ્ટિંગ ઘટાડ્યું છે.

બીજે એક રીતે કહીએ તો સંક્રમણનો આંકડો ઓછો બતાવવા માટે તંત્ર ટેસ્ટિંગ ઓછા કરીને લોકોના જીવ સાથે ગંદી રમત રમી રહી છે. જો પ્રાથમિક રીતે વિચારીએ તો ભારતમાં ટેસ્ટિંગ વધારે થયું હોય તો અમેરિકા કરતા વધુ કેસ આવે. પરંતુ એવું થયું નથી. કારણ કે, અમેરિકામાં દરરોજના એક લાખ ટેસ્ટિંગ થતા હતા, જેના કારણે ત્યાં કોરોનાના આંકડો લાખોમાં હતો. પરંતુ અમેરિકાની સરખામણીમાં ભારતમાં તેના અડધાએ ટેસ્ટિંગ કર્યા નથી. બીજી બાજુ અમદાવાદમાં સંક્રમિત દર્દીઓને સારવાર લેવા માટે દર દર ભટકવું પડતું હોવાની વાત કરી હતી. કોરોનામાં આખા દેશમાં સૌથી વધુ મૃત્યુદર ગુજરાતમાં છે તેના માટે જવાબદાર તંત્ર અને ગુજરાત સરકારને જ ઠેરવી છે.

કોરોના લઈને હોસ્પિટલોમાં આવેલા ૧૨૮૦ નાગરિકો પાછા ઘરે જઈ શક્યા નથી. તેમના મૃત્યુ થયા છે. આ પ્રમાણે ગુજરાતમાં ૯.૧૬ ટકા જેટલું ઊંચુ છે. સોમવારની સાંજે ૭.૨૬ કલાકે દેશમાં ડિસ્ચાર્જની સામે ડેથનું પ્રમાણ ૫,૭૯ ટકા હતુ. સમગ્ર દેશમાં કુલ ૧,૨૭, ૩૦૨ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં કુલ કેસની સામે મૃત્યુદર ૬.૨૨ ટકા છે, દેશમાં આ પ્રમાણ ૨.૭૮ ટકા આસપાસ રહ્યું છે.

અત્રે નોંધનીય છે કે, અનલોકના બીજા સપ્તાહની શરૂઆતે જ આરોગ્ય અગ્રસચિવ ડો. જંયતિ રવિએ ઇૅંઝઈ ટેસ્ટમાં રીતસર કાપ મૂક્યો હોય એમ રવિવારે સાંજે પાંચ વાગ્યા પછીના ૨૪ કલાકમાં માત્ર ૪,૬૦૩ જ ટેસ્ટ થયા છે. સોમવારે સાંજે જાહેર થયેલી અખબારી યાદીમાં ૪,૬૦૩ ટેસ્ટમાંથી ૧૯ જિલ્લામાં ૪૭૭ પોઝિટિવ રિપોર્ટ મળ્યા છે. ૩૪૬ અમદાવાદમાં, ૪૮ સુરતમાં, ૩૫ વડોદરામાં એમ આ ત્રણ હોટસ્પોટ એરિયા ધરવાતા જિલ્લાઓમાં જ ૪૨૯ કેસ છે ! બાકીના ૧૬ જિલ્લામાં માત્ર ૪૮ નાગરિકોમાં જ કોરોના વાઈરસ મળ્યો છે!

મોરબીમાં ધોરણ-૧૦માં નાપાસ થતાં વિદ્યાર્થિનીએ કર્યો આપઘાત

મોરબી

મોરબી જિલ્લા સહિત રાજ્યભરમાં આજે ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું છે, જેમાં ક્યાંક ખુશી છે ક્યાંક ગમનો માહોલ છે. અમદાવાદ ની બે વિદ્યાર્થિનીએ આ બોર્ડની પરીક્ષામાં મેદાન માર્યું છે પરંતુ મોરબી તાલુકાના પીપળીયા ગામે આ પરિણામે શોકનો માહોલ ઉભો કરી દીધો છે. મોરબી તાલુકાના પીપીળીયા ગામે રહેતા અને મજૂરી કામ કરી ઘરનું ગુજરાન ચલાવતા મગનભાઈ જાદવની પુત્રી કીર્તિ જાદવે એક વિષયમાં નાપાસ થતાં આપઘાત કરી લીધો છે. કીર્તિ આજે ધોરણ ૧૦નું પરિણામ આવતા એક વિષયમાં નાપાસ થઈ હતી.

ભણવામાં આજ દિવસ સુધી હોંશિયાર રહેલી અને એક સફળ અધિકારી બની પોતાના પરિવારનું નામ રોશન કરવાના સપનાઓ સેવતી યુવતી કીર્તિ મગનભાઈ જાદવે પોતેએક વિષયમાં નાપાસ થયાની જાણ થયાની સાથે જ ગામમાં આવેલા તેના ઘરે જઈને ગળેટૂંપો ખાઈ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું હતું. આશાસ્પદ યુવતીના મોતથી જાદવ પરિવારમાં અને પીપળીયા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સફળતા અને નિષ્ફળતા એ જીવનનો ભાગ છે ત્યારે શું આત્મહત્યા કે ખોટું પગલું ભરવાથી આ પરિણામ સુધરી જાય?

વિદ્યાર્થીઓ આવું પગલું ન ભરી અને તેનો યોગ્ય રસ્તો કાઢી શાંતિપૂર્વક વિચાર કરે તે જરૂરી છે. પીપળીયા ગામના સરપંચ અલ્પેશ કોઠીયાના જણાવ્યા અનુસાર મગનભાઈના ચાર સંતાનોમાં કીર્તિ સૌથી નાની હતી. કીર્તિ હંમેશા ભણવામાં સારા નંબર મેળવતી હતી ત્યારે અચાનક જ એક વિષયમાં નાપાસ થતાં તેણીએ આ પગલું ભરી લીધાનું પરિવારજનોએ જણાવ્યું હતું. આ બાબતે મોરબી તાલુકા પોલીસને જાણ કરતા વધુ કાર્યવાહી મોરબી તાલુકા પોલીસે હાથ ધરી છે.

રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

અમદાવાદ

ગુજરાત રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં મેઘરાજાની ધમાકેદાર બેટીંગ જોવા મળી હતી. રાજ્યનાં અમરેલી, ભરૂચ, તાપી, જુનાગઢમાં મેહુલ્યો વરસ્યો હતો. જેમાં અમરેલી જીલ્લામાં વરસાદનું ફરી આગમન થયું. સાવરકુંડલાના ભમોદ્રા, શેલણા, ફિફાદમા ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ખેતીલાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ હતી. જ્યારે ભરૂચ જિલ્લામાં વાદળછાયા વાતાવરણ સાથે ધોધમાર વરસાદનું આગમન થયુ છે .જિલ્લામાં છૂટો છવાયો વરસાદી માહોલ જામ્યો છે. દહેજ રોડ પર તેમજ ભેંસલી ગામ ખાતે સવારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે.જોકે વરસાદ પડતાની સાથેજ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ. જેથી ગરમીથી કંટાળેલા લોકોએ રાહત અનુભવી હતી.

જુનાગઢ માળીયા હાટીના પંથકમાં ધોધમાર વરસાદ થતા ખેતરોમાં પાણી ભરાઈ ગયા. ઉનાળુ મગફળી તેમજ તલ સહિતના પાકમાં ભારે નુકશાની થઈ હતી. ગયા ચોમાસામાં મગફળી તૈયાર થયા બાદ પાક વઢાતાની સાથે જ વરસાદ થયો હતો જેથી પાક નિષ્ફળ ગયો હતો.આ વર્ષે પણ કઈક એવુંજ થયું છે. ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

ધો.૧૦નું કુલ ૬૦.૬૪% પરિણામ જાહેર, ગત ૫ વર્ષ કરતા સૌથી ઓછું રિઝલ્ટ

અભણ ગુજરાત...!! રાજ્યની ૧૭૪ શાળાનું પરિણામ શૂન્ય

વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓએ બાજી મારી, સૌથી વધુ સુરત જિલ્લાનું ૯૪.૬૬ ટકા જ્યારે દાહોદ જિલ્લાનું સૌથી ઓછું ૪૭.૪૭ ટકા પરિણામ, ૧૦૦% પરિણામ લાવતી સ્કૂલની સંખ્યા ૭૫ જેટલી ઘટી

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચમાં લેવાયેલી ધોરણ.૧૦ની બોર્ડની પરીક્ષાનું સવારે ૮ વાગ્યાથી ઓનલાઈન પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. કોરોના મહામારીના હિસાબે બોર્ડની પરીક્ષામાં બેઠેલા રાજ્યના ૧૦.૮૩ લાખ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવ્યો છે. કોરોના વચ્ચે ધોરણ-૧૦નું ૬૦.૬૪ ટકા પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. ૨૦૧૯માં ધો.૧૦નું પરિણામ ૬૬.૯૭ ટકા જાહેર થયું હતુ, તે સંદર્ભે ગત વર્ષ કરતા લગભગ ૫ ટકા ઓછું પરિણામ જાહેર કરાયું છે. ચાલુ વર્ષે વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ વધુ આવ્યું છે ૫૬.૫૩% પરિણામ વિદ્યાર્થીઓનું છે જ્યારે ૬૦.૦૨ ટકા પરિણામ વિદ્યાર્થિનીઓનું છે. સૌથી વધુ સુરત જિલ્લાનું ૯૪.૬૬ ટકા પરિણામ આવ્યું છે, જ્યારે દાહોદ જિલ્લાનું સૌથી ઓછું પરિણામ ૪૭.૪૭ ટકા છે. સૌથી ઓછું દાહોદના રૂવાબારી કેન્દ્રનું ૧૪.૯ ટકા પરિણામ આવ્યું છે, ગતવર્ષ કરતા ૬ ટકા ઓછું તો છે. સાથે-સાથે શિક્ષણનું સ્તર કથળતું જતું હોવાનું દેખાઈ રહ્યું છે. કેમકે ૧૦૦% પરિણામ લાવતી શાળાઓમાં ઘટાડો નોંધાયો છે અને સંખ્યા ૭૫ ઘટીને ૨૯૧ થઈ છે . જ્યારે ૩૦% થી નીચું પરિણામ લાવતી શાળા બમણી વધી ગઈ છે અને આંકડો ૧૮૩૯એ પહોંચ્યો છે. ત્યારે એવું કહી શકાય કે, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી જેવા કાર્યક્રમની મોટી-મોટી વાતો કરતી સરકાર રિઝલ્ટના નિમ્ન સ્તરને સુધારી શકતી નથી. ૧૨૫ જેલના કેદીઓએ પણ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. ગુજરાત બોર્ડનું ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયું છે ત્યારે છેલ્લા ૫ વર્ષમાં સૌથી ઓછું પરિણામ આવ્યું છે.આ વખતે ગ્રેડ પ્રમાણ જોઈએ તો રાજ્યભરમાંથી ફક્ત ૧૬૭૧ વિદ્યાર્થીઓ જ એ-વન ગ્રેડ મેળવી શક્યા છે. જ્યારે ૨૩,૭૫૪ વિદ્યાર્થીઓએ એ-ટુ અને ૫૮,૧૨૮ વિદ્યાર્થીઓએ બી-વન ગ્રેડ મેળવ્યો છે.

જ્યારે સૌથી વધુ પરિણામ બનાસકાંઠાના સપરેડા કેન્દ્રનું ૯૪.૭૮ ટકા આવ્યું છે. ચાલું વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૨૯૧ શાળાનો સમાવેશ થાય છે, જ્યારે ૧૭૪ શાળાનું પરિણામ ૦ ટકા આવ્યું છે. રાજ્યમાં ૧૮૩૯ શાળાનું પરિણામ ૩૦ ટકાથી ઓછું આવ્યું છે. ગુજરાતીનું ૫૭.૫૪ અને અંગ્રેજી માધ્યમનું ૮૬.૭૫ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે હિંદી માધ્યમનું ૬૩.૯૪ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ-૧૦ના પરિણામમાં અમદાવાદની વાત કરીએ તો ૬૫.૫૧ ટકા આવ્યું છે, જ્યારે રાજકોટનું ૬૪.૦૮ ટકા પરિણામ આવ્યું છે. વડોદરાનું ૬૦.૧૯ ટકા પરિણામ આવ્યું છે. આ વખતે ગ્રેડ પ્રમાણ જોઈએ તો રાજ્યભરમાંથી ફક્ત ૧૬૭૧ વિદ્યાર્થીઓ જ એ-વન ગ્રેડ મેળવી શક્યા છે. જ્યારે ૨૩,૭૫૪ વિદ્યાર્થીઓએ એ-ટુ અને ૫૮,૧૨૮ વિદ્યાર્થીઓએ બી-વન ગ્રેડ મેળવ્યો છે.

૮.૪૦ લાખ વિદ્યાર્થીમાંથી ૨.૨૫ લાખ રિપીટર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ૧૨૫ જેલના કેદીઓએ પરીક્ષા આપી હતી. બાદમાં ૧૫મી જૂન આસપાસ વિદ્યાર્થીઓને માર્કશીટ વિતરણ કરાશે તેવું બોર્ડના સૂત્રો જણાવી રહ્યાં છે. બોર્ડ દ્વારા તાલુકા પ્રમાણે માર્કશીટના પેકેટ તૈયાર કરવામાં આવશે. જેથી ડીઈઓ દ્વારા માર્કશીટનું તાલુકા વાર વિતરણ કરાશે. ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં માર્ચ મહિનામાં રાજ્યના કુલ ૮૧ ઝોનમાં લેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષા માટે કુલ ૯૩૪ કેન્દ્રના ૩,૬૦૦ બિલ્ડિંગો અને ૪૨ હજાર બ્લોકમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

લોકડાઉનના હિસાબે આ વખતે મૂલ્યાંકન કામગીરી એકવાર સ્થગિત કર્યા પછી ફરીથી શરૂ કરી હોવાથી થોડું લેટ થયું હતું. જોકે હાલમાં બોર્ડ દ્વારા પ્રથમ ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારબાદમાં માર્કશીટ અપાશે. જે વિદ્યાર્થીઓને પરિણામથી સંતોષ નહીં હોય તેવા વિદ્યાર્થીઓના ગુણ ચકાસણી માટેના ફોર્મ પણ પાંચ દિવસ પછી ભરવાના શરૂ થશે જેની બોર્ડ દ્વારા જાહેરાત કરાશે.જોકે આ વખતે પ્રથમ વખત ગુણ ચકાસણી અને જુલાઈમાં લેવાનાર પૂરક પરીક્ષાના ફોર્મ પણ ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે. હાલમાં સાયન્સના ફોર્મ ઓનલાઈન સ્વીકારાય છે.

ગાંધીનગરમાં પ્રથમ વખત ભગવાનની રથયાત્રા ૩૧ને બદલે હવે ૬ કિમી જ ફરશે

ગાંધીનગર

કોરોનાની મહામારીથી સમગ્ર વિશ્વ પ્રભાવીત છે ત્યારે ભગવાનને પણ આ કોરોના કપરાકાળને સહન કરવાનો વારો આવ્યો છે. પહેલા ૭૫ દિવસ સુધી મંદિરો લોકડાઉન રહ્યા બાદ હવે રથયાત્રા પણ ટુંકાવાનો નિર્ણય ગાંધીનગરની સમિતિએ કર્યો છે.સામાન્ય રીતે દરરોજ ભક્તો ભગવાનના દર્શન માટે મંદિરે જતાં હોય છે પરંતુ રથયાત્રાના એક જ દિવસે ભગવાન ભક્તોની ખબર અંતર પુછવા અને દર્શન આપવા માટે નગરની ચર્યાએ નીકળતાં હોય છે. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્ર સાથે ગાંધીનગરમાં છેલ્લા ૩૫ વર્ષથી પરપરાંગતરીતે રથયાત્રા નીકળતી હતી. કોમી એખલાસ સાથે નીકળતી આ રથયાત્રા ધાર્મિકની સાથે લોકત્સવ પણ બની ગઈ હતી. ત્યારે કોરોનાનો કપરોકાળ કૂષ્ણને પણ નડયો છે. ગાંધીનગર રથયાત્રા સમિતિની તાજેતરમાં મળેલી બેઠકમાં કન્ટેન્મેન્ટ ઝોન અને કોરોનાનો વાયરસ ફેલાય નહીં તે માટે રથયાત્રા ટુંકાવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગરની આ ૩૬ મી રથયાત્રામાં પંચદેવ મંદિરેથી સવારે ૭ કલાકે આરતી બાદ નીકળશે. ચ રોડ ઉપર જઈને ચ-૬, સેક્ટર-૨૯/૩૦ થી રથયાત્રા જલારામ ધામ એટલે કે મોસાળામાં જશે. ત્યાંથી એ જ રૂટ ઉપર રથ પરત આવશે. વૈજનાથ મહાદેવ પાસેથી રથયાત્રા નીજ મંદિર ખાતે પરત ફરશે. જ્યાં ભક્તોને હાજરીમાં સોશ્યલ ડીસ્ટસીંગ સાથે ભગવાનની આરતી થશે અને ત્યારબાદ રથ અને ભગવાન દર્શન માટે ખુલ્લા રાખવામાં આવશે.

અમદાવાદમાં નાગાબાવાના રૂપમાં આવતી ચોર ટોળકી સક્રિય

અમદાવાદ

શહેરમાં આશરે પાંચથી વધુ કિસ્સા એવા સામે આવ્યા છે, જેમાં નાગાબાવાના સ્વાંગમાં ગાડીમાં આવતા લોકો એૅંક્સ કે આશીર્વાદ આપવાના નામે બોલાવી વાતો કરી ગળામાંથી દાગીના લૂંટી ફરાર થઈ જાય છે. અનેક બનાવો બન્યા તેમ છતાં પોલીસ કે કાઈમ બ્રાન્ચ હજુ સુધી આ ગેંગ ને પકડી શકી નથી. ત્યારે ફરી એકવાર શહેરમાં આ ગેંગના સભ્યોએ વધુ એક બનાવને અંજામ આપ્યો છે. આ વખતે ગાંધીનગરના CRPF કેન્દ્રીય વિદ્યાલયના પ્રિન્સિપાલ ને એૅંક્સ પૂછવાનાએ બહાને બોલાવી ૩૭ હજારની સોનાની ચેઈન લૂંટી ગેંગ ફરાર થઈ ગઈ હતી. ચાંદખેડામાં આવેલા શિવમ બંગલોમાં રહેતા અવધેશકુમાર પ્રસાદ ગાંધીનગરના CRPF કેન્દ્રીય વિદ્યાલયમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે.

હાલ શાળાઓમાં લૉકડાઉનને કારણે રજાઓ હોવાથી તેઓ નિયમિત શાળાએ જતા ન હતા. ગઈકાલે સવારે તેમના ઘરેથી દૂધ લેવા નીકળ્યા હતા. દૂધ લઈને પરત ફર્યા અને તેમના ઘરનો ગેટ ખોલતા હતા ત્યારે એક ગાડી તેમની પાસે આવી હતી. તેમાં માસ્ક પહેરીને ડ્રાઈવર સીટ પર એક વ્યક્તિ બેઠો હતો. તેણે અવધેશકુમારને બોલાવ્યા અને અહીં નજીકમાં કોઈ આશ્રમ છે કે નહીં તેમ પૂછ્યું હતું. બાજુની સીટ પર ભભુતી લગાવીને કપડાં વગર બેઠેલા નાગાબાવા સામે ઈશારો કરી મહારાજને રોકાવું છે એટલે આશ્રમ હોય તો બતાવો તેમ કહ્યું હતું. બાદમાં અવધેશકુમારે નજીકમાં કોટેશ્વર મંદિરનો રસ્તો બતાવ્યો હતો. બાદમાં નાગાબાવાના સ્વાંગમાં બેઠેલો યુવક ગુજરાતીમાં કઈ બોલ્યો હતો પરંતુ સરખુ ન સંભળાતા અવધેશકુમાર નજીક ગયા હતા. આ સમયે બાવાએ તેમની સોનાની ચેઈન લૂંટી અને કાર ભગાવી મૂકી હતી. આખરે અવધેશકુમારે આ અંગે ચાંદખેડા પોલીસનો સંપર્ક સાધી આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ અનેક ગેંગ કે કુખ્યાત શખ્સો દ્વારા પોલીસને ચેલેન્જ આપવામાં આવતી હતી. આ ગેંગ દ્વારા પણ અનેક ગુના આચરવામાં આવ્યા છે પણ પોલીસ તે લોકો સુધી ન પહોંચી શકતા પોલીસના નાકે દમ આવી ગયો છે.

જેતલપુર પાસે ઓઈલની પાઈપમાં ભંગાણ પાડી ૧૩.૪૦ લાખનું ક્રૂડ ઓઈલ ચોરી

અમદાવાદ

નારોલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા જેતલપુર પાસે ઈન્ડિયન ઓઈલની પાઈપ લાઈનમાં ભંગાણ પાડી ૧૩.૪૦ લાખનું ક્રૂડ ઓઈલ ચોરી કર્યું હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ઓપરેશન અને મેઈન્ટેનન્સ મેનેજરે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ કૌભાંડ ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. જીવરાજપાર્કમાં આવેલા સાગર સમ્રાટ એપાર્ટમેન્ટમાં રહેતા વિવેકભાઈ મોજીલાલ કુમાર ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં નોકરી કરે છે. આઈ.ઓ.સી વેસ્ટર્ન રિજીયન પાઈપલાઈન ડિવિઝન નવાગામ ખાતે આવેલી છે. વિવેકભાઈ સિનિયર ઓપરેશન એન્ડ મેઈન્ટેઈનન્સ મેનેજર તરીકે ફરજ બજાવે છે. વિરમગામથી બરોડા રિફાઈનરીમાં જતી ક્રૂડ ઓઈલની મેઈન પાઈપ લાઈન સાણંદથી સંજયા ગામ સુધી ચેક કરવાની તેમની કામગીરી હોય છે.

કોઈ પાઈપલાઈનમાં ભંગાણ કરીને ઓઈલ ચોરી ન કરે તે માટે તેઓ તેમની ટીમ સાથે પેટ્રોલિંગ કરતા હોય છે. ગત જાન્યુઆરી માસમાં તેઓને બરોડાથી જાણ કરવામાં આવી હતી કે, પાઈપલાઈનનું પ્રેશર રોજીંદુ હોય છે એટલું નથી આવતું અને પ્રેશર ઓછું થઈ ગયું છે. જેથી ટીમ દ્વારા આ રૂટ પર બે વાર તપાસ કરવામાં આવી હતી. પણ કઈ શંકાસ્પદ જણાયું ન હતું. પણ ચોરીની શંકા જતા જ તેઓએ ડાયરેકટ કરન્ટ વોલ્ટેજ ગ્રેડીયન (ડી.સી.વી.જી.)ની ચકાસણી મળ્યા બાદ પ્રાઈવેટ થેફ્ટ કંપનીને કામ સોંપ્યું હતું. આ કંપનીએ ઈલેક્ટ્રોનિક પદ્ધતિ દ્વારા તપાસ કરાવી સાણંદથી બારેજા સુધી તપાસ કરી હતી. ત્યારે ખેડા બરોડા હાઈવે પર જેતલપુર ગામ નજીક આવેલી શક્તિ કન્સ્ટ્રકશન રોડ એન્ડ બિલ્ડર્સની જમીનમાં ભંગાણ હોવાનું સામે આવ્યું હતું. આગળ તપાસ કરાવતા આ ફોલ્ટ પર ૨૦ ફૂટ ઊંડો ખાડો ખોદીને દૂર સુધી પાઈપલાઈન કાઢી તેમાંથી ઓઈલ ચોરી કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું.

અહીંની ટીમ દ્વારા બરોડા તપાસ કરાવતા ૧૩.૪૦ લાખનું ૬૭ હજાર લીટર ક્રૂડ ઓઈલ ચોરી થયાનું સામે આવ્યું હતું. આ તમામ તપાસના પુરાવા સાથે વિવેકભાઈએ આ અંગે નારોલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી અજાણ્યા લોકો સામે ફરિયાદ આપી છે. પોલીસે આઈપીસી ૩૭૯,૪૨૭, ૨૮૫,૧૨૦ બી અને સાર્વજનિક મિલકતને નુકશાન અટકાવવાનો અધિનિયમ ૩,૫ તથા ધ પેટ્રોલિયમ એન્ડ મિનરલ્સ પાઈપલાઈન્સ એક્યુસીશન રાઈટ યુઝર ઈનલેન્ડ એકટ ૧૫(૨), ૧૫(૪) મુજબ ગુનો નોંધી નારોલ પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજકોટ જિલ્લાનું ધો.૧૦નું પરિણામ ૬૪.૦૮%, ૨૩૧ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો

સૌથી વધુ પરિણામ મોરબીમાં ૬૪.૬૨ ટકા અને સૌથી ઓછું પરિણામ અમરેલીમાં ૫૩.૩૦ ટકા

રાજકોટ

આજે ગુજરાત શૈક્ષણિક બોર્ડ દ્વારા ધો.૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે રાજકોટ જિલ્લાનું ધોરણ ૧૦નું પરિણામ ૬૪.૦૮ ટકા આવ્યું છે. ૨૩૧ વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ, ૨૫૨૪ વિદ્યાર્થીઓએ છ૨ ગ્રેડ મેળવ્યો છે. મહત્વનું છે કે ગત વર્ષે રાજકોટ જિલ્લાનું પરિણામ ૭૩.૯૨ ટકા આવ્યું હતું. જે આ વર્ષે ઘટીને ૬૪.૦૮ ટકા પરિણામ જાહેર થયું છે. રાજ્યભરમાંથી ફક્ત ૧૬૭૧ વિદ્યાર્થીઓ જ એ-વન ગ્રેડ મેળવી શક્યા છે. જ્યારે ૨૩,૭૫૪ વિદ્યાર્થીઓએ એ-ટુ અને ૫૮,૧૨૮ વિદ્યાર્થીઓએ બી-વન ગ્રેડ મેળવ્યો છે. શાળામાં પરિણામ વિતરણ માટેની તારીખ આવનારા સમયમાં બોર્ડ જાહેર કરશે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ પરિણામ મોરબી જિલ્લામાં ૬૪.૬૨ ટકા અને સૌથી ઓછુ પરિણામ અમરેલી જિલ્લામાં ૫૩.૩૦ ટકા આવ્યું છે. મોરબીમાં ૬૪.૬૨ ટકા દેવભૂમિ દ્વારકામાં ૬૩.૯૫ ટકા, પોરબંદરમાં ૫૯.૫૨ ટકા, જામનગરમાં ૫૭.૮૨ ટકા, ભાવનગર જિલ્લામાં ૫૬.૧૭ ટકા, ગીર સોમનાથ જિલ્લામાં ૫૪.૨૫ ટકા, જૂનાગઢ જિલ્લામાં ૫૩.૭૫ ટકા અને અમરેલી જિલ્લામાં ૫૩.૩૦ ટકા પરિણામ જાહેર થયું છે.

કોરોના મહામારી વચ્ચે મનરેગા યોજના થકી રોજગારનો અવસર

સુરત જિલ્લાના ૩૩,૬૨૬ શ્રમિકોને ૩,૮૧,૪૦૨ માનવદિનની રોજગારી મળી

સુરત

રાજય સરકાર દ્વારા કોરોના વાયરસની મહામારી વચ્ચે ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘરઆંગણે રોજગારી મળી રહે તેવો નુતન અભિગમ અપનાવ્યો છે. જેના ભાગરૂપે સુરત જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની મનરેગા યોજના હેઠળ તળાવો ઉંડા કરીને ગામજનોને રોજગારનો અવસર પુરો પાડવામાં આવી રહ્યો છે.

રાજય સરકારે રોજગારી સાથે જળ જોડયું છે. તળવા ઉંડા કરવામાં આવતા જળસ્તર ઉચા આવશે તેનો લાભ ખતી કરતા ખેડુતોને થશે. રાજયનું ગામે ગામ જળ અભિયાનના આ મહાયજ્ઞમાં શ્રમ અને સહકારરૂપી આહૂતિ આપી રહ્યા છે, ત્યારે તેમાં સુરત જિલ્લાના તમામ તાલુકાના શ્રમિકો મનરેગા યોજનાથી રોજગાર મેળવવાની સાથોસાથ જળસંચયના ભગીરથ કાર્યમાં યોગદાન આપી રહ્યાં છે. લોકડાઉનના કારણે જે શ્રમિકો શહેરમાંથી રોજગારી છોડીને પોતાના વતન આવ્યા છે તેમના માટે આ યોજના આશિર્વાદરૂપ બની છે.

આ મહામારીના સમયમાં ગ્રામિણ રોજગારી પ્રદાન કરવાના હેતુથી મનરેગા યોજના હેઠળ મહત્તમ લોકોને રોજગારી મળે તેવા પ્રયત્નો સરકાર દ્વારા અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. મનરેગા હેઠળ સુરત જિલ્લો જળસંચયની કામગીરીમાં પણ અગ્રેસર બન્યો છે. સુરત જિલ્લાના હાલ સુધીમાં ૨૫૨૮૩ કુટુંબોના ૩૩,૬૨૬ શ્રમિકોને ૩,૮૧,૪૦૨ માનવદિનની રોજગારી તથા રૂા.૭.૮૨ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. જે અંતર્ગત બારડોલી તાલુકામાં ૧૮૧૯ શ્રમિકો, ચોર્યાસીમાં ૨૭, કામરેજમાં ૬૧, મહુવામાં ૧૦૧૯, માંડવીમાં ૬૫૯૦, માંગરોળમાં ૧૦૯૨૬, ઓલપાડમાં ૧૮૭ તથા પલસાણામાં ૨૯૬ તેમજ ઉમરપાડા તાલુકામાં ૧૨૭૦૧ જેટલા શ્રમિકોને મનરેગા હેઠળ રોજગારી પુરી પાડવામાં આવી છે. જયારે બાકી જોબકાર્ડ હેઠળ નોંધાયેલા શ્રમિકોને રોજગારી મેળવી રહ્યા છે. ગામના લોકોને સ્થાનિકકક્ષાએ રોજગારીની તકો ઉપલબ્ધ થતાં શ્રમિકો હર્ષની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. આગામી દિવસોમાં વૃક્ષારોપણ થકી શ્રમીકોને રોજગાર આપવાનુ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે હોવાનું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી સુરત દ્વારા જણાવાયું છે.

સુરત શહેરમાં જાહેરનામાનો ભંગ કરાતા ૮૪ જેટલા વાહનો જપ્ત

વિવિધ ગુના હેઠળ ૧૫ આરોપીઓની ધરપકડ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૫ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. નિયમ વિરુદ્ધ કાયદાનો ભંગ કરતાં ૮૪ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫,૪૪૨ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૮,૧૫૧ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં અનલોક-૧ના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી કોરોના ની પ્રવર્તમાન સ્થિતિ અનુસાર શહેરીજનોએ માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનના નિયમોનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લામાં ૩૩ કોરોના દર્દીઓ પૈકી ૧૯ને રજા અપાઈ

અન્ય દર્દીઓની હાલતમાં સુધારો

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૦૮/૦૬/૨૦૨૦ ના રોજ ૬૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૮, જલાલપોર-૧૩, ગણદેવી- ૧૦, ચીખલી- ૧૦, ખેરગામ-૦૫ વાંસદા-૦૯, અન્ય જિલ્લાના ૦૧ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૩૫૫૪ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૩૪૫૫ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં પાંચમા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૮,૮૧,૧૧૩ વસ્તીને આવરી લેવામાં આવી છે. પોઝીટીવ દર્દીઓ પૈકી મુંબઈ-૧૨, અમદાવાદ-૦૧, સુરત-૦૬, વલસાડ(ડુંગરી)-૦૧, ઓખા-૦૧ થી સંક્રમિત થયેલા છે. નવસારી જિલ્લામાં આજદિન સુધી કુલ-૩૩ કોરોનો પોઝીટીવ દર્દીઓ છે પૈકી -૧૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયાં તેમજ ૦૧ દર્દીનું મૃત્યું થયું છે.

હાલમાં, નેહરૂ નગર-શહીદ ચોક, મેહુલ પાર્ક સોસાયટી, માસા મેવાસા, પોલીસ લાઈન જુનાથાણા, ભાટ- નેશનલ ફળિયા, પટવાશેરી જૈન દેરાસર, શિવગંગા સોસાયટી, જલાલપોર, સમીર ગાર્ડન ઈટાળવા, શ્રીજી એપાર્ટમેન્ટ, જુનાથાણા, નવસારી, નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી વિજલપોર, કાંટસવેલ, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર વિસ્તારો કન્ટેઇનમેન્ટ હેઠળ છે.

નવસારી સિવિલ હોસ્પિટલ-૦૯, યશફીન હોસ્પિટલ-૦૨, વાપી જનસેવા કોવિડ હોસ્પિટલ-૦૧, ટ્રીસ્ટાર હોસ્પિટલ સુરત-૦૧ દર્દીઓ સારવાર હેઠળ છે. તેમ નવસારી જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

સુરત જિલ્લામાં ૭૩ કલસ્ટરમાં ૨૦૧ આરોગ્ય ટીમ દ્વારા તપાસ

૧૭૭ કુલ દર્દીઓ પૈકીના ૯૬ લોકો સંપૂર્ણ સ્વસ્થ બન્યા

સુરત

સુરત જિલ્લામાં ગઇ કાલે ૦૨ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૯૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૧૭૨ હતી, જેમાં ૦૫ કેસનો વધારો થવાથી આજે કુલ ૧૭૭ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી ચોર્યાસી તાલુકાના ૦૧, ઓલપાડ તાલુકાના ૦૧, કામરેજ તાલુકાના ૦૧, બારડોલી તાલુકાના ૦૨ કેસ મળી ૫ મળી કુલ ૧૭૭ કેસો આવ્યા છે. દાખલ થયેલા પોઝિટીવ કેસો પૈકી ૭૬ દર્દીઓ સ્ટેબલ છે. ૭૩ એક્ટિવ ક્લસ્ટર જેમાં કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૯૫૦૩ ઘરો અને કુલ વસ્તી ૮૧૬૨૬ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૨૦૧ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૦૨૧ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૩૮ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૧૫૯ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૯૪ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૧૯૬૫ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સુરતમાં ચાની લારી ચલાવતા યુવકે આપઘાત કરતા વિસ્તારમાં ચકચાર

સુરત

સુરતના રાંદેર વિસ્તાર આવેલા એક કૂવામાં એક યુવાનનો મૃતદેહ દેખાતા કુતૂહલ સર્જાયું હતું. જોકે સ્થાનિક લોકોએ આ મામલે ફાયર વિભાગને જાણકારી આપી હતી. ફાયર બ્રિગેડે આવીને મૃતદેહ બહાર કાઢ્યો હતો, જોકે આ મૃતદેહ આ જ વિસ્તાર રહેતા અને ચાની તપરી ચલાવતા યુવાનનું હોવાનું બહાર આવ્યુ હતુ. આ યુવાને આર્થિક સંકડામણ લઈને આપઘાત કર્યો હોવાની લોકોમાં ચર્ચા થઇ રહી છે. સુરતના રાંદેર વિસ્તારમાં આવેલ સીંગોતર માતા મંદિરની પાસે કૂવામાંથી ૪૨ વર્ષીય પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે લાશ જોતા સ્થાનિક લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. સ્થાનિક લોકોએ ફાયર વિભાગને ઘટનાની જાણ કરતા ફાયરનો કાફલો બનાવ વાળી જગ્યા પર પહોંચી ગયો હતો અને કૂવામાંથી આ યુવાનના મૃતદેહને બહાર કાઢ્યો હતો.

યુવાન મૃતદેહ કૂવામાં હોવાની વાત વાયુ વેગે વિસ્તાર પસરતા લોકો ના મોટા પ્રમાણ તોડા બનાવ વાળી જગીયા પર એકત્ર થયા હતા. કોહવાયેલા મૃતદેહને જોતા આસપાના લોકોએ તેની ઓળખ કરી બતાવી હતી. મૃતદેહ બહાર કાઢ્યા બાદ તેની ઓળખ સુભાષ છગનભાઈ પટેલ તરીકે થઈ હતી. મારનાર યુવાન આજ વિસ્તાર ચાની તપરી ચલાવતો હોવાની વિગત સામે આવતા પોલીસ પણ બનાવ વાળી જગ્યા પર પહોંચી તપાસ શરૂ કરી હતી.

મૃતકે આત્મહત્યા કરી કે અકસ્માતે મોત થયું કે પછી કોઈએ હત્યા કરી તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી. જોકે સ્થાનિક લોકો ચર્ચા એ પણ હતી કે કોરોના વાઇરસ લઈને ચાલેલા લોકડાઉનને લઈને આર્થિક સંકડામણ અનુભવતા આ યુવાને આપઘાત કર્યો છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી અને ઘટનાની તપાસ શરૂ કરી છે કે ખરેખર આ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી કે તેની હત્યા થઈ છે તે દિશામાં પણ તપાસ કરવામાં આવશે.

આગામી છ માસ સુધી કોરોનાથી સંચારબંધી રહેશે : શંભુનાથ ટુંડીયા

ભાજપ અનુસૂચિત જાતિ મોરચાનો વર્ચ્યુઅલ સંવાદ

સુરત

ભાજપ, અનુસૂચિત જાતિ મોરચો, ગુજરાત પ્રદેશ દ્વારા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓનો વર્ચ્યુઅલ સંવાદ યોજાયો હતો. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મોદી સરકાર-૨ના એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે અને કોરોનાની મહામારી સામે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રજાલક્ષી કામગીરીના વિષય સાથે આજે તા.૮મી જૂન-૨૦૨૦, સોમવારના રોજ અનુસૂચિત જાતિ મોરચો, ભાજપ, ગુજરાત પ્રદેશના પ્રમુખ આદરણીય શ્રી શંભુનાથજી મહારાજની અધ્યક્ષતામાં દક્ષિણ ગુજરાતના તમામ શહેર અને જિલ્લાની વર્ચ્યુઅલ સંવાદ બેઠક યોજાઈ હતી.

અનુસુચિત જાતિ મોરચો, ભાજપ, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ આદરણીય પ.પૂ. શ્રી શંભુનાથજી ટુંડીયાએ કાર્યકર્તાઓને સંબોધન કરતા જણાવ્યું કે, વર્ચ્યુઅલ સંવાદથી તમામ કાર્યકર્તાઓને રૂબરૂ મળી શકાય તેમજ આગામી દિવસોમાં કોરોનાના મહાસંકટમાંથી પસાર થવા માટે સાવચેતી અને સાવધાની કેવી રીતે દાખવવી. સાથે જ સમાજજીવનમાં સ્વાસ્થ અને આરોગ્ય સચવાય તે હેતુ સાથે બેઠક યોજવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. આગામી દિવસોમાં મોરચાના કાર્યકર્તાઓએ વિસ્તારોમાં માસ્ક, સેનેટાઇઝર વિતરણ કાર્યક્રમ અને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પ પત્રને જન-જન સુધી પહોંચાડી સંકલ્પ લેવડાવવા કાર્યકર્તાઓને જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, કોઈપણ યુદ્ધમાં મોરચો જ મેદાનમાં હોય છે. મોરચાએ યુદ્ધની આગેવાની કરવાની હોય છે. આગામી દિવસોમાં યોજાનારી વિવિધ ચૂંટણીઓમાં કયા પ્રકારે કામ કરવું તેમજ કોરોનાની મહામારી સાથે આગામી છ માસથી વધુ કોરાના સંચારબંધીની સ્થિતિ રહેશે ત્યારે ચૂંટણીનો માહોલ કઈ રીતે બનાવી શકાય એ દિશામાં કામે લાગવા કાર્યકર્તાઓને આહવાન કર્યું હતું. સવારે ૧૦ કલાકે યોજાયેલી સુરત મહાનગરની પ્રથમ બેઠકમાં ભાજપ, સુરત મહાનગરના અધ્યક્ષ આદરણીય શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ મોરચાની કામગીરીને વખાણીને આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રદેશ ભાજપ મહામંત્રી આદરણીય શ્રી ભરતસિંહજી પરમારે રાજય સરકારની વિવિધ કામગીરી તેમજ આત્મનિર્ભર ભારત અને આત્મનિર્ભર ગુજરાત અંગે કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા.

બે ચક્રીય વાહનોના પસંદગીના નંબર માટે ઓનલાઈન હરાજી

સુરત

એ.આર.ટી.ઓ બારડોલી કચેરી દ્વારા મોટરીંગ પુબ્લીકની સગવડતા માટે પસંદગી નંબરની ફાળવણી ઓનલાઈન શરૂ કરવામાં આવેલ છે. મોટર સાયકલ(બે—ચક્રિય) તથા ન્સ્ફ કાર પ્રાઈવેટ વાહનો માટે ય્ત્ન-૧૯-મ્મ, મ્જ, ય્ત્ન-૧૯-છ૨, BA સિરીઝનીમાં પસંદગી નંબર, ગોલ્ડન તથા સિલ્વર નંબરોની હરાજી શરૂ કરવામાં આવેલ છે. ઓનલાઈન હરાજીની અરજી તા.૧૦/૦૬/૨૦૨૦ થી તા.૧૨/૦૬/૨૦૨૦ દરમિયાન પસંદગીના નંબરો મેળવવા ઈચ્છુક વાહન માલિકો http://parivahan.gov.in/fancy પર ઓક્શન માટેના ફોર્મ રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન ઓક્શનમાં ભાગ લઈ શકાશે. હરાજીનું બિડિંગ તા.૧૩/૦૬/૨૦૨૦ થી તા.૧૫/૦૬/૨૦૨૦ ના રોજ સુધી ઓપન થશે. તા.૧૬/૦૬/૨૦૨૦ જુન ના રોજ ઓક્શન માટેના રજીસ્ટ્રેશન થયેલા ફોર્મ અને બિડિંગ કર્યા બાદ ઈ-ફોર્મ કચેરીમાં જમા કરવાનું રહેશે તેમજ અરજદારો ઈ-ફોર્મ(ફોર્મ નંબર-૨૦) C.N.છ ફોર્મ સાત(૭) દિવસની અંદર ઓનલાઈન સબમિટ કરવાનું રહેશે જે ફોર્મ કચેરીમાં રજુ નહિ હોય તો તેઓને પસંદગીના ગોલ્ડન તથા સિલ્વર નંબર ફાળવવામાં આવશે નહિ તેમ બારડોલીના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

લોક ડાઉનમાં શિક્ષકે માતૃભાષા ગૌરવ અને સંવર્ધન માટે સેવા યજ્ઞ ચલાવ્યો

રાજ્યની ૬૧૩૦ શાળાના આચાર્યોને ભાષા સજ્જતા પુસ્તિકાઓ અને વિડીયો વોટ્સએપથી મોકલાયા

સુરત

મા,માતૃભૂમિ,માતૃભાષા અને માતૃસંસ્થાનું ઋણ સદૈવ આપણા ઉપર રહેલું હોય છે. આ ઋણ આપણે ક્યારેય ચૂકવી શકતા નથી, પરંતુ ઋણ અદા કરવા યત્કિંચિત્ પ્રયત્ન જરૂર કરી શકીએ. આવા જ શુભ આશયથી મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા-નાના વરાછા, સુરતમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રાજેશ ધામેલિયાએ માતૃભાષા ગૌરવ અને સંવર્ધન અભિયાન શરૂ કર્યું છે. વિધાર્થીઓ પ્રાથમિક શાળાથી જ સાચું લખતા શીખે તે માટે જુદી-જુદી શાળાઓમાં ભાષા સજ્જતા અને ગુજલિશ સેમિનાર યોજે છે. તેનો લાભ ધો. ૩ થી ૧૨ અને કૉલેજના વિદ્યાર્થીઓ અને બાલભવન થી ધો.૧૨ સુધીના શિક્ષકો પણ લે છે.

કોરોનાને કારણે લોકડાઉન આપવામાં આવ્યું ત્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ સમયનો સદુપયોગ કરી માતૃભાષા અંગે જીવનભર ઉપયોગી નવું ભાથું મેળવે તે માટે તેમણે વોટ્સએપ દ્વારા ગુજરાતની ૬૧૩૦ જેટલી શાળાના આચાર્યશ્રીઓને સાચી જોડણી લાગે વહાલી અને ભાષા સજ્જતા પુસ્તિકાઓ અને વીડિયો મોકલ્યા. તેનો સૌએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો. આચાર્યશ્રીઓએ પોતાની શાળાના વિદ્યાર્થીઓ અને મિત્રોને પણ માતૃભાષાનું સાહિત્ય પહોંચાડ્યું.

માતૃભાષાના પ્રચાર અને પ્રસારનું કાર્ય કાયમ માટે ચાલતું રહે તે માટે તેમાં સ્વૈચ્છિક રીતે રસ ધરાવતા મિત્રોને વોટ્સએપ અને ફેસબુકના માધ્યમથી આમંત્રણ પાઠવવામાં આવ્યું. તેનો સહર્ષ સ્વીકાર કરીને એકસો પચાસથી વધુ આચાર્યશ્રીઓ, શિક્ષકો અને માતૃભાષાપ્રેમીઓ જોડાયા છે. તેઓ રાજેશ ધામેલિયાએ તૈયાર કરેલ જોડણીના નિયમો અને માતૃભાષાને લગતું સાહિત્ય પોતાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને મિત્રોને પહોંચાડે છે. પરદેશમાં વસતા ગુજરાતીઓ પણ આ કાર્યમાં સહયોગ આપી રહ્યા છે, જે ખૂબ આનંદની વાત છે. લગ્ન કંકોતરી, આમંત્રણ પત્રિકાઓ વગેરેમાં વારંવાર વપરાતા શબ્દોના વીડિયો અને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાય પ્રમાણેના વીડિયો તૈયાર કરીને આગામી દિવસોમાં મોકલવામાં આવશે. આ કાર્યમાં સહભાગી થનાર મિત્રોએ પોતાના કીમતી સમયમાંથી થોડો સમય ફાળવવાનો છે.ક્યારેય કોઈ પાસે આર્થિક સહયોગ માંગવામાં આવશે નહીં.

ફી અંગે સ્કુલની હેરાનગતિ હોય તો કોંગ્રેસની હેલ્પ લાઈનનો સંપર્ક કરો

સુરત

હાલ સમગ્ર વિશ્વ કોવિડ-૧૯ ની મહામારી સામે ઝઝૂમી રહ્યો છે, જેની આપણાં ભારત દેશ અને ગુજરાત રાજયમાં પણ વ્યાપક અસર જોવા મળેલી છે. કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૨૪મી માર્ચ થી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યો હતો તેના લીધે સમગ્ર દેશના વેપાર અને ધંધા ઉધ્યોગ સંપૂર્ણ બંધ છે જેને લીધે દેશના નાગરિકોની આર્થિક પરિસ્થિતી ખુબજ કફોડી બની ગઈ છે અને ગુજરાત ના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ગુજરાતની તમામ શાળા અને કોલેજોની ફી ઓક્ટોમ્બર માસ સુધીમાં ભરવા છૂટ આપેલ હોય.તે અપૂરતી છે અને આવા કપરા સંજોગોમાં ગુજરાતના નાગરિકોની આર્થિક સ્થિતિ કથળી ગઈ છે ત્યારે તેમની વ્હારે આવીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાતની તમામ શાળા અને કોલેજોની પ્રથમ સત્રની ફી માફ કરવાની માંગણી કરવામાં આવી છે, અને આ સંદર્ભે સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પણ સુરત શહેર ની તમામ શાળા અને કોલેજોની પ્રથમ સત્રની ફી માફી કરવાની માંગણી કરવામાં આવી છે, પરંતુ આજના વર્તમાનપત્રોમાં શહેરના અલગ-અલગ શાળા સંચાલક મંડળ દ્વારા મળેલ મીટીંગમાં શાળા ની. પ્રથમ સત્રની ફી જૂન માસ માં વાલીઓ એ ભરી દેવી એવો નિર્ણય કરવામાં આવ્યો છે, પણ આવા કપરા સંજોગોમાં વાલીઓ પોતાના બાળકોની ફી ભરવા અસમર્થ છે અને તેને કારણે સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા એક હેલ્પલાઈન ૯૯૯૮૩૩૧૨૧૧ નંબર જાહેર કરવામાં આવે છે અને સુરતના તમામ નાગરિકોને જો કોઈ સ્કૂલ કે કોલેજ દ્વારા ફી ની માંગણી કરવામાં આવે અથવા સ્કૂલ તરફથી વાલીઓને બીજી કોઈ કનડગત કરવામાં આવે તો અમોને હેલ્પલાઈન નંબર પર તેની ફરિયાદ કરવી જેથી સુરત શહેર કોંગ્રેસ સમિતિ યોગ્ય સત્તાધીશો પાસે તેની રજૂઆત કરશે. અને જો આ માંગણી નો અસ્વીકાર કરશે તો સુરત શહેર કોંગ્રેસ સમિતિ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો માર્ગ અપનાવશે.

નવસારી પોલીસ દ્વારા અનેક વહનો જપ્ત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૭ જુન સુધી નવસારી જિલ્લા પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ આજદિન સુધી ૧૧૭૦૪ સામે એફ.આઇ.આર. તેમજ ૧૩૧૫૭ ની અટકાયત કરવામાં આવી છે તા.૭ જુનના રોજ જિલ્લામાં ૧૨ વાહનો ડીટેઇન કરાયા હતા. તેમજ વાહનચાલકો પાસે રૂ.૧૨૫૦૦/- નો દંડ વસૂલ કરાયો હતો. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

રામા પેપર મિલની દુર્ઘટના અંગે માલિકો વિરૂદ્ધ ગુનો દાખલ કરો

સુરત જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેકટરને ફરિયાદ

સુરત

બરબોધન સ્થિત રામા પેપર મિલમાં થયેલી દુર્ઘટના અંગે કંપનીના માલિકો વિરૂદ્ધ સદોષમાનવ વધનો ગુનો દાખલ કરવાની માંગણી કરતા સુરત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ જગદીશભાઈ પટેલે સુરત કલેકટરનો જણાવ્યું છે કે ઓલપાડ તાલુકાના બરબોધન ગામે આવેલ રામાં ન્યુઝ પેપર મિલ પ્રા.લિ.માં ગત તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ સવારના સુમારે મિલના બોઈલરમાં પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થયો હતો. ત્યારબાદ લાગેલી આગમાં નજીકમાં સફાઈકામ કરતા કંપનીના ચાર કામદારો ગંભિર રિતે દાઝી ગયા હતા આ યારે કામદારો પૈકી ગઈકાલે અને આજે એક-એક કામદારનું બી.એ.પી.એસ. હોસ્પીટલમાં મોત નિપજયું છે.

રામા ન્યુઝ પેપર મિલ પ્રા.લિ.માં આશરે ૧૫૦૦૦ જેટલા કર્મચારીઓ કામ કરે છે. આટલી મોટી મિલ ચલાવતા હોય તો મિલ માલિકે કામદારોની સુરક્ષા પર પુરતું ધ્યાન આપવાની જરૂર હતી. બ્લાસ્ટને પગલે રામા પેપર મિલના માલિકોની ગંભિર બેદરકારી બહાર આવી છે. ૧૫૦૦૦ જેટલા કર્મચારી કામ કરતા હોય તો મિલ માલિકે કંપનીમાં એક ડોક્ટરની નિયુક્ત કરવાનું હોય પરંતુ મિલમાં ડોક્ટરના અભાવને લિધે દાઝેલા કામદારોને સમય પર ટ્રીટમેન્ટ ન મળતા બે કામદારોનું મોત થયુ છે. મિલનું પ્રદશિત પાણીના નિકાલ માટે જરૂરી પ્લાન્ટ પણ નથી અને સિધુસીધુ ખાડીમાં જ છોડી દે છે.

પલસાણાના હળપતિવાસમાં ચપ્પુના ઘા ઝીંકી વૃદ્ધાની હત્યા

સુરત

પલસાણા તાલુકાના કરાળા ગામે જૂનો હળપતિવાસમાં રહેતી વૃદ્ધ મહિલા ઉપર ગઈકાલે નજીકમાં રહેતા ચાર લોકોએ જૂની અદાવતમાં ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ હુમલો કરી લાકડાના ફટકા તથા ચપ્પુ વડે ઉપરા છાપરી ઘા મીર ખૂન કરી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસે ખૂનનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કરાળા ગામે જૂનો હળપતિવાસમાં રહેતા બુધીયા સોમાભાઈ રાઠોડની પત્ની કમુબેન (ઉ.વ.૭૯) ગઈકાલે ઘરના ઓટલા ઉપર બેઠા હતા. ત્યારે ગઈરાત્રે નજીકમાં રહેતા હરીશભાઈ, બાદલ હરીશભાઈ, મીના હરીશભાઈનાઓએ ભેગા મળી કમુબેન સાથે જલાઉ લાકડાની બાબતમાં જૂની અદાવત રાખી ઝગડો કર્યો હતો અને ઉશ્કેરાઈ જઈ લાકડાના ફટકાથી ઢોર માર માર્યો હતો. ત્યારબાદ આરોપીઓએ કમુબેનના શરીરે ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકી પતાવી દેવામાં આવ્યા હતા. તેમનું ખૂન કરી આરોપી ભાગી ગયા હતા. બનાવ અંગે તેમના સંબંધીએ ફરિયાદ આપતા કડોદરા પોલીસે ખૂનનો ગુનો નોંધી ચાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

કોરોના વાયરસના સંક્રમણને તમારા ઘરની અંદર આવતો અટકાવવા આટલી કાળજી જરૂરી રાખીએ કોરોના હારશે... ગુજરાત જીતશે

સુરત

કોરોના વાયરસ (કોવિડ-૧૯) રોગના સંક્રમણને તમારા ઘરની અંદર સુધી આવતા અટકાવવા માટે આટલી કાળજી રાખવી ખુબ જ જરૂરી છે. ઘરના દરેક સભ્યો આ સુચનાઓનું અક્ષરશઃ ચુસ્ત રીતે પાલન કરે તથા ઘરના વડીલો અને મહિલાઓની ખાસ કાળજી રાખો.

કોવિડ-૧૯ રોગથી બચવાના ઉપાયો આ પ્રમાણે છે.

(૧) બજારમાં ખરીદી કરવા જતી વેળાએ હંમેશા માસ્ક, રૂમાલ કે દુપટ્ટાથી મોં તથા નાકને બરાબર ઢાંકીને જ ઘરની બહાર નીકળો. બહાર પહેરવાના પગરખા/સ્લીપર ચપ્પલ જુદા રાખો. અને તે ચપ્પ લને ઘરની બહાર જ રાખો. દુકાનદાર કે અન્ય કોઈપણ વ્યકિત સાથે ૬ ફૂટ જેટલું સલામત અંતર રાખો. ઘરની બહાર કોઈપણ વસ્તુઓને બિનજરૂરી સ્પર્શ કરવું કે અડકવું નહી. ઘરની બહાર હોઈએ ત્યારે ચહેરાને હાથ વડે અડકવું નહી. ઘરની બહાર જઈએ ત્યારે નાનું (૭૦ ટકા આલ્કોહોલ યુક્ત) સેનીટાઈઝર હંમેશા સાથે રાખો. અને કોઈપણ શંકાસ્પદ ચીજવસ્તુને અડી ગયાનું લાગે કે જરૂર જણાય કે તરત જ સેનીટાઈઝર વડે હાથ સાફ કરી લો. ખરીદી કરેલ વસ્તુઓ શરીરથી દૂર રાખો. પ્લાસ્ટિક બાસ્કેટ/ડોલ સાથે રાખી શકાય તો ઉત્તમ, કે જેથી દરેક ખરીદી અડક્યા વિના સીધા તેની અંદર જ મૂકી દેવાય.

જો તમારે એટીએમ માંથી પૈસા ઉપાડવાના હોય તો તેના કી-બોર્ડને પહેલાં સેનિટાઈઝ કરો અને એટીએમ કાર્ડને પણ ઉપયોગ બાદ સેનીટાઈઝ કરો. કામ વગર બિનજરૂરી બહારજવાનું ટાળો.

જો તમને શરદી કે ખાંસી ન હોય તો, ઘરમાં માસ્ક, રૂમાલ કે દુપટ્ટાથી મોં તથા નાક ઢાંકી રાખવું જરૂરી નથી.

(૨) બજારમાં નાણાકીય વ્યવહાર કરતી વખતે આટલી કાળજી રાખો. ચલણી નોટ, સિક્કાથી કોરોના વાયરસ ફેલાઈ શકે છે. નોટા, સિક્કાની લેતી દેતી નિવારીએ. બને ત્યાં સુધી ઈલેકટ્રોનીક પધ્ધતિ (પે-ટીએમ, જી-પે, ભીમ-એપ કે તમારી બેંકની એપ) થી નાણાકીય વ્યવહાર કરો. જે ખરીદી કરવાની હોય તેટલા પુરતી રકમની ચલણી નોટથી જ ખરીદી કરી દુકાનદાર પાસેથી ચલણી નોટ-સિક્કા પરત લેવાનું ટાળો. જો ચલણી નોટ લેવાનો પ્રસંગ થાય તો તે હાથમાં જ રાખી ઘરે આવી, નીચે રાખેલ નોટની બંને બાજુ ઉપર ઈસ્ત્રી ફેરવી જંતુમુકત કરવાનું ઘરના અન્ય સભ્યને જણાવો. ચલણી સિક્કાને (૭૦ ટકા આલ્કોહોલ વાળું) સેનીટાઈઝર સાબુ પાણીથી સાફ કરો. તે બાદ તમારા બંને હાથોને સાબુ અને પાણીથી બરાબર રીતે સાફ કરો.

(૩) જાહેર સ્થળોએ લિફ્ટ–દાદરાઓનો ઉપયોગ વખતે લિફ્ટનો ઉપયોગ ટાળો. શક્ય હોય ત્યાં સુધી દાદરાનો ઉપયોગ કરો. દાદરા-સીડી ચડતી વેળા, રેલીંગ કઠેડાનો સ્પર્શ ના કરો. લિફ્ટનો ઉપયોગ અનિવાર્ય હોય ત્યારે, લિફ્ટના બટનને સીધું સ્પર્શ કર્યા વિના, આંગળી ઉપર ટીસ્યુ પેપર કે કાગળ રાખી બટન દબાવો. ઉપયોગે લીધેલ ટીસ્યુ પેપર કે કાગળ લિફ્ટ માંથી બહાર નિકળ્યા બાદ તુરંત જ કચરા પેટીમાં નાંખી દો. લિફ્ટમાં અંદર દીવાલોને ટેકો ના લેવો, અડવું નહીં. લિફ્ટમાં સાથેના અન્ય લોકોથી સલામત અંતર જાળવો.

(૪) ઘરે પરત આવો ત્યારે ઘરનું બારણું જાતે ન ખોલો. ઘરના અન્ય સભ્યને અંદરથી બારણું ખોલવા જણાવો. બહારથી લાવેલ માલ-સમાન, નિશ્ચિત કરેલ જગ્યા (ટેબલ– કે બોક્ષ) ઉપર જ મુકો. સીધા બાથરૂમમાં જઈ હાથ અને મોં, સાબુ અને પાણીથી (ઓછામાં ઓછુ વીસ સેકંડ) સુધી બરાબર રીતે ધોવા. કપડા, ડીટરજન્ટવાળા પાણીમાં બોળી દો. જો બહુ ભીડવાળી જગ્યાએ ગયા હોવ તો સાબુથી શરીર ઘસીને સ્નાન કરવું. બહાર ઉપયોગે લીધેલ સ્લીપર, ડીટરજન્ટ વાળા પાણીમાં નાખી સાફ કરવા.

(૫) ઘરે મુલાકાતીઓ આવે ત્યારે અથવા પ્લમ્બર, ઈલેકટ્રીશીયન, ઘરકામવાળા વગેરે કોઈ પણ આવે ત્યારે તેને તાવ કે શરદી, ખાંસી, હાંફ વિગેરે ન હોય તો જ ઘરમાં પ્રવેશ આપવો. મુલાકાતીને હાથ સેનીટાઈઝ કરવા-સાબુથી હાથ ધોવા કહેવું. તેના કામ સિવાયની કોઈપણ ચીજ - વસ્તુ ન સ્પર્શે તે માટે તેને જણાવવું ધ્યાન રાખવું. જે વસ્તુને સ્પર્શ કર્યો હોય તે તમામને સેનીટાઈઝ કરવા/સાબુ પાણીથી સાફ કરવા.

(૬) ઘરને સ્વચ્છ, ચેપ મુક્ત રાખવા માટે ઘરની ફર્શ દરરોજ ૨ ટકા ડીટરજન્ટ અથવા ૦.૨ ટકા લાઈઝોલા ડેટોલ કે ૩ ટકા સેવલોન પ્રવાહીથી પોતું કરી સ્વચ્છ રાખવી.ઘરના મુખ્ય દરવાજાનું હેન્ડલ, ડોરબેલ દિવસમાં ઓછામાં ઓછા બે વાર સેનિટાઈઝ કરવા.

(૭) રસોઈ-સામગ્રી અને રસોઈ ઘરને સ્વચ્છ, ચેપ-મુકત રાખવા માટે રસોઈ વાસણ સામગ્રીને વાસણ ઘસવાના સાબુ પ્રવાહીથી ધોઈ સ્વચ્છ રાખવા.

(૮) કપડા સ્વચ્છ, ચેપ-મુકત રાખવા માટે જયારે પણ બહારથી પરત આવો કે તુરંત જ કપડા ડીટરજન્ટ વાળા પાણીમાં બોળી દો. ટોવેલ તથા ઉપયોગમાં લેવાતા ઘરના કપડા વિગેરે પણ નિયમિત રીતે સાબુથી ધોઈ સ્વચ્છ રાખો.

(૯) હાથ, સ્વચ્છ, ચેપ-મુકત રાખવા માટે હાથ અને મોં સાબુ અને પાણીથી (ઓછામાં ઓછું) વીસ સેકંડ સુધી બરાબર રીતે ધુઓ. હથેળી, કાંડુ અને આંગળીઓ અને તેની વચ્ચેની જગ્યાઓ, નખ બધું સાબુ પાણી વડે બરાબર રીતે ધુઓ. ૭૦ ટકા આલ્કોહોલ યુક્ત સેનીટાઈઝરથી પણ હાથ સ્વચ્છ રાખી શકાય.

(૧૦) શાકભાજી તેમજ ફળોને સ્વચ્છ, ચેપ-મુકત રાખવા માટે પ્રવર્તમાન સંજોગોમાં, ફળો-શાકભાજી ઉપયોગમાં લેતાં પહેલાં, સુવ્યવસ્થિત રીતે સ્વચ્છ કરવા જરૂરી છે. શાકભાજીના પ્રકાર ધ્યાને લેતાં, તેને હુંફાળા ગરમ પાણીમાં ખાવાનો સોડા નાંખી તેમાં અથવા સાબુના પાણીમાં (જે યોગ્ય હોય તે મુજબ) રાખી, બરાબર ઘસી સાફ કરવું. ઉપર મુજબ ધોયેલ શાકભાજી, ફળો તે બાદ નળના સાદાપાણી નીચે ચોખ્ખાં સાફ કરવા. તે બાદ જ તેને રેફ્રીજરેટર સાચવણી માટે મુકવા.

(૧૧) દૂધ સાચવવા સ્વચ્છ, ચેપ-મુકત રાખવા માટે દૂધની કોથળી સાબુ પાણી-ડીટરજન્ટવાળા પાણીથી બરાબર સ્વચ્છ કરો. તે પછી દૂધની કોથળી નળના સાદા પાણીથી સાફ કરો. તે બાદ જ કોથળીમાંથી દૂધ તપેલીમાં લઈ, ઊભરો આવે ત્યાં સુધી ગરમ કરો. જો તમે દુધવાળા પાસેથી છુટક દૂધ લેતા હોય તો દૂધ વાસણમાં લેતી વેળા સલામત અંતર જાળવો. તે બાદ તુરંત જ દૂધ ઊભરો આવે ત્યાં સુધી ગરમ કરો.

(૧૨) ખાદ્ય પદાર્થો સ્વચ્છ, ચેપ-મુકત રાખવા માટે પાણી વડે સાફ ના કરી શકાય તેવા બહારથી લાવેલ ખાદ્ય પદાર્થો ખાસ સુરક્ષિત અલાયદી જગ્યામાં ૭૨ કલાક સુધી રાખી મુકો. પ્રવર્તમાન સંજોગોમાં દુધમાંથી બનાવેલી કોઈપણ વાનગી, વ્યંજન-સામગ્રી કે તેમાંથી બનાવેલ મીઠાઈ વિગેરે બજારમાંથી ના ખરીદો. જરૂર લાગે તે સામગ્રી ઘરે જ બનાવો.

(૧૩) રોગપ્રતિકારક શકિત વધારો. બાળકો, યુવા, વૃધ્ધ, મહિલા કે પુરુષો તમામે શરીરને કોઈપણ રોગ સામે તંદુરસ્ત રાખવું અનિવાર્ય છે. આ માટે રોગપ્રતિકારક શકિત (ઈમ્યુનિટી) કેળવવી જોઈએ.

નિયમિત યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન માટે દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનીટ ફાળવો. તુલસી પાન, મરી, સુંઠ, મુળેઠી, હળદરનો ઉકાળો દિવસમાં એક કે બે વાર લેવો. ગોળ અને લીંબુ પણ તેમાં સ્વાદ મુજબ ઉમેરી શકાય.

સરકારી જમીન અપાવવાના બહાને ઝીંગાના વેપારી સાથે લાખોની ઠગાઈ

વિશ્વાસ કેળવી વેપારી પાસેથી ૧૨ લાખ પડાવી લીધા

સુરત

પાર્લેપોઈન્ટ કેશવનગર ખાતે ઝીંગાનો ઉછેર કરતા એક વેપારી પાસેથી રૂા.૧૨ લાખ મેળવી પાછળથી ભાડા પટ્ટાની જમીન નહીં ફાળવી નાણાં નહીં પરત કરી વિશ્વાસઘાત કરનારા એખ આરોપી સામે ઉમરા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી. આ ગુનાની તપાસ ઉમરા પોલીસ મથકના પીએસઆઈ એલ.એમ. ચૌધરી કરે છે.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્લે પોઈન્ટ કેશવનગર ખાતે આરોપી સુકેશભાઈ ગુમા રહે છે.નાનાપુરા નિલ બંગલા ખાખી બાવાના મંદિર પાસે રહેતા અને છેલ્લા ત્રણેક વર્ષથી ઝીંગાનો ઉછેર કરતા રાજુભાઈ પ્રવિણભાઈ રેતીવાળાએ ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે જમીન લેવાની હતી. જેની લાલચ આરોપી સુકેશ ગુમાએ આફી હતી. આ જમીન નાવસારી-વાંકી બોરસી ખાતે ૫ હેક્ટર વાપી જમીન જે સરકારી છે. તે ભાડા પટ્ટે ફાળવી આપવાની લાલચ આરોપીએ રાજુભાઈ રેતીવાળાને આપી રૂા.૧૨ મેળવી લીધા હતા અને ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૧૭થી આજદિન સુધી જમીન નહીં ફાળવી તથા રૂપિયા પરત નહીં કરી રૂા.૧૨ લાખનો વિશ્વાસઘાત કરી આરોપી સુકેશ ગુમા ફરાર થઈ ગયો હતો. ઉમરા પોલીસે આઈપીસી ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો નોંધતા પીએસઆઈ એલ.એમ. ચૌધરી તપાસ કરે છે.

કોરોના સંક્રમણથી બચવાના પગલા અંગે ચેકિંગ કરાયું

બેદરકારી દાખવનાર લોકોને ૫૧ હજારનો દંડ

વલસાડ

વલસાડ જિલ્લાની પ્રજાજનોને કોરાનાના સંક્રમણથી બચવા માટે જિલ્લા કલેકટર આર.આર.રાવલે જાહેર અપીલ હતી. પરંતુ કોરોનાથી સાવચેત રહેતા બદલે લોકો નિયમોનો ભંગ કરતા માલુમ પડતાં કલેકટર શ્રી રાવલે કડક કાર્યવાહી અમલી બનાવી છે.

કોરાનાના સંક્રમણથી બચવા કડક પગલાંના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અધિકારી/કર્મચારીઓની સ્કો ર્ડ બનાવી ચેકિંગ હાથ ધરવામાં આવ્યુંઅ હતું. કોવિદના નિયમોનો ભંગ કે અનાદર સામે કાયદાકીય અનુસાર દંડ તથા દંડાત્મરક કાર્યવાહી કરતા આજે વલસાડ જિલ્લામાં રૂા.૫૧૨૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યોવ હતો. જેમાં વલસાડ ગ્રામ્યસમાં રૂા.૪૦૦૦/-, વલસાડ નગરપાલિકા વિસ્તા૦૨માં રૂા. ૮૪૦૦/- પારડી નગરપાલિકા વિસ્તાવરમાં રૂા.૨૭૦૦/-, પારડી ગ્રામ્યલમાં રૂા.૬૫૦૦/-, ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં રૂા.૨૧,૨૦૦/-, ઉમરગામ ગ્રામ્યો વિસ્તારરમાં રૂા.૬૨૦૦/-, અને વાપી ગ્રામ્યી વિસ્તા૨૨માં રૂા.૨૨૦૦/- નો સમાવેશ થાય છે.

વિવાદો વચ્ચે દ.ગુજરાતના કોંગ્રેસના ૪ ધારાસભ્યોને વલસાડના રિસોર્ટમાં અલગ રખાયા

વલસાડ

રાજયસભાની આગામી તા.૧૯મી જુનએ યોજાનારી ચૂંટણી અગાઉ દ.ગુજરાતમાંથી ચૂંટાયેલા કોંગ્રેસના ૬ પૈકી કપરાડાના કોંગી ધારાસભ્ય જીતુ ચૌધરી તથા કરજણના ધારાસભ્ય અક્ષય પટેલએ રાજીનામું આપી દેતા, બાકીના ૪ ધારાસભ્યોને સાચવવા માટે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વલસાડના કોંગી અગ્રણી ગૌરવભાઈ પંડયાને જવાબદારી સોંપી હતી. જે અંતર્ગત વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ, માંડવીના ધારાસભ્ય આનંદ ચૌધરી, વ્યારાના ધારાસભ્ય પૂનાજી ગામિત તથા ઉચ્છલના ધારાસભ્ય સુનિલ ગામિતને વલસાડના વશીયર ખાતે આવેલ શાંતિવન રિસોર્ટમાં રાખવાનું નક્કી કરાયુ. જે પૈકી અનંત પટેલ અને આનંદ ચૌધરી આજે વલસાડ આવી ગયાં છે. જયારે પૂનાજી ગામિત અને સુનિલ ગામિત સોમવારે મોડીરાત સુધીમાં અથવા મંગળવારે સવારે વલસાડ આવી જશે તેમ કોંગી સૂત્રએ જણાવ્યું છે.

કપરાડાના ધારાસભ્ય જીતુ ચૌધરીના રાજીનામાથી કોંગ્રેસ પક્ષમાં ખળભળાટ મચી ગયો છે. તેઓ રાજીનામુ આપે તેવા કોઈ આસાર જણાતા નહતાં. ખાસ કરીને ગૌરવ પંડયાના અત્યંત નજીક હોવાથી તેમને પૂછયા વગર કોઈ પગલું ન ભરશે તેવો પ્રદેશ કોંગ્રેસની નેતાગીરીને ગળા સુધી ખાતરી હતી. પરંતુ અણીના સમયે જીતુ ચૌધરી સહિત કોંગ્રેસના ૩ ધારાસભ્યોએ ગુલાંટ મારતા, રાજયસભાની ૪માંથી ૩ બેઠકો ભાજપને ફળે જશે તે લગભગ નિશ્ચિત થઈ ગયું છે. ત્યાં બીજી તરફ, કોંગ્રેસના ઉમેદવારો શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીમાંથી કોને રાજયસભામાં એન્ટ્રી મળશે તેને લઈને હવે કોંગ્રેસમાં ધમાસાણ ચાલુ થઈ ગયું છે. ત્યારે વલસાડમાં ગોઠવી દેવાયેલા ૪ ધારાસભ્યો કોંગ્રેસના બેમાંથી કયાં ઉમેદવારની તરફેણમાં છે તેને લઈને અનેક તર્ક-વિતર્કો વહેતા થયાં છે.

અમરોલીમાંથી ૧૪ વર્ષીય છોકરી અર્પિતા રાઠોડ ગુમા

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૪/૦૬/૨૦૨૦ ના રોજ કોસાડ આવાસ, એચ-૩, બિ.નં-૨૪૮/બિ/૧૮, અમરોલી સુરત ખાતે રહેતા ટીનાબેન વિજયભાઈ રાઠોડની ૧૪ વર્ષીય પુત્રી અર્પિતાબેન રાઠોડ પોતાના ઘરેથી દુકાને ચેવડો લેવાનું કહી કોઈને કઈ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામ વર્ણ, ઉંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે શરીરે ગુલાબી રંગની ટી-શર્ટ અને ભૂરા રંગનું જીન્સ પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

રાંદેરમાં રહેતી પરિણીતા છ વર્ષની દિકીર સાથે ગુમ

રાંદેર પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૬/૦૫/૨૦૨૦ ના રોજ ઘ. નં-૧૪૭ સુલતાનીયા જીમખાના રાંદેર, સુરત ખાતે રહેતા મોહમદ રૂસ્તમ ફેઝ મોહમદ મલેકની ૨૮ વર્ષીય બહેન હનીફાબીબી મોહસીન પઠાણ તેમની ૦૬ વર્ષીય પુત્રી મસીરા પઠાણ સાથે નવસારી ખાતે જાઉં છુ તેમ કહી અગમ્ય કારણોસર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામ વર્ણ, ઉંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે શરીરે કાળા રંગનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. તથા તેમની પુત્રી શરીરે પાતળા બાંધાની, રંગે ગોરા વર્ણ, ઉંચાઈ ૨.૦ ફૂટ છે તેમજ શરીરે લાલ રંગનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા રાંદેર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પલસાણાની મીલમાં ૭ કામદારો દાઝી ગયા

સુરત

પલસાણામાં વિવેકલીન ઈન્ડસ્ટ્રીઝ નામની ડાઈંગ મિલમાં બોઈલર ફાટવાની ઘટનામાં વરાળ ગરમ પાણીથી દાઝી ગયેલા સાત કામદારો હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તેઓની હાલત સુધારા પર તથા એકને રજા આપી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી અનુસાર પલસાણામાં વિવેકલીન ડાઈંગ મિલમાં ગઈકાલે બોઈલરનો પાઈપ ફાટવાથી વરાળ તથા ગરમ પાણીના ફુવારા ઉડ્યા હતા. જે ગરમ પાણીથી સાત કામદારો દાઝી ગયા હતા. ત્યારે તેઓને સંજીવની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સાત કામદારો સારવાર લીધા બાદ તેઓની હાલત હાલ સુધારા ઉપર હોવાનું તેમજ એક કામદારને રજા આપી દેવામાં આવી છે.

રોજગારી કચેરી દ્વારા મુલતવી રહેલી સેવા પુનઃ કાર્યરત કરાઈ

રિન્યુ ન કરાવી શકનાર ઉમેદવારોને હવે નોંધણી કરાવી શકશે

સુરત

પ્રવર્તમાન કોરોના વાયરસની મહામારીના કારણે સમગ્ર ભારતમાં તા.૨૫ માર્ચથી તા.૩૧મી મે દરમિયાન અમલી લોકડાઉનને કારણે રોજગાર કચેરીઓની સેવાઓ મુલતવી રહેતા મદદનિશ નિયામક (રોજગાર) તથા નર્મદ યુનિવર્સિટીના રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર ખાતે નામ નોંધણી કરાવેલા ઉમેદવારો કે જેમણે માર્ચ-૨૦૨૦ થી મે-૨૦૨૦ (વધારાના બે મહિનાના ગ્રેસ પિરીયડ સહિત) દરમ્યાન નામ નોંધણી રિન્યુ કરાવવાની હતી. પરંતુ લોકડાઉનના કારણે નિયત સમયમર્યાદામાં નામ નોંધણી તાજી કરાવી શક્યા ન હોય જેથી તમામ ઉમેદવારો તા.૩૧/૮/૨૦૨૦ સુધીમાં જે ઉમેદવારો નોંધણી કરાવી શકશે. જેથી નિયત સમય મર્યાદામાં મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી સુરત ખાતે તથા દ.ગુ.યુનિ.ના રોજગાર કેન્દ્ર ખાતે નામ નોંધણી રિન્યુઅલ કરાવી લેવી અન્યથા નામ નોંધણી રદ થશે. જેની જે તે ઉમેદવારેએ ખાસ નોંધ લેવા નાયબ વડા, યુ.ઈ.બી તથા મદદનીશ નિયામક (રોજગાર) જણાવાયું છે.

ધો.૧૦નું રાજ્યનું ૬૦.૬૪ ટકા પરિણામ ૭૪.૬૬ ટકા સાથે સુરત જિલ્લો મોખરે



ગત વર્ષની જેમ આ વર્ષે પણ ધો.૧૦ બોર્ડમાં સુરત અવ્વલ : એ-વન ગ્રેડમાં ૩૫૦ વિદ્યાર્થીઓ સમગ્ર રાજ્યમાં સુરતમાં સૌથી વધુ

સુરત

આજે ધો.૧૦ના વિદ્યાર્થીઓનું ૬૦.૬૪ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ સુરત જિલ્લો પ્રથમ ક્રમે આવ્યો છે. સુરત જિલ્લાનું બોર્ડનું પરિણામ ૭૪.૬૬ ટકા છે. સુરતનું પરિણામ સૌથી વધુ આવતા ધોરણ ૧૦નાં વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાયો છે.

ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી ધોરણ ૧૦ની પરીક્ષાના બોર્ડના પરિણામ જાહેર કરવામાં આવ્યાં છે. જેમાં કુલ ૬૦.૬૪ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સુરત જિલ્લાનું રાજ્યમાં સૌથી વધુ કુલ ૭૪.૬૬ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે સુરતી સ્ટુડન્ટસે રાજ્યભરમાં ડંકો વગાડતાં કુલ ૩૫૦ને છ-૧ ગ્રેડ મેળવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

ધોરણ ૧૦ની પરીક્ષામાં સુરત જિલ્લાને ગત વર્ષે માર્ચ ૨૦૧૯માં ૭૯.૬૩ ટકા પરિણામ પ્રાપ્ત થયું હતું. જેમાં આ વર્ષે પાંચ ટકા જેટલા ઘટાડા સાથે માર્ચ ૨૦૨૦માં લેવાયેલી પરીક્ષામાં કુલ ૭૪.૬૬ ટકા પરિણામ પ્રાપ્ત થયું છે. જે રાજ્યમાં સૌથી વધુ છે.

રાજયમાં સુરતના સ્ટુડન્ટસને સૌથી વધુ છ-૨ ગ્રેડ પ્રાપ્ત થયા છે. જેમાંથી માત્ર સુરતના જ ૪૫૮૫ સ્ટુડન્ટસને છ-૨ ગ્રેડ મળ્યાં છે. જે રાજયમાં છ-૧ની જેમ જ સુરત જિલ્લાના સૌથી વધુ છ-૨ ગ્રેડ ધારી સ્ટુડન્ટસ છે. સ્ટુડન્ટસની ઝળહળતી સફળતાના પગલે શાળા અને પરિવાર દ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. તો સ્ટુડન્સ સારા પરિણામ મેળવતાં ખુશીનો માહોલ છે.

ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરુચ સી ડીવીઝન પોલીસ



ભરુચ

પોલીસ મહાનિર્દેશક અભયસિંહ ચુડાસમા વડોદરા વિભાગ વડોદરા તથા ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી. પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પો. ઈ. ડી. પી. ઉનડકટની સૂચના મુજબ તેમજ ડીજીપીની પ્રોહી ડ્રાઈવના અનુસંધાને પો. સ્ટે. વિસ્તારમાં આવેલ રચનાનગર-૪ ખાતે રહેતા હિમાંશુ પ્રવિણભાઈ મિસ્ત્રીના ઘરે પ્રોહી રેડ કરતા વિદેશી દારૂની બોટલો નંગ ૫૨, કિંમત રૂા. ૨૬૦૦૦ તથા અંગઝડતીમાં મોબાઈલ નંગ ૧, કિંમત ૫૦૦ મળી કુલ્લે ૨૬૫૦૦નો પ્રોહી મુદ્દામાલ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સુરતમાં માતા-પિતાથી ૮ વર્ષથી દૂર રહી ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીએ મેળવ્યો A-1 ગ્રેડ

સુરત

ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી ધોરણ ૧૦ની પરીક્ષાના બોર્ડના પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સુરતના ૩૫૦ વિદ્યાર્થીઓએ છ-૧ ગ્રેડ મેળવ્યો છે. સુરતની આશાદીપ સ્કૂલમાં અભ્યાસ કરતી પ્રિયાંશી પ્રવીણ બોરડાએ ૫૭૩ માર્ક્સ સાથે છ-૧ ગ્રેડ મેળવ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ગામડે રહેતા શિક્ષક પિતા અને માતાથી છેલ્લા ૮ વર્ષથી દૂર રહેતી પ્રિયાંશી સુરતમાં કાકા સાથે રહી અભ્યાસ કરી રહી છે.

ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી ધોરણ ૧૦ની પરીક્ષાના પરિણામમાં સુરત જિલ્લાનું રાજ્યમાં સૌથી વધુ કુલ ૭૪.૬૬ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે સુરતી સ્ટુડન્ટસે રાજ્યભરમાં ડંકો વગાડતાં કુલ ૩૫૦ને એ-૧ ગ્રેડ મેળવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. જે પૈકી આશાદીપ સ્કૂલની ત્રણ બ્રાન્ચમાં ટોટલ ૪૩ વિદ્યાર્થીઓ A-1 ગ્રેડમાં



આવ્યા છે. આ વિદ્યાર્થીઓ પૈકી પ્રિયાંશી પ્રવીણ બોરડા પ્રથમ ક્રમે આવી છે. સૌથી વધુ ટકાવારી સાથે પ્રિયાંશીએ ૫૭૩ માર્ક્સ લાવી ત્રણેય બ્રાન્ચના વિદ્યાર્થીઓને પાછળ મુક્યા છે. મૂળ ગારીયાધારના પછેગામ ગામના રહેવાસી પ્રવીણ બોરડા પત્ની સાથે રહે છે અને ગામની જ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જયારે પ્રવીણભાઈના બંને સંતાન પ્રિયાંશી અને એક પુત્ર છેલ્લા ૮ વર્ષથી માતા-પિતાથી દૂર સુરત કાકા સાથે રહે છે. કાકા સાથે રહી અભ્યાસ કરી રહ્યા છે. પ્રિયાંશી આશાદીપ સ્કૂલમાં અભ્યાસ કરે છે. ૨૦૨૦માં લેવાયેલી ધોરણ ૧૦ની પરિક્ષામાં ટોપ કરવા માટે મહેનત કરી રહી હતી. જેમાં તે સફળ થઈ છે અને છ-૧ ગ્રેડ મેળવ્યો છે. પ્રિયાંશીએ જણાવ્યું હતું કે, મોટો ભાઈ ૨૦૨૦માં લેવાયેલી ધોરણ ૧૨ સાયન્સમાં ૬૫ ટકા સાથે પાસ થયો છે. તે સતત મને પ્રોત્સાહિત કરતો હતો. રોજનું ૧૦ કલાકનું વાંચન કરતી હતી. છ-૧ ગ્રેડ મેળવવાની ખુશી વ્યક્ત કરતા પ્રિયાંશીએ જણાવ્યું હતું કે, હવે આગળ સાયન્સ લઈને નાસામાં જવાની ઈચ્છા છે.

ગોટાલાવાડી ટેનામેન્ટ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના ઈજારદારને બ્લેક લિસ્ટ કરો

ઈજારદારે ૧૦ મહિનાથી ગરીબોને ભાડુ ચુકવ્યું નથી

સુરત

કતારગામ ઝોનના ગોટાલાવાડી ટેનામેન્ટ રીડેવલોપના ઈજારદારને બ્લેક લીસ્ટ કરવા અંગે કોર્પોરેટર અસલમભાઈ સાયકલ વાલાએ મ્યુનિ. કમિશનરને કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષો જુના જર્જરીત થયેલા ટેનામેન્ટોને રી-ડેવલોપમેન્ટ કરવાના પીપીપી ધોરણે જે પ્રોજેકટ અલથાણ, આંજણા, ડુંભાલ અને ગોટાલાવાડી ખાતે પ્રગતિ હેઠળ સકારાત્મક વાતાવરણમાં શરૂ થયેલ તે પૈકી કતારગામ ઝોનના ગોટાલાવાડી ટેનામેન્ટના ઈજારદારે શરૂઆતથી જ પોતાની રાજકીય વગના કારણે પ્રોજેકટ બાબતે ગેરરીતિ કરી સુરત મહાનગરપાલિકા અને આવાસ લાભાર્થીઓનું નાક દબાવવા સિવાય બીજો કોઈ કાર્ય કરી શકયો નથી. આ પ્રોજેકટના ઈજારદારે કોઈને કોઈ સમસ્યા ઉભી કરી આવાસ લાભાર્થીઓને સમયસર ભાડું આપવામાં હંમેશા ગલ્લાતલ્લા જ કર્યા છે. છેલ્લા ૧૦ મહિના કરતા વધુ સમયથી ગરીબ-મધ્યમ વર્ગના આવાસ લાભાર્થી પરીવારોને ભાડું નહિ ચુકવીને સુરત મહાનગરપાલિકાના સમગ્ર વહીવટને શર્મજનક પરિસ્થિતિમાં મુકી દીધા છે. પ્રોજેકટની શરૂઆતથી જ આ ઈજારદાર સુરત મહાનગરપાલિકાના તંત્રને ભાજી-મુળા સમજી પોતાની મનમાની કરતો આવ્યો છે અને સુરત મહાનગરપાલિકાનો સમગ્ર તંત્ર આ ઈજારદાર સામે હંમેશા "ચરણમં શરણમ ગચ્છામિ કરતો હોય એવું આજદિન સુધી થયું છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદ ઉધનામાં બે, લીંબાયત અને અઠવામાં એક-એક ઈંચ વરસાદ

સુરત શહેરના અન્ય વિસ્તારોમાં હળવો વરસાદ

સુરત

ગઈકાલે રાત્રિથી સમગ્ર સુરત શહેરને મેઘરાજાએ તરબોળ કરી નાંખ્યું છે. સતત વરસતા વરસાદને કારણે સુરત શહેરના વાતાવરણમાં પલટો આવી ગયો છે. વરસતા વરસાદને કારણે વાતાવરણમાં આહલાદક ઠંડી પ્રસરી ગઈ છે. સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા વરસી રહ્યા છે.

સુરત ફલડ કન્ટ્રોલના જણાવ્યા મુજબ સુરત શહેરના ઉધના ઝોન વિસ્તારમાં ૬૦મીમી અને લીંબાયત ઝોનમાં ૨૭મીમી, અઠવા ઝોનમાં ૨૫મીમી તથા સેન્ટ્રલ ઝોનમાં ૩મીમી, વરાછા-એ ઝોનમાં ૩મીમી બી ઝોનમાં ૪મીમી, રાંદેર ઝોનમાં ૨મીમી, કતારગામ ઝોનમાં ૩મીમી વરસાદ નોંધાયો હતો. આ વરસાદ સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.

વ્યારા ફલડ કન્ટ્રોલના જણાવ્યા મુજબ ડોલવણમાં ૨મીમી વરસાદ નોંધાયો છે.આહવા-ડાંગ પંથકમાં વિતેલા ૨૪ કલાકમાં વઘઈમાં ૩મીમી, સુબીરમાં ૧મીમી વરસાદ નોંધાયો હતો.

નવસારી જિલ્લામાં ખેરગામ ૧મીમી, ડોલવણમાં ૨મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે નવસારીમાં ઝરમર-ઝરમર વરસાદ ચાલુ છે.

સુરતનાં રઘુવીર માર્કેટમાં મોડી રાતે ભીષણ આગ લગતા દોડધામ

સુરત

સુરતના પુણા કુંભરીયા રોડ પર આવેલી રઘુવીર માર્કેટમાં મોડી રાતે અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. આગની જાણકારી મળતા ફાયરની ૧૫ જેટલી ગાડી બનાવવાળી જગ્યા પર પોહચી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે આજથી ૬ મહિના પહેલાં એટલે કે, ૨૧ જાન્યુઆરીએ પણ આ જ માર્કેટમાં ભીષણ આગ લાગી હતી. સુરતના કુંભારીયા રોડ પર આવેલી છે રઘુવીર માર્કેટમાં આજથી ૬ મહિના પહેલાં એટલે ૨૧ જાન્યુઆરીનાં રોજ આગ લાગી હતી ત્યારે ફરી મોડી રાત્રે આજ માર્કેટમાં અચાનક ભીષણ આગ લાગી હતી. જોકે આગની જાણકારી મળતા સુરત ફાયર સ્ટેશનની ૧૫ કરતા વધુ ગાડી બનાવવાળી જગ્યા પર પોહચીને આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે આ આગને કારણે કોઈ જાનહાનની થઈ નથી.

આ જ માર્કેટમાં એક વર્ષ પહેલાં સવારે ૪ વાગે લાગેલી આગની જાણકારી મળતા ફાયર વિભાગ પોહચીને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આગ એટલી વિકરાળ હતી કે સુરતનાં તમામ ફાયર ફાઈટર સાથે સુરત નજીક સચિન પલસાણા કડોદરા બારડોલી અને હજીરા વિસ્તારના ફાયરની મદદ લેવામાં આવી હતી. જોકે આગને લઈને આખી માર્કેટ સળગતી હોવાને લઈને એનડીઆરએફની પણ મદદ લેવામાં આવી હતી. અંદાજિત ૪ કરોડ લીટર પાણી સાથે ૭૦ ફાયટર અને ૩૦૦ ફાયર કર્મચારી ની મદદ ને પગલે ૨૪ કલાક બાદ આગ કાબુમાં આવી હતી. આ બિલ્ડિગમાં લાગેલા એલિવેશનને લઈને ફાયર વિભાગને ખૂબજ મહેનત કરવી પડી હતી.

૨૪ કલાક ચાલેલી આગને કારણે આ માર્કેટની હાલત બિસ્માર થઈ ગઈ હતી. અંદર સ્લેપના પોપડા પણ ખરી પાળ્યા હતા અને આ મિલકત જોખમી હોવાને લઈને તંત્ર દ્વારા આ મિલકત ને તાતકાલિક અસરથી સીલ મારવામાં આવી હતી અને આ બિલ્ડિગમાં પ્રવેશ દ્વારા પર તંત્ર દ્વારા ચેતવણી આપતા બેનર પણ લગાવામાં આવ્યા છે અને લોકોને આ મિલકત ભયજનક હોવાને લઈને આ મિલકત માં પ્રવેશ નહિ કરવાની ચેતવણી આપવામાં આવી છે. આગામી એકાદ બે દિવસમાં આ માર્કેટ ઉતારી પાડવાની કાર્યવાહી પણ શરુ કરવામાં આવી. આજે ફરી એકવાર આગની ઘટના લઈને તંત્ર સાથે માર્કેટના વેપારી દોડતા થઈ ગયા હતા.

પરિણીતાની છેડતી કરી હુમલો કરાયો

સુરત

લાલગેટ-શાહપોર વિસ્તારમાં રહેતી એક પરિણીતાના કપડા ખેંચી તથા શારીરિક છેડતી કરી માર મારી આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ લાલગેટ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લાલગેટ-શાહપોર વિસ્તારમાં પરિણીતા રહે છે. આરોપી હફીઝ હદદાદ, કાલુ હદદાદ, ભૂર્યા હફીઝ તથા બાગઝા હાઉસ ખાતે રહેતા અબરાર ઉર્ફે સમીર હદાદ વગેરેઓએ એકબીજાની મદદગારી કરી પરિણીતાના કપડા ખેંચી શારીરિક છેડતી કરી માર મારી ફરાર થઈ ગયા હતા. લાલગેટ પોલીસે છેડતી તથા મારામારીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત શહેરમાં રીકવરી રેટ ૬૩.૫ અને મૃત્યુ દર ૩.૯ ટકા નોંધાયો

સુમન પધ્ધતિથી હાથ ધોવા જરૂરી છે : મ્યુનિ. કમિશનર

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૮ જુનના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રીકવરી રેટ ૬૩.૫ ટકા થયો છે. આજે ૪૩ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૩૮૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. સુરતમાં કુલ ૮૫ દર્દીઓના મૃત્યુ નોંધાયા છે. ૩.૯ ટકા મૃત્યુ દર છે. બે વસ્તુથી આપણે ચેપથી દુર રહી શકીએ એક તો માસ્ક પહેરવા અને બીજુ મો પર હાથ ન અડકે તે ખૂબ જ જરૂરી છે એમ શ્રી પાનીએ કહ્યું હતું.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકાને સુમન પણ કહેવામાં આવે છે. હાથ ધોવાની રીત પણ સુમન રીતે અપનાવીએ તો ચેપથી બચી શકાય છે. સુ એટલે હાથનો શરૂઆતનો ભાગ મ એટલે હાથનો મધ્ય ભાગ અને ન એટલે નખને સારી રીતે ધોવા જોઈએ.

આજે ૧ લાખ ૧૦ હજાર કરતા વધુ લોકોને હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. મંદિરો કે અન્ય ધાર્મિક સ્થળોમાં જાય ત્યારે સેનેટાઈઝેશન અને સોશિયલ ડિસ્ટન્સ રાખવામાં આવે. કોવિડ હોસ્પિટલમાં સારવાર કરી રહેલા કોરોના વોરિયર્સ ખુબ જ જટીલ પરિસ્થિતીમાં કામ કરે છે તેથી આપણે પણ તમામ તકેદારી રાખીએ અને કોરોના વોરિયર બનીએ.

આજની સ્થિતિએ ૭૨૫૭ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૪૪૦ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૮૮ લોકો છે. ૧૫૫૦ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૫૫ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો જાય છે તેથી તેની સંખ્યા વધારવામાં આવી છે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

નોંધનીય છે કે,સુરત શહેરના ૨૧૬૬ અને જિલ્લાના ૧૭૭ કેસો મળી કુલ ૨૩૪૩ કેસો નોંધાયા છે

ડુમસમાં સાવકા પિતા દ્વારા નવ વર્ષની દિકરી પર બળાત્કાર

સુરત

ડુમસ વિસ્તારમાં આવેલી એક એબીજી કંપનીની કોલોનીમાં કુવા પર પાણી ભરવા ગયેલી એક નવ વર્ષની સગીરા સાથે બળાત્કાર ગુજારી આરોપી અને સાવકો પિતા ફરાર થઈ ગયો હોવાનો બનાવ ડુમસ પોલીસ મથકે નોંધાતા ડુમસ પોલીસે બળાત્કાર અને પોક્સોનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઝારખંડનો વતની અને હાલમાં મગદલ્લા પોર્ટ પર આવેલી એબીજી કંપનીમાં નોકરી કરતા સાવકા પિતાએ ૯ વર્ષની પુત્રી સાથે અગાઉ પણ બે ત્રણ વાર બળાત્કાર ગુજાર્યો હતો. ગતરોજ સગીર પુત્રી એબીજી કંપનીના ક્વાર્ટસ પાસે આવેલા કુવા પરથી પાણી ભરવા ગયેલી હતી. ત્યારે તેની એકલતાનો લાભ લઈ ઘરમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. આરોપી અને સાવકો પિતા ૪૦ વર્ષનો છે અને એબીજી કંપનીમાં સિક્યુરિટી જવાન તરીકે નોકરી કરતો હતો. આ અધમકૃત્ય કરતો હતો. ત્યારે તેની માતા અચાનક આવીને જોઈ જતા મામલો ડુમસ પોલીસ મથકમાં પહોંચતા ડુમસ પીઆઈ રાહુલ પટેલે સાવકા પિતા સામે બળાત્કાર અને પોક્સોનો ગુનો નોંધી ધરપકડ કરી હતી.

સુમન ઓકે પદ્ધતિ મુજબ ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવા જરૂરી

સુરત

કોરોના વાયરસથી બચવા માટે હાલમાં કોઈ દવા રસી શોધાઈ નથી. જેથી આ મહામારીથી બચવા માટે સામાજીક અંતર રાખવું , માસ્કનો ઉપયોગ કરવો તથા વારંવાર સાબુથઈ હાથ ધોવા અથવા સેનીટાઈઝ કરવા ખૂબ જ જરૂરી છે. માન. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ કોરોનાથી બચવા વારંવાર સાબુથી હાથ ધોવા બાબતે એક સરળ પદ્ધતિ આપી છે. જે પધ્ધતિને લોકો પોતાની આદલ બનાવી શકે અને કોરોનાથી બચી શકે. શહેરીજનોએ સુરત મહાનગરપાલિકાને સુમન ઓકે તરીકે યાદ રખવાનું રહેશે. જેમાં એસ-સીધા હાથ, યૂ- ઉલટા (ઉંધા) હાથ, એમ- મધ્ય (હાથ નો મધ્ય ભાગ), એ-આંગળીઓ, એન- નખ અને ઓકે-કાંડું (કલાઈ) ને ધોવાનો સમાવેશ થાય છે. આમ સુરત મહાનગર પાલિકાની આ સરળ પધ્ધતિ યાદ રાખી ૨૦સેકન્ડ સુધી સાબુથી હાથ ધોવા અથવા સેનીટાઈઝ કરવાથી આપણે કોરોનાના ચેપથી રક્ષણ મેળવી શકીશું અને કોરોનાને નિયંત્રિત કરી આપણે સ્વયંને તથા આપણા શહેરને કોરનામુક્ત કરવામાં સફળ થઈ શકીશું

સ્મીમેરમાં મે મહિનામાં ૪૮૨૯ ઈન્ડોર દર્દીઓની સારવાર

એક મહિનામાં ૩૦ હજાર જેટલા આઉટડોર દર્દીઓ નોંધાયા

સુરત

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૨૦ દરમ્યાન ૪૮૨૯ ઈન્ડોર તથા ૨૯૮૮૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૧૯૩૩ નાના તથા ૪૬૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૧૪૪૯૦ એક્ષ-રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૧૧૦૫ અને જુના ૬૪૮ દર્દીઓ સહીત કુલ ૧૭૫૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૫૦૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૮૩૩ તથા આંખ વિભાગમાં ૧૦૦૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૬૦૧૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા

નર્મદા જિલ્લાનુ ધો.૧૦નું ૬૧.૦૧ ટકા પરિણામ

ગતવર્ષ ૨૦૧૯ ના પરિણામ કરતાં આ વર્ષે ૫.૫૫ ટકા ઓછુ પરિણામ આવતાં વાલી વિદ્યાર્થીઓમાં નિરાશા : A1 ગ્રેડ મા માત્ર ૩ જ વિદ્યાર્થી પાસ થયા

જીલ્લા મા ૧૦૦ ટકા પરિણામ વાળી ૯ શાળા જયારે ૧૦ ટકા થી પણ ઓછા પરિણામ વાળી ૪ શાળાઓ : રાજય મા ધો.૧૦ નુ માત્ર ૬૦.૬૪ %પરિણામ

રાજપીપળા

રાજયમાં ધોરણ ૧૦નું નિરાશાજનક પરિણામ આવ્યું છે. આજે ધોરણ ૧૦નું ૬૦.૬૪ ટકા પરિણામ આવતા વિદ્યાર્થીઓ નિરાશ થયા છે. સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર સપ્રેડા ૯૪.૮૭ ટકા પરિણામ આવેલ છે. તો સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર રૂવાબારીનું ૧૪.૦૯ % આવેલ છે. આજે રાજયમાં સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો સુરત બન્યો હતો જેનું પરિણામ ૭૪.૬૬% આવેલ છે. ઓછું પરિણામ ધરાવતો જિલ્લો દાહોદનું પરિણામ ૪૭.૪૭% આવ્યું છે.

નર્મદા જિલ્લા ના પરિણામ ની વાત કરીએ તો ૬૧.૦૧ ટકા જેટલું નીચું પરિણામ નર્મદા જિલ્લાનું આવ્યું છે, જે ગત વર્ષ કરતાં ૫.૫૫ ટકા જેટલું ઓછું હોઈ વિદ્યાર્થીઓ સહિત વાલીઓમાં ચિંતાજનક બન્યુ હતું.૨૦૧૯ ના વર્ષ માં જીલ્લા નુ પરીણામ ૬૬.૫૬ ટકા આવ્યુ હતુ.

નર્મદા જિલ્લામા ધો.૧૦ ની પરીક્ષા માટે ૬૭૮૭ વિદ્યાર્થી ઓ ઉપસ્થિત રહ્યા હતા.જેમાંથી A1ગ્રેડ મા માત્ર ૩ વિદ્યાર્થી પાસ થયા છે.A2 ગ્રેડ મા ૬૫, B1 ગ્રેડ મા ૨૩૭,B2 ગ્રેડ મા ૬૩૫,C1 ગ્રેડ મા ૧૪૬૫,C2 ગ્રેડ મા ૧૪૭૦,D ગ્રેડ મા ૨૫૩,E1 ગ્રેડ મા ૧૩૮૦ અને E2 ગ્રેડ મા ૧૨૬૪ વિદ્યાર્થીઓ આવ્યા હોવાનું જાણવા મળ્યું છે .

નર્મદા જિલ્લા ની શાળાઓના પરિણામ ની વાત કરીએ તો ૧૦ ટકાથી પણ ઓછું પરિણામ લાવનાર ૪ શાળાઓ છે જયારે ૩૦ ટકા થી પણ ઓછું પરિણામ લાવનાર કુલ ૧૯ શાળાઓનો સમાવેશ થાય છે.જયારે ૧૦૦ ટકા પરિણામ લાવનારી ૯ શાળાઓનો સમાવેશ થાય છે.

ઝઘડિયા તાલુકાના વણાકપોર ગામે જોરદાર વરસાદ અને વાવાઝોડાના કારણે કેળના થળિયા પડી જવાથી ખેડૂતોને નુકશાન



તસવીર : નિમેષ ગોસ્વામી

ઝઘડીયા

હવામાન વિભાગની આગાહી મુજબ બે દિવસ અગાઉ જોરદાર વરસાદ અને નિસર્ગ વાવાઝોડાની અસરના કારણે ભારે પવન ફુંકાવાના થી વણાકપોર ગામના ખેડૂતોના કેળના પાકને મોટૂ નુકશાન , ખેડુતોના ખેતરમા કેળના ઉભા થળીયા પડીજવાથી તૈયાર પાકને નુકશાન થતા જગતના તાતને માથે મોટી આફત આવી છે, અગાઉ પણ લોકડાઉનના કારણે ખેડૂતોના તૈયાર પાકનું નિકાલ ના થતા તેમજ મળના ૩૦ રૂપિયાથી પણ ઓછાં ભાવો મળવાના કારણે ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો ત્યારબાદ જોરદાર વરસાદ સાથે ભારે પવન ફુંકાવાના કારણે ખેતરોમાં કેળના ઉભા થળીયા પડી જવાથી તેમજ ઓછા ભાવના કારળે નુકશાન થતા ખેડુતો દ્વારા સરકાર શ્રી પાસે વળતરની માંગળી કરવામા આવી.

બિરસા મુંડાની પુણ્ય તિથિ નિમિત્તે રાજપીપળા મિત ગ્રુપ દ્વારા બ્લડ ડોનેશન કરી શ્રદ્ધાંજલિ અપાઈ



તસવીર : ભરત શાહ

બીરસા મુંડા ઝારખંડના સ્વાતંત્ર સેનાની ક્રાન્તીકારિ હતા, બીરસા મુંડાએ ૨૬ વર્ષની ઉમરથી અંગ્રેજો સામે ઘણી વાર લડતો લડી હતી અને ઘણીવખત તેઓની ધડપકડ પણ થઈ હતી

રાજપીપળા

ભગવાન બિરસા મુંડા ની ૧૨૦ મી પુણ્યતિથિ નિમિત્તે રાજપીપળાના સેવાભાવિ મિત ગ્રુપના આદિવાસી યુવકો દ્વારા સ્વૈચ્છિક રકતદાન કરી માનવતા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મિતગ્રુપ દ્વારા સતત ૫ વર્ષ થી અત્યાર સુધી ૧૮૦૦ ની ઉપર ફક્ત ઈમરજન્સી માં રકતદાન કરી આદિવાસી સમાજ માં સેવા પૂરી પાડી છે,ત્રણ વાર બ્લડ કેમ્પ પણ કર્યા છે તથા દવાખાના માં કોઈ સેવા હોય તથા સમાજને લગતી તમામ સેવા માં હંમેશા આગળ હોય છે.આજે કોરોના જેવા કપરા સમય માં પણ ભૂખ્યા ને ભોજન તથા જરૂરિયાત મંદ ને કીટ આપી સેવા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે ત્યારે બિરસામુંડાજી એ આઝાદી પહેલા અંગ્રેજો સામે કેટલીક લડાઈયો લડી બે વર્ષ જેલ માં રહ્યા તથા તેમનું જેલ માંજ રહસ્યમય મૃત્યુ થયું હતું. તથા તેઓ જર્મન મિશન સ્કૂલ માં ભણ્યા હતા અને અને સમાજ ને જાગૃત કરવા ઘણા પ્રયાસો કર્યા હતાં .આજે પણ આદિવાસી સમાજ તેમને યાદ કરે છે અને આજે તેમની જયંતી નિમિતે મિત ગ્રુપે આદિવાસી સમાજને જાગૃત કરવાનું કામ કર્યું છે.આજે ફરી કંજાલના હરિભાઈ સોમાભાઈ વસાવા ને ઈમરજન્સી માં બ્લડ આપી સેવા પુરી પાડી છે .જેમાં મિત ગ્રુપના પ્રમુખ જીજ્ઞેશ વસાવા,આશિષ વસાવા, આકાશ વસાવા તથા આશુતોષ તડવી જમણે પ્રથમ વાર રક્તદાન કર્યું હોય તેથી આ યુવાનો નો આદિવાસી સમાજ તથા મિત ગ્રુપે આભાર માન્યો હતો.

નર્મદા ડેમમાં પાણીની સપાટી માં સતત વધારો નોંધાયો : સપાટી ૧૨૫.૯૭ મીટરે પહોંચી



રાજપીપળા

ગુજરાતમાં પણ ચોમાસા ની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે ગુજરાતીઓ માટે સારા સમાચાર આવ્યા છે,ગુજરાતની જીવાદોરી એટલે નર્મદા ડેમ કે જેનું પાણી છેક કચ્છ સુધી પોહચાડવામાં આવે છે નહેરો મારફતે જેથી ગુજરાત માં પાણી ની અછત સર્જાતી નથી

ગયા ચોમાસા માં નર્મદા ડેમ માં દરવાજા બંધ કરાયા બાદ પાણી નો વિપુલ જથ્થો સંગ્રહ થવાથી હાલ ઉનાળા માં પાણી ની મોટાભાગ ના વિસ્તારમાં સમસ્યા સર્જાઈ નથી જ્યારે હાલ મધ્યપ્રદેશ ના ઉપરવાસ માં વરસાદ પડી રહ્યો છે જેના કારણે સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ધરખમ વધારો થયો છે.

કેવડિયામાં આવેલા સરદાર સરોવર ડેમમાં ઉપરવાસમાંથી પાણીની આવક સારી થઈ છે.અને પાંચ દિવસમાં ડેમની સપાટી ત્રણ મીટર જેટલી વધી છે.જેથી હાલ ડેમની સપાટી ૧૨૫.૯૭ મીટર પર પહોંચી છે.ઉપરવાસમાંથી ૪૬૦૧૦ ક્યુસેક પાણીની આવક થઈ છે જેની સામે ૯૯૬૩ ક્યુસેક પાણી કેનાલ હેડ પાવર હાઉસ દ્વારા છોડાઈ રહ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે હાલ ડેમ માં પુષ્કળ પ્રમાણ માં પાણી નો જથ્થો ઉપલબ્ધ છે જો ઉપરવાસ માંથી સતત પાણી ની આવક થશે તો ગતવર્ષ ની જેમ નર્મદા નદી માં ભરપૂર પાણી આવશે.

એસએસસી બોર્ડનું પરિણામ જાહેર થતાં રાજપારડી પાણીની પ્રજ્ઞા પરબ શાળાનું પરિણામ ૮૨% આવ્યુ





પ્રથમ ક્રમ પટેલ હેત્વી કિરણકુમાર | દ્વિતીય ક્રમ પટેલ લીશા રાકેશભાઈ | તૃતીય ક્રમ પટેલ ખુશી ચેતનકુમાર

ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામની પાણિની પ્રજ્ઞા પરબ શાળાનું ૮૨ % ટકા પરિણામ આવ્યું છે જેમાં પ્રથમ ક્રમે પટેલ હેત્વી કિરણકુમાર તેઓના ૯૮.૧૫ પર્સન્ટાઈલ રેન્ક તથા બીજા ક્રમે પટેલ લિશા રાકેશભાઈ જેઓના ૯૭.૧૩ પર્સેન્ટાઈલ રેન્ક અને ત્રીજા ક્રમે પટેલ ખુશીબેન ચેતનકુમાર જેઓના ૯૬.૧૩ પર્સન્ટાઈલ રેન્ક આવતા વિદ્યાર્થીઓ મા ઉત્સાહ જોવા મળયો હતો રાજપારડી પાણીની પ્રજ્ઞા પરબ શાળાના વિદ્યાર્થીઓએ ઉચા ક્રમે પાસ થઈને પાણિની પ્રજ્ઞા પરબ શાળાનું નામ રોશન કર્યું છે કોરોના મહારામરીના કારાળે શાળાઓ બંધ છે જેથી પાણીની પ્રજ્ઞા પરબ શાળા દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવશે તેમ શાળાના આચાર્યએ જણાવ્યુ હતુ.

પ્રોહીબીશનના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ

ભરુચ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અનુસંધાને જીલ્લામાં દારૂ/જુગારની ગે.કા.ની પ્રવૃતી અટકાવવા સારૂ ભરૂચ જીલ્લામાં પ્રોહી ડ્રાઈવ નું આયોજન કરેલ તેમજ જીલ્લામાં બનેલ પ્રોહી.ના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગેની ડ્રાઈવ અનુસંધાને પો.સ.ઈ. બી.ડી.વાઘેલાનાઓ ના માર્ગદર્શન હેઠળ ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમના માણસો ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી આધારે ભરૂચ શહેર



'એ' ડીવીઝન પોસ્ટ ના ગુનાના કામે પોલીસ ધરપકડથી નાસતો ફરતો આરોપી રાહુલ ઉર્ફે બાલીયો કનુભાઈ મકવાણા રહે દાંડીયા બજાર લોઢવાડનો ટેકરો તા.જી.ભરૂચનાને દાડીયા બજાર અંબાજી મંદીર ખાતેથી આજરોજ તા.૦૯/૦૬/૨૦૨૦ નારોજ હસ્તગત કરવામાં આવેલ છે. અને હાલની કોરોના વાયરસ (COVID-19) મહામારી ની પરિસ્થિતિ ના કારણે સંક્રમણ અટકાવવા સારૂ તેમજ આરોપી નો COVID-19 ટેસ્ટ કરાવવા સારૂ તેમજ આગળની કાર્યવાહી કરવા ભરૂચ શહેર 'એ' ડિવિ પો.સ્ટે. સુપ્રત કરવામાં આવેલ છે.

દેડીયાપાડા બેન્ક ઓફ બરોડા બહાર ગ્રાહકો માટે બાંધેલો મંડપ કાઢી નંખાતા ગરમીમાં ગ્રાહકોની દયનીય હાલત

ગરમી સહન ન થતા જગ્યા પરજ જમીન પર બેસતા તેમજ લાઈનમાં ઉભા રહેલા ગ્રાહકો દ્વારા સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા



તસવીર : ભરત શાહ

અન્ય ઘણી બેન્કોમાં પણ મંડપ ની સુવિધા ન હોવાથી ગ્રાહક ગરમીમાં ગ્રાહકો પરેશાન

રાજપીપળા

દેડીયાપડાના લીમડા ચોક પાસે આવેલી બેંક ઓફ બરોડા દ્વારા ગ્રાહકો માટે છેલ્લા ઘણા વખતથી મંડપ ઉભો કરવામાં આવ્યો હતો તેથી લાઈનમાં ઊભા રહેતા ગ્રાહકો ને મોટી રાહત હતી પણ હાલમાં બેન્ક સત્તાધીશો એ મંડપ કાઢી નાંખતા ગરમીમાં કલાકો સુધી લાઈનમાં ઊભા રહેતા ગ્રાહકોની દયનીય હાલત જોવા મળી રહી છે. સવારથી લાઈનમાં ઊભા રહેતા આદિવાસી વિસ્તાર ના ગ્રાહકો ગરમી માં બેસવા સર્કલમાં પોતે ઊભા રહેવાને બદલે જમીન ઉપર બેસવા મજબુર બન્યા છે જ્યારે કેટલાક લાઈનમાં ઉભા હોય પરંતુ સોશિયલ ડિસ્ટન્સ જળવાતું ન હોવાનું જોવા મળ્યું હતું.આમ આ બેંકમાં સોશિયલ ડિસ્ટન્સના રીતસરના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા.ટોળે વળતા ગ્રાહકો સોશિયલ ડિસ્ટન્સ નું પાલન કરતા ન હોય કોરોના સંક્રમણ વધવાની શક્યતા ઓ જણાઈ રહી છે.ઉપરાંત દેડિયાપાડાની અન્ય બેન્ક માં પણ સોશિયલ ડિસ્ટન્સ જળવાતું ન હોવાનું વારંવાર જોવા મળવા છતાં બેરોકટોક નિયમોનું ઉલ્લંઘન બાદ પણ તંત્ર જાણે આંખે પાટા બાંધી કોરોના સંક્રમણ વધવાની રાહ જોતું લાગે છે.ત્યારે શું આ લોકોને ભગવાન ભરોસે છોડી મુક્યા હોય એમ સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા COVID વોરીયરને ભરૂચ પોલીસે શ્રધ્ધાંજલી આપી



ભરૂચ પોલીસ અધિક્ષકની ઉપસ્થિતીમાં અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા અનામેં હે.કો મુકેશભાઈ સોમાભાઈ બ.નં.૫૫૯૭, એલ-ટ્રાફીક પોલીસ સ્ટેશન તથા પોલીસ ગાંધીનગરની કચેરીના ઈ– શાખામાં ફરજ બજાવતા જુનીયર કલાર્કે હિરેનભાઈ વિષ્ણુભાઈ પ્રજાપતિ નાઓનું કોવીડ – ૧૯ સંક્રમણ સંદર્ભે ફરજ દરમ્યાન કોરોના સંક્રમણના કારણે તારીખ ૮/૬/૨૦૨૦ ના રોજ સારવાર દરમ્યાન અવસાન થયેલ છે. જેથી સ્વર્ગસ્થ કોરોના વોરીયર્સેને ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી તથા ભરૂચ જીલ્લાના તમામ પોલીસ સ્ટેશન તથા તમામ કચેરીમાં ફરજ બજાવવતા તમામ પોલીસ અધિકારી/કર્મેચારીઓ દ્વારા આજ રોજ તારીખ ૯/૬/૨૦૧૦ ના રોજ ૧ મીનીટ મૌન પાળી, શ્રધ્ધાજલી આપવામાં આવેલ છે.

સુરતમાં નવા ૬૩ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૨૪૧૯ પર પહોંચ્યો, વધુ બેના મોત અને ૪૩ ડિસ્ચાર્જ થયા

શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૮૯ અને રિકવર થનાર દર્દીઓની ૧૫૧૯ પર પહોંચી ગઈ છે : સુરત શહેરની સાથે જિલ્લામાં પણ કોરોના પોઝિટિવના કેસમાં વધારો, આંક ૧૮૧ થયો

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૬૩ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૨૪૧૯ થઈ ગઈ છે. વધુ બેના મોત થતા શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૮૯ થઈ ગયો છે. શહેરના ૩૯ અને જિલ્લાના ૪ મળી કુલ ૪૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. જેથી રિકવર થનાર દર્દીઓની સંખ્યા ૧૫૧૯ પર પહોંચી ગઈ છે.

શહેરમાં ૫૯ અને જિલ્લામાં ૪ કોરોનાના કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ કતારગામ ઝોનમાં ૨૦ કોરોનાના કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૧૦, વરાછા-એ ઝોનમાં ૫, વરાછા-બી ઝોનમાં ૧, રાંદેર ઝોનમાં ૩, લિંબાયત ઝોનમાં ૧૪, ઉધના ઝોનમાં ૨ અને અઠવા ઝોનમાં ૪ કેસ નોંધાયા છે.

વરાછામાં મોબાઈલની દુકાન ધરાવતા દુકાનદારને કોરોનાના લક્ષણો બાદ સોમવારે રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે એક ઈલેક્ટ્રિશિયન તેમજ પાનના ગલ્લા વાળા અને ફુટ વિક્રેતાનો પણ કોરોનાના લક્ષણો બાદ સોમવારે રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

નવી સિવિલ હોસ્પિટલ ખાતે આવેલી કોવિડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આવે છે. છેલ્લા ચાર દિવસમાં કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવતા ૫ તબીબો સંક્રમીત થયા છે. તેવી જ રીતે નર્સિંગ સ્ટાફ પણ સંક્રમીત થયો છે. ત્યારે હવે સોમવારે કોવિડ ૧૯ હોસ્પિટલમાં સફાઈ કામગીરી કરતા સફાઈ કામદારને પણ ચેપ લાગ્યો છે. કોરોનાના લક્ષણો બાદ સફાઈ કામદારનો સોમવારે રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ભીમરાડ ખાતે આવેલા તિરૂપતી શ્યામવિલા ખાતે નોકરી કરતા વોચમેનને કોરોનાના લક્ષણો જણાતા તપાસ કરાવી હતી જેનો રિપોર્ટ સોમવારે પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે ઉધના વિસ્તારમાં નાસ્તાની લારી ચલાવનારનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.